શિવ

॥ૐ॥

સુકાવ્ય-સંજીવની

પ્રથમ ભાગ.

आर्य साहित्य संशोधन
'शोध' 'रक्षा' 'विस्तार'
जे. जे.
संग्रहालय
सूरत, गुजरात

દોહા

દાતાને કવિકોં દિયા, કવિ ગયા સો ખાય;
કવિને દાતાકોં દિયા, જાતે જુગે ન જાય.

—:o:—

પ્રકાશક :

શંકરદાન જેઠીભાઈ દેથા ચારણ

કવિ–રાજસ્થાન લીંબડી.

આવૃત્તિ ૧ લી.

સંવત્ ૧૯૯૨. સને ૧૯૩૬.

શ્રી જશવંતસિંહજી પ્રિ. પ્રેસ,—લીંબડી.

કીંમત રૂા. ૨–૦–૦

દોહા

બણાવેલ બ્રહ્મા તણું, ખરે થાય તન ખેહ;
પણ-સુકવિની સરજેલ તે, જાય નહિ જશ દેહ. ૧

સદકવિતા ને સુંદરી, એ બે અમુલ ગણાય;
પતિ મતિ હીણો પામતાં, કિમ્મત કોડી થાય. ૨

લખિયા હોય લલિત, કપાળે કીરતિ અખર;
તોજ-પંડીત કવિથી પ્રીત, બંધાય બરડાના ધણી. ૩

(કર્તા-શંકરદાન કવિ.)

કૃપા હુઈ કવિલોગરી, જિણ જિણ પરે સહજ્જ;
ઇણરા યશ તન હે અચલ, કહે માન કમધજ્જ.

(કર્તા-મરૂધરાધિપતિ મહારાજા માનસિંહજી)

પુસ્તક મળવાનું શિરનામું:

શંકરદાન જેઠીભાઇ

કવિ-રાજસ્થાન લીંબડી.

કીંમત રૂ. ૨-૦-૦

(પોસ્ટ ખર્ચ જુદું)

ક્ષાત્ર ધર્મ રક્ષક–હિંદુ સૂર્ય
મહારાણાશ્રી પ્રતાપસિંહજી–મેવાડ

अर्पण पत्रिका.

सोरठा,

क्षात्र धर्म रखवार, पातल उदयपुरेशकों;
अर्पन करों सप्यार, यह 'सुकाव्य संजीवनी'. ॥१॥

कवित.

सज्जनका प्यारा क्षात्रधर्म रखवारा सत्य-
गोद्विज सहारा वरपुरुष अपापथा;
शत्रुन समाज उनमत्त गजराजपर,
बालमृगराजके समान जाका तापथा;
विरताकी विद्यूतका मस्त मेंघराजा और,
धर्म धरनीका धरनारा शेष आपथा;
सारे छत्रधार्यनका आर्यनका छत्रिनका,
छत्र छिति मंडलका रानाश्री प्रतापथा. ॥१॥

क्षत्रियोंका गुणपूजकः
शंकरदान जेठीभाइ.
कवि–राजस्थान लींबडी.

कवित.

सिंहके मकान सहलान करे श्वापद हा,
गजका अलान गद्धा भूंकत गजाते हैं;
मानसर स्थान पें मिलेन बिधनाके यान,
बगलाकों हंस कही कगला बताते हैं;
"शंकर भनंत" षंढ मरद भूसुर शुद्र,
नारि नर सबही समान दरसाते हैं;
याते हिन्द हिन्दुनकों छत्रप शिवाजी और,
रानाश्री प्रताप वार वार याद आते हैं.

સવૈયા.

આરત ત્રાન બનો અનલૈ, સમરાંગનકોં સુખ સ્થાન પિછાનો,
દાન કૃપાનકે પંથ ભયાનક, ઠૌર પ્રયાનકી હિમ્મતઠાનો;
ગેહકો મૃત્યુ ગિનો ધિક ત્યોં, ધિક દાન કિયે બિનકો દિન જાનો,
શંકરદાન કહે પ્રિય ક્ષત્રિયો, આપકી ઉન્નતિ યે મગ માનો.

कर्त्ता-शंकरदान जेठीभाई.

રાજસ્થાન પોરબંદર.

સ્તુતિ-કવિત.

દેબો નાં કીસિકું ઔર લૈબો પર અર્થ લૂંટ,
કેતે નૃપ આજ ઐસે કર્મકે અભ્યાસી હૈ;
તામેં પોરબંદરકા રાનાકોં હજારેં ધન્ય,
જાકી દાન કીરતિ ત્રિભૌનમેં પ્રકાસી હૈ;
વંશજ વિલોકી નિજ સોચત હે સૂર્ય ચંદ્ર,
રામ કૃષ્ણ મનુ નૃપ નાંખત નિસાસા હૈ;
સકલ ઉદાસી વિબુધાવતીકે વાસી ફક્ત,
એક હનુમાનજીકે મુખપેં હુલાસી હૈ. ૧

ભાવાર્થઃ—(યાચક–અતિથિ–આશાતુર–ગરિબ વગેરે) કોઇને કાંઇ પણ (દાન) દેવું નહિ અને પારકું મળે તો લૂંટી લેવું. આજકાલ કેટલાક રાજાઓ એવા કર્મના અભ્યાસી છે. તેવા (વિષમ) સમયમાં પોરબંદરના રાણા (નટવરસિંહ જેઠવા) ના જીવનને હજારો ધન્ય છે કે–જેના દાનની કીર્તિ ત્રણે ભુવનમાં પ્રકાશી રહી છે. પોતાના વંશજોને જોઇ સૂર્ય, ચંદ્ર, મનુરાજા, રામ, કૃષ્ણ આદિ નિસાસા નાખે છે. (દાતારી, વીરતા, ભકિત આદિ સત્કર્મ કરીને જે જે સ્વર્ગને પામેલા તે) દેવલોક નિવાસી તમામ (મહાપુરૂષો) આજે ઉદાસી (ચ્હેરે) છે. તેમાં ફકત એક હનુમાનજીના મુખ ઉપર આનંદ છે.

સોરઠા.

ડગી પડયા દત્ય દોરથી, નરપત નટવા કેક;
અણડગ રહિયો એક, નટવર નટવર જેઠવો. ૨.

રાજસ્થાન લીંબડી.

સત્યકથન–કવિત.

જીવનં પ્રદેશ મેરો રૂખોસો લિખાતો ઔર,
ભાગ્ય ભૂમેં ધાન્ય સુખ ઉત્પન્ન ન થાતો તો;
સૂકજાત સકલ મનોરથકી સરિતાઓં,
અંતર મયૂર અફસોસમેં રહાતો તો;
પ્રજ્ઞા મછલીકોં મિલતોન પંક પાની ઠૌર,
આશાકો પપીહા તૃષાતુર તલસાતો તો;
નિમ્બરી નરેશ દોલતેશ અમરેશ રૂપ,
દયાવર વારિ જો ન મોપેં વરસાતો તો. ૧.

ભાવાર્થ:—લીંબડી નરેશ મહારાણા દોલતસિંહજીરૂપી ઇંદ્ર મહારાજે જો મારા ઉપર દયારૂપી શ્રેષ્ટ જળની વર્ષા ન કરી હોત તો મારૂં જીવન (દુષ્કાળ પીડિત દેશના માફક) તાપમય દેખાત, તથા મનોરથ રૂપી નદીઓ તમામ સુકાઇ જાત, અને અંતઃકરણરૂપી મોર અફસોસમાં રહેત, વળી બુધ્ધિરૂપી માછલીને પાણીને ઠેકાણે કાદવ પણ મળત નહિ, તેમજ આશારૂપી બાપૈયો તૃષાતુર તલસ્યા કરત. (અર્થાત્ આશા સંપૂર્ણ થાત નહિ.)

પ્રભુ નિમિત્તે નિત્ય નિયમ–કવિત.

તીન જામ જામની વ્યતીત ભયે તીન બજ્યે,
યોગી જૈસે જાગિ રોજ મંજન કરત હે;

ફીર ધરિ આસન રૂચીર મન સ્થીર કરિ,
અઢી ઘડી ગાયતરી જાપ ઉચરત હે;
પીછે સુપ્રકાર પ્રભુપૂજા-ઓઉંકાર જપ,
સાત ઘડીલોં સપ્યાર ધ્યાન યે ધરત હેં;
દોલત નરેશ્વરકે જીવનકોં ધન્ય ધન્ય,
નિત્ય નેમ ઇતનો અચૂક આચરત હે. ૧

દોહા

પ્રભુ પૂજા કરિ પહર ઇક, દોલતસિંહ નરેશ;
વિષ્ણુ-રામ-મહાદેવકે, દરશન કરત હમેશ.

ગીત.

કાશિયેં જાય અને મેલાવે કરવત, કાં-પરવત [1]રેવત થકી પડે;
[2]શરવત કાં પૂજે વર [3]સુરપત, તો-જશવત વંશજ ધણી જડે.૧
પરસે સહુતીરથ પગ પાળે, ગાળે કાં વન જીવન ગૂપ;
મરણુ કુંડાળે કર તન મેટે, તો-ભેટે ધણી લીંબડી [4]ભૂપ. ૨.
હાડ અગર ગાળે હેમાળે, બાળે કાં તન તપોબળે;
દિગવિજય જેવા અન્નદાતા, માલિક સમરથ તોજ મળે.૩.

સોરઠો.

ભૂત પ્રેતના ભજનમાં, કાંઈ હોય નહિ કાથ;
ભેટયે ભોળોનાથ, ફતે થાય ફતમાલિયા.

---

૧ ગિરનાર. ૨ માથાથી. ૩ મહાદેવજી. ૪ ગુપ્ત.

રાજસ્થાન-વઢવાણ.

ગુણજ્ઞ રાણાશ્રી *જાલમસિંહજી

સુબોધરૂપ-ગીત.

મહપતિયો સુણો કહે મકવાણો,
તૃષણા દોર વૃથા મત તાણો;
નીતિ ચલો વાવરો નાણો,
માણોરે નૃપ જીવન મણો. ૧

જાલમ કહે રાજશ્રી જૂઠી,
માટે તજો લોભ તથ મૂઠી;
એક પલકમાં જાશો ઉઠી,
આશે નહ સાથે અંગૂઠી. ૨

કહે માંધાત અંગે થ્યા કેવા ?
જાલંધર બળિ રાવણ જેવા,
સુરાસુર કરતા જિણ શેવા;
પણ-અવિચળ રહ્યા નકો નૃપ એવા ૩

આતમ તનથી અંત ઉડાશે,
દેહ દહાશે કે દફણાશે;
ધરમ પાપ ઇ સાથે ધાશે,
અને-જશ અપજશ આંહી રહ જાશે. ૪.

*રાણાશ્રી જાલમસિંહજી સાહેબે જે જે વચનો કહ્યાં તે તેઓ સાહેબની આજ્ઞાનુસાર ઉપર લખ્યા "ચારણી ભાષાના ગીત"માં મેં મારી યથામતિ ગોઠવ્યાં છે.

દોહા-નિરલોભી નેકી નિપુણ, નિરમદ નીતિમાન;
નિરદંભી નિરદોષમતિ, જાલમેશ ઝલરાણ.

શ્રીમાન્ રાણાશ્રી જાલમસિંહજી–સંસ્થાન વઢવાણ.

દોહા-પ્યારી કાવ્ય પિયુષકો, સાચો ક્ષત્રિ સુજાણ;
કાકો નૃપ વઢવાણકો, જાલમેશ ઝલરાણ.

દોહા—જંત્રપરે જંબક શઠ, મોહે નહિ મકવાણ;
કસ્તુરિયો રીઝે કુરંગ, જાલમેશ ઝલ્લરાણ.

વઢવાણ ઠાકોર પથાભાઇનું ગીત.

ભડજ પાખરાં ડૂબ લેહલૂબ બખતર ભડાં, ધડાં અનડાં શરે ટોપ ધગશે;
પાગડે કયે પગ ગોમ ડગશે પથા, ડકર મમકર પથા વોમ ડગશે. ૧
દળાં હીલોહળાં મેળ એવડ ડમર, ગમર કરતો જકે કમઠ ગળશે;
ચંદતણ વકર નનકર પણાં ચંખળે, ચંદતણ સાબળે આભ ચળશે. ૨
હરા સબળા કિયા નરાંસર હાલિયા, ધૂમરાં પાખરાં તરાં ઘાલે;
લડ અડે જમીપર શેષ શર લાગશે, ભાગશે જતો વ્રહમંડ ભાલે. ૩
લોહરે ડંડ નવખંડ ડંડી લિયા, રેસ ખમિયા ઘણા રાવ રાણે;
પ્રથીપડ ખોખરો નકર ઘોડે પથા, પથા બથ ભીડમાં ગગન પાણે. ૪

ઠાકોર જાલમસિંહજીનું ગીત.

અતગ ઉછળે ઝળઝળે ડળે મોટા અનડ, સહસફણ શેષ સળસળે સમરાથ;
વેહદ હદ નગારાં શરે ગેડી વળે, ત્યાં—નવેખંડ ખળભળે ગૂજરાનાથ. ૧
કડકડે અંબર ધર ચંત કાયર કડે, કડકડે કોલ શિર કમઠકાંધા;
રાંણ વછરાળ ત્રંબાળ થારા રડે, ત્યાં—મિયણરે લડથડે પીઠ માધા. ૨
પથાવત વાંકડા ભડાંરા પઘોરણ, ગોમપડ વોમ પાતાળ ગાજે;
જાલમો નિશાણા ધુરાવે જોરરા, ત્યાં—ભૂપ ચહુકોરરા પડી ભાજે. ૩

પ્રસ્તાવના.

પ્રાચીન કવિ લેખકો ગ્રન્થની શરૂઆતમાં પ્રથમ ગ્રન્થનું પ્રયોજન લખતા, હવે તે સ્થળે આજના કવિ લેખકો (ગ્રન્થમાં) પ્રસ્તાવના લખે છે. આજની તે પ્રથા પ્રમાણે આ સ્થળે જુજ પ્રસ્તાવ લખું છું.

આ પુસ્તકમાં જુદા જુદા પ્રાચીન અર્વાચીન કવિઓમાં ઉપદેશાત્મક તથા ઐતિહાસિક સજીવન કાવ્યો છે, તેથી આ પુસ્તકનું નામ "**સુકાવ્ય સંજીવની**" રાખવામાં આવેલ છે.

દોહા.

ચિત ચિતાર ચાહે કહો, પરમ વિચાર પ્રવાહ;
કાવ્ય એજ અથવા કહો, કવિ કેરો ઉત્સાહ.

જેમ ચતુર ચિત્રકાર ચિત્રપટ ઉપર હૃદયંગમ ચિત્ર આળેખીને જોનારના હૃદયને આકર્ષે છે, તેમ કૃતિકુશળ કવિ પોતાના હૃદયપટ ઉપર પરામય પશ્યંતિ વાણીરૂપ વિવિધ ચિત્રો આળેખીને મધ્યમા વૈખરીરૂપ મુખોચ્ચાર અથવા લેખનશૈલી વડે શ્રોતાઓ અને વાંચકોનાં હૃદય આકર્ષે છે.

શ્રેષ્ટ કવિની કાવ્યરચના સજીવન (ચિરઃસ્થાયી) છે. જેમ રૂપગુણવતી સ્ત્રી પતિના મનને રંજન કરે છે, તેમ ઉત્તમકાવ્ય જ્ઞાતાઓનાં મનને રંજન કરે છે.

જેમ કારીગરનું કૃતિકૌશલ્ય કૃતિજ કહી આપે છે, તેમ આ પુસ્તકના કાવ્યોનું ચિરઃસ્થાયીપણું તેની મનોરમ્ય ભાવનાઓજ કહી બતાવશે. મનોરમ્ય કાવ્યજીવન આત્મસાક્ષાત્કારનો અખંડાનંદ છે.

મને અન્ય કાવ્યો કરતાં ઉપદેશાત્મક અને ઐતિહાસિક કાવ્યો વધારે રૂચિકર છે. તેથી મેં આ પુસ્તકમાં થોડીક ઉપદેશાત્મક વાનગીઓ રાખી, તે પછી ધર્મયુદ્ધવીર મહારાણા પ્રતાપની **"બિરદ છહુંતરી"** ના કાવ્યને સ્થાન આપ્યું છે. ત્યાર પછી **"બિરદછહુંતરી"** ના કર્ત્તાનું જીવન વૃત્તાંત અને ત્યાર પછી બીજાં પણ કેટલાંક જાણવા યોગ્ય કાવ્ય રાખવામાં આવ્યાં છે. અન્ય કવિઓની કૃતિ સાથે મેં યથામતિ મારી કૃતિને પણ સ્થાન આપ્યું છે.

સંસ્થાન વઢવાણના શ્રીમાન્ કુમાર શ્રી (દેદાદરા દરબાર) રાણાશ્રી જાલમસિંહજી સાહેબ સાહિત્ય વિદ્યાના સુજ્ઞ વિલાસી અને ગુણજ્ઞ છે. છેલ્લા વીશ પચીશ વર્ષથી તેઓ સાહેબ સાથે મારે ગાઢો પરિચય છે. તેઓશ્રીની મારા ઉપર કૃપાદ્રષ્ટિ છે. ઉપદેશાત્મક તેમજ ઐતિહાસિક કાવ્ય-કથા તરફ તેઓશ્રીને બહુજ પ્રીતિ છે. જ્યારે જ્યારે હું વઢવાણ જઉં અને વખતે વાર્તા પ્રસંગે મહારાણા પ્રતાપના જગપ્રચલિત ઐતિહાસિક દોહાઓ બોલું, ત્યારે તેઓ સાહેબ (છેલ્લા સાત આઠ વર્ષથી) મને ફરમાવતા કે-છપામણ ખર્ચ

હું આપું. જો બની શકે તો મહારાણા પ્રતાપની "બિરદ છહુંતરી" ના દોહાઓ ગુજરાતી ભાષાના અર્થ સાથે ગુજરાતી લીપીમાં છપાવો, કે, જેથી આપણા ગુજરાતી વાંચકો તેનો લાભ લઇ શકે. ઉપર પ્રમાણે તેઓ સાહેબની તીવ્ર ઇચ્છાને માન આપી, આ પુસ્તકમાંનાં તમામ કાવ્યોના મ્હારી યથામતિ ગુજરાતી ભાષામાં અર્થ કરી ગુજરાતી લીપીમાં છપાવી પ્રસિદ્ધ કરેલ છે.

છેલ્લા છ વર્ષથી મારૂં શરીર અસ્વસ્થ અને અશકત રહેતું હોવાથી આ પુસ્તકમાં હું પ્રત્યેક કાવ્ય વિષયવાર લખી શકયો નથી. જેમ જેમ યાદી આવી, અને નોંધપોથીમાં લખેલી કવિતા નીકળતી આવી તેમ લખતો ગયો, અને છાપખાનામાં મોકલતો ગયો. શ્રીમાન્ રાણાશ્રી જાલુભા સાહેબની આજ્ઞા મુજબ પ્રથમ તો ફક્ત "બિરદ છહુંતરી" ના દોહાજ છપાવવા હતા, પરંતુ તેથી પુસ્તક નાનું થાશે એમ ધારી શરૂઆતમાં થોડાંક પ્રસ્તાવિક કાવ્ય રાખવા મારી ઇચ્છા થઇ અને પછી થોડે થોડે કાવ્ય મળી આવતાં ઇચ્છા વધતી ગઇ એટલે મારી ધારણા હતી તેથી પણ પુસ્તકનું કદ વધી ગયું છે. હજી બીજાં ઉત્તમ કાવ્યો બાકી રહ્યાં છે તેથી હવે "સુકાવ્ય સંજીવની" બીજો ભાગ બહાર પાડવા મારી ઇચ્છા છે. જો પ્રભુ કૃપા હશે તો તે ઇચ્છા પાર પડશે.

હું પ્રથમ ઘણીજ ગરીબ સ્થિતિમાં અને અજાણ હતો તે અત્યારે સદ્દઇજ્જત સાથે કવિપદ પામ્યો અને જે કાંઇ આનંદ ભોગવું છું તે સંબંધે—

ઉપકાર–કવિત.

શ્રેષ્ટ શિવ શકિત કૃપા સદન બનાયો યહ,
જાગીર કમાયો વહ ભયો જશ જાપ હૈ;
શંકર ભનંત પાયો પર્મ કવિરાજ પદ,
આયો સુખ ઇચ્છિત ભોજીવન અતાપ હૈ;
બડે મહારાજા મંત્રી ઉમરા અમીરનકી,
મેરે પર રહમ નિગાહકો ન માપ હૈ;
નિમ્બરી નરેશ દિગવિજૈ યુવરાજજુકી,
કૃપા પારિજાતકો યે સકલ પ્રતાપ હૈ.

દોહો.

સ્વામિ ભૂપ દોલત સુખદ, સુરતરૂ સમ દાતાર,
પોરબંદ્ર નૃપકી કૃપા, દેવસુરભિ મમ દ્વાર.

શ્રીમાન રાણાશ્રી જાલમસિંહજી (દેદાદરા દરબાર) સાહેબે આ પુસ્તક છપામણી ખર્ચમાં જે કાંઇ મદદ આપી છે, તે માટે તેઓ સાહેબનો હું ઘણો ઉપકાર માનું છું.

મારા ગુરૂભાઇ તથા મિત્ર કવિરાજ જયસિંહજી દયા. રામજી (મહેસાણાવાળા)એ આ પુસ્તકને લગતા કામકાજમાં મને જે કાંઇ મદદ કરી છે તે માટે તેઓનો ઋણી છું.

મારી અલ્પજ્ઞતાના અંગે કાવ્યના અર્થમાં–તેમજ પ્રુફ જોવામાં દ્રષ્ટિદોષથી–મારી જે જે ભૂલચૂક હોય તે માટે જ્ઞાતા મહાશયોને સુધારીને વાંચવા વિનંતિ કરૂં છું,

દોહા–શંકર કવિ શિવ ભક્તમેં, ગરિબ ગરિબકા દાસ;
પરહિતરત દાતા પુરૂષ, હે પ્રિય મોહિ ખાસ.

એજ પ્રાર્થના.

તા. ૧૫–૫–૧૯૩૬.
મુ. લીંબડી.

લી૦ ગુણાનુરાગી,
શંકરદાન જેઠીભાઇ ગઢવી
કવિ–રાજસ્થાન લીંબડી.

કાવ્યની ઉત્તમતા વિષે—મનહર.

મળ્યાં હશે મોટાઓને મોટાં મોટાં માનપત્ર,
ચીંથરા થઈ તે જાશે ચૂંથાઇ ચૂંથાઇને;
બનાવી બનાવીને બેસાર્યાં હશે બાવલાં જે,
પાવલાંની કિમ્મતે કદી જશે વેચાઇને;
મસીતો મિનારા કે કરાવેલા કીરતીસ્થંભ,
ઘણા દાડે સમૂળા તેતો જશે ઘસાઇને;
કવિતાથી ઠામઠામ દાખે દલપતરામ,
ફારબસતણા જશ રહેશે ફેલાઇને. ૧.
સિધ્ધાચળે સિધ્ધના દેરામાં સારા શ્રાવકોનાં,
પૂતળાં છે પણ એને યાદ કોણ આણે છે;
પાટણમાં પાટણના પાટવીનું પૂતળું છે,
પાટણના પુરૂષ તે કોઇક પિછાણે છે;
મોટાં મોટાં માન મેળવીને કૈક મરી ગયા,
જુઓ આજ જગતમાં જન કોણ જાણે છે ?
વિક્રમને ભોજના ચરિત્રનાં વિચિત્ર કાવ્ય;
વિશ્વ વિષે વ્યાપવાથી વિશ્વ સૌ વખાણે છે. ૨

-(કર્તા કવિ દલપતરામ)

કવિથી ભાઇબંધી કર્યે, કેવું થાય છે કામ,
નવખંડ રહિગ્યું નામ, જો ફારબસનું જીવણા.

સાચો મહાત્મા કોણ અને તેને વંદના

કવિત.

ધૂલ જૈસો ધન જાકે સૂલસો સંસાર સુખ,
ભૂલ જૈસો ભાગ દેખે અંત જૈસી યારી હૈ;
પાપ જૈસી પ્રભુતાઇ શ્રાપ જૈસો સનમાન,
હે વડાઈ વીંછીનીસી નાગનીસી નારી હૈ;
અગ્નિ જૈસો ઈન્દ્રલોક વિઘ્ન જૈસો વધિલોક,
કીરતિ કલંક જૈસી સિધ્ધી સો ઠગારી હૈ;
વાસના ન કોઇ બાકી ઐસી મતિ સદા જાકી,
સુંદર કહત તાહી વંદના હમારી હૈ. ૧

ભાવાર્થ:—જેને ધન ધૂળ જેવું, સંસાર સુખ સૂળી જેવું, ભાગ્ય ભૂલ જેવું, યારી કાળ જેવી, પ્રભુતા પાપ જેવી, સનમાન શ્રાપ જેવું, વડાઇ વીંછણ જેવી, સ્રી નાગણી જેવી, ઇન્દ્રલોક અગ્નિ જેવો, વિધીલોક વિઘ્ન જેવો, કીર્તિ કલંક જેવી અને સિદ્ધિઓ ઠગારી લાગે છે. કોઇ પણ પ્રકારની વાસના બાકી રહી નથી. એવી જેની સ્થિર મતિ છે તે (મહાત્મા) ને સુંદરદાસ કહે છે કે, અમારી વંદના છે.

દોહા—ત્યાગ ઔર પુરૂષત્વહિન, ભરતા નિબલ નિહારિ;
કવિ રસના રમણી રસિક, કરત ઔરસેં યારિ.

શિવ

॥ૐ॥

સુકાવ્ય સંજીવની.

મંગલાચરણ—ગણેશ વંદના—છપ્પય.

એક રદન—દ્વે માતુ—ત્રિ ચખ—ચો બાહુ—પંચ કર;
ષટ આનન વર બન્ધુ—સેવ્ય—સપ્તાર્ચિ ભાલધર,
અષ્ટ સિદ્ધિ નવ નિદ્ધિદાનિ—દશ દિશિ યશ વિસ્તર;
રૂદ્ર ઇગ્યારહુ સુખદ—દ્વાદસાદિત્ય ઓજ વર,
જો ત્રિદશ વૃન્દ વંદિત ચરન, ચૌદહુ વિદ્યા આદિ ગુર.
તિહિ દાસ પંચ દસહૂ તિથિય, ધરહુ ષોડસી ધ્યાન ઉર. ૧;

(કવિ ભિખારીદાસ—કાવ્યનિર્ણયમાંથી).

ભાવાર્થ—જેને એક દાંત, બે માતા, ત્રણ નેત્રો, ચાર ભૂજાઓ, સુંડ યુક્ત પાંચ કર છે, છ મુખ (કાર્તિક સ્વામી) ભ્રાતા છે, સેવવા યોગ્ય છે, સપ્તાર્ચિ (સાત શિખાવાળો—અગ્નિ) લલાટમાં ધારેલ છે, અષ્ટ સિદ્ધિ અને નવનિધ્ધિના દાતા છે, દશે દિશાઓમાં યશ વિસ્તરેલો છે, અગ્યાર રૂદ્ર જેવા સુખદાયક છે, બાર સૂર્ય જેવું શ્રેટ તેજ છે, ત્રયોદશ યક્ષવૃન્દથી જેનાં ચરણ વંદાયેલ છે, ચૌદ વિદ્યાના આદિ ગુરૂ છે, તેવા ગણેશપ્રભુનું દાસ (ભિખારીદાસ) કવિ પંદરે તિથિ ષોડશ (સોળ પ્રકારની પૂજાવિધિ) ઉપચારથી હૃદયમાં ધ્યાન ધરે છે.

શ્રી માતાજીની સ્તુતિ-કવિત.

પ્રથમ ગનેશ જાકો ધ્યાવત સુરેશ આદિ,
વિઘન હનેશ વાહ મૂષક સુહાત હે;
મોર હે ષડાનનકે બેલ હે મહેસ જુકે,
પંછી હરિ વિધિકોં સો સૃષ્ટી ગુનગાત હે;
મૂષક મયૂર બેલ પંછિન બડાઇ કહા,
ઇનકી તો જાત કૌન બાતમાં નિકાત હે;
એરે ભટ્ટ કૃષ્ણદાસ રાખ માત જૂકી આશ,
સિંહ પેં ચઢી હે સો કચ્છુ તો કરામાત હે. ॥

ભાવાર્થ—પ્રથમ (પૂજનિય) ગણપતિ (છે) જેઓનું ઇંદ્રાદિ (દેવ) ધ્યાન ધરે છે, તથા વિઘ્ન હરનારા છે, તેઓને ઉંદરનું વાહન શોભે છે; તેમજ કાર્તિક સ્વામિને મોર, મહાદેવજીને બળદ, વિષ્ણુને ગરૂડજી અને બ્રહ્માને હંસ (પક્ષીઓ) વાહન છે, તે સૃષ્ટિ ગુણ ગાય છે. (ઉપરોક્ત) ઉંદર, મોર, બળદ, અને પક્ષી એમાં શું મોટાપણું છે. તેમજ એમની જે જાત તે કઇ વાતમા શ્રેષ્ટ છે? કવિ કૃષ્ણદાસ ભટ્ટ (પોતાને) કહે છે કે, તું શ્રી માતાજી (આદ્યશકિત-ઇશ્વરી) ની આશા (આસ્તા-ભરૂસો) રાખ, કારણ કે તેણે સિંહ ઉપર સ્વારી કરી છે, તો તેનામાં કાંઇક તો (બીજા કરતાં વિશેષ) કરામત (ચમતકાર, બળ) છે.

શ્રેષ્ટ કવિતા વિષે-કવિત.

આછે દિપ્યમાન લિખે અચ્છર અનૂપ એસી,
પોથી કહા ખોટી ? બેવકૂફસેં બચી નહીં;
કારીગર પાનકી બનાઇ મૂલતાન જૂકી,
કા કબાન છોટી કમજોરસેં લચી નહીં;
મિસરી મિલાઇ અવટાઇકે બનાઇ અચ્છ,
ખીર કહા ખોટી ? પાઇ શ્વાનકું પચી નહિ;
શ્રેષ્ટ કવિ શ્રેષ્ટ કાવ્ય યુંહી કવિ જેષ્ટ કહે,
જાકી મતિ નેષ્ટ તાકે મનમેં જચી નહીં.

(બ્રહ્મભટ્ટ કવિ જેષ્ટલાલ-વિજાપુર).

ભાવાર્થ—સારા શોભાપ્રદ અક્ષરોથી લખેલી એવી અનૂપમ પોથી, બેવકુફથી વંચાણી નહીં, તેથી તે પોથી ખરાબ કેમ કહેવાય ? કારીગરના હાથે બનેલી એવી મુલતાનની કબાન કદી કમજોરથી ન નમી, તેથી તે કબાન હલકી (ખરાબ) કેમ કહેવાય ? સારી રીતે ઉકાળી સાકર મિલાવી ઉત્તમ બનાવેલી ખીર કુતરાને પાઇ, અને પચી નહીં તેથી તે ખીર શું ખોટી કહેવાય ? તેમજ જેષ્ટ કવિ કહે છે કે, શ્રેષ્ટ કવિએ બનાવેલી શ્રેષ્ટ કવિતા જેની બુધ્ધિ ખરાબ છે તેના મનમાં ન રૂચી તેથી તે કવિતા શું ખરાબ કહેવાય ?

"ગીતડાં રહે કે ભીંતડાં."

ગીત (રાવ ગાંગા* કૃત).

કદી શ્વેત વ્રણ પાલટે પડે જોખમ કળશ,
ખસે કૂંભી હુવે મઁડપ ખાંગો;
ભીંતડા ભાજ પડ જાય ધરતી ભળે,
ગીતડાં ન જાવે કહે ગાંગો. ૧.
વાઘવત ઉચરે સુણો ખટ તીશ વઁશ,
જસ મંડપમેં, કવણ રહી જાહી;
ભોજ વિક્રમ તણો સુયશ સારી ભુયણ,
પણ—નરાં તિણ વારરા મંડપ નાહીં. ૨.

---

*રાવ ગાંગાજી જોધપુરના રાજા હતા. વિદ્યમાન સમયના રાજાઓના જેવું તેઓનું નામ શોભાદાર નથી. પરંતુ તેઓમાં સદ્ગુણ બહુ શોભામય હતા. તેથી હજીસુધી કીર્તિ શરીર અવિચળ છે. તેઓ યુદ્ધવીર, દાતાર તથા કવિ હતા. રાણા સંગ તથા બાબરને સં. ૧૫૮૪ માં લડાઇ થઇ ત્યારે રાવ ગાંગાજીએ પોતાના પુત્ર રાયમલ તથા રતનસિંહ મેડતીયા (મિરાંબાઇના પિતા) ને પાંચ હજાર માણસની ફોજ લઇ રાણાજીની મદદે મોકલ્યા હતા. રાવ ગાંગાજીનો જન્મ સં. ૧૫૪૦ માં અને તેઓ સં. ૧૫૭૨ માં ગાદીએ આવ્યા. એક વખત રાવ ગાંગાજી અફીણ લઇ રાજમહેલના ઝરૂખામાં અચેત ઉભા હતા. તેવામાં તેમના પાટવી કુમાર માલદેવજીએ (રાજ્ય લોભે) ઓચિંતા ધક્કો મારી મહેલ નીચે પાડી દીધા, તેથી સં. ૧૫૮૮માં તેમનું મૃત્યુ થયું. ત્યાર પછી રાવ માલદેવજી જોધપુરની ગાદીએ આવ્યા. તેઓ તેમના પિતાથી પણ મહાન પરાક્રમી રાજા થયા. તેઓનો સુયશ અને (પિતાના ઘાત કરી તે) કલંક બંને પ્રસિદ્ધ છે.

હુવાં વિગ્રહ ઢહે કહે ચૂંડા હરે.
ઇંદ્ર પાવક પવન પ્રસણ એતા;
મહિમઁડલ ક્રીતસુ ભીંતડા મીંડતાં,
કળી પાલટ હુવા મઁડપ કેતા. ૩.

મહલ ચોબાર અરબાં તણા માળિયા,
દિનાં વોળાવિયા જરા દહસી;
મેર ધ્રૂ સથિર અહિરાવ શિર મેદની,
રાવ ગાંગો કહે સુયશ રહસી. ૪.

ભાવાર્થ—રાવ ગાંગો કહે છે કે, દિવસો જતાં મંડપના શ્વેત રંગ પલટી જાય, જોખમ લાગે અને કળશ પડી જાય, કુંભી ખસે અને મકાન વાંકુ થઇ જાય, ભીંતડાં ભાંગી પડે અને ધરતીમાં ભળી જાય, પરંતુ ગીતડાં (કાવ્ય) ન જાય. ૧. વાઘાનો પુત્ર કહે છે કે, છત્રીશ કુળના રાજપુતો સાંભળો, યશ અને મકાન તે બેમાં કોણ (કાયમ) રહી જશે? (જુઓ) ભોજ તથા વિક્રમનો અત્યારે સારી દુનિયામાં સુયશ છે, પણ તે વખતના મંડપ નથી. ૨. ચુંડાનો પૌત્ર કહે છે કે, વિગ્રહ થતાં (ભીંતડા-કોટ-મહેલ) પડી જાય, તેમજ તેના માથે વરસાદ, અગ્નિ અને પવન એટલા દુશ્મન છે, માટે કીર્તિ (કાવ્ય) તથા ભીંતડાંની સરખામણી કરતાં મંડપો ઘણા નાશ પામી ગયા છે. (પણ કીર્તિ ગઇ નથી) ૩. અબજો રૂા. ખરચીને બનાવેલ મહેલ, માળીયાં તેને દિવસો જતાં જરા (અવસ્થા) લાગશે, અને નાશ થશે, પણ જયાં સુધી મેરૂ, ધ્રુવ તથા શેષ માથે પૃથ્વી સ્થિર છે, ત્યાં સુધી સુયશ (કીર્તિ-કાવ્ય) સ્થિર રહેશે. ૪.

પ્રભુમાં શ્રદ્ધા રાખવા વિષે-ગીત.

ભટકે કયું દ્દેશ વિદ્દેશાં ભોળા, ઘટ મઝ ધીરજ રાખ ઘણી;
ખ'ચી કલમ ન જાવે ખાલી, તીન લોકરા નાથ તણી. ૧.

અજગર અપ'ગ અટૂ'ટળ એરૂ, ભગવત જિણુરો પેટ ભરે;
મે'ગળ થિર પાવે બાધા મણ, કૂકર ફિર ફિર ગુજર કરે. ૨.

અનળપ'ખ ભમવે આકાશાં, દાતા જિણુરે રજક દિયે;
સવાલાખ મણ દૂધ સદાઇ, પ'છી મેઘમલાર પિયે. ૩.

ભખ આમિષ બુગલાને ભેજે, મોતી હ'સા હૂ'ત મળે;
ભગવત વાળી કલમ ભાળજ્યો, વાળી પાછી નાહિ વળે. ૪.

ભાવાર્થ—હે ભોળા જીવડા! દેશ વિદેશમાં શું કામ ભટકે છે, હૃદયમાં ઘણી ધીરજ રાખ; ત્રણ લોકના નાથની ખેંચેલી કલમ ખાલી જવાની નથી. ૧. અજગર અપ'ગ છે, એરૂ અટુટળ (ઢીલો-તુટી ગયેલો) છે, પણ પ્રભુ તેનું પેટ ભરે છે. હાથીને સ્થિર રહેવા છતાં ઘણા મણ (ખોરાક) મળે છે, અને કુતરૂં (ઘરેઘરે) ફરી ફરી ગુજારો કરે છે. ૨. અનળપ'ખ (પક્ષી) આકાશમાં ભમ્યા કરે છે, તેને જગદાતા ત્યાં ખોરાક આપે છે. મેઘ મલાર પક્ષી હમેશાં સવાલાખ મણ દુધ પીવે છે. તો તેને તે પ્રમાણે મળી રહે છે. ૩. બગલાને માંસનો ભક્ષ દે છે અને હ'સને મોતી મળે છે, જગતૂભર્તાની કલમ જુવો તેણે જે લખેલ છે (પ્રારબ્ધ નિર્માણ કરેલ છે) તેમાં કાંઇ પણ ફેરફાર થવાનો-નથી. ૪.

(કર્તા કવિ પનજી રતનાજી મીસણ ચારણ—ગામ લુણાવસ—મારવાડ)

તોતાની અન્યોક્તિ-કવિત.

દીસત પ્રતચ્છ યહ સેંભરકો વ્રચ્છ દેખો,
યાતેં દીન દચ્છ હોકે કાહેકો ગમાવોગે;
મેરો કહ્યો માનો તો બિરાનો બ્રચ્છ ઢૂંઢ બૈઠો,
ઉરમેં ન આનોગે તો પૂરે પછતાવોગે.
કહે કવિ જેષ્ટ યહ દેખવેમેં લાગે શ્રેષ્ટ,
બ્રચ્છનમેં નેષ્ટ યાતેં કષ્ટ અંત પાવોગે;
સુનો પ્રિય તોતા તુમ જો તાકો કરોગે સંગ,
ખૈહો ખૂબ ગોતા મૂંહ રોતા કર જાવોગે.

ભાવાર્થ—કોઇ કાર્પણ્ય દોષવાળા શ્રીમંતના સંગી વિદ્વાનને ઉદ્દેશીને કહે છે કે, જુઓ—આ સીમળાનું વૃક્ષ પ્રત્યક્ષ રીતે જણાય છે, તેથી તમે દક્ષ થઇને (તેના આશરે) શા માટે દિવસો વ્યતીત કરો છો ? મારૂં કહેવું માનતા હો તો વેળાસર બીજું વૃક્ષ ગોતીને ત્યાં બેસો, અને નહિ માનો તો સંપૂર્ણ રીતે પસ્તાશો. જેષ્ટ કવિ કહે છે કે, આ વૃક્ષ ફક્ત જોવામાં શ્રેષ્ટ જણાય છે, પણ (બાકી તો) વૃક્ષોમાં તે નકામું વૃક્ષ છે, તેથી તમે (એના સહવાસમાં) અંતે દુઃખ પામશો. હે પ્યારા પોપટ ! જો તમે તેનો સંગ કરશો તો ખૂબ ખત્તા ખાશો, અને રોતું મુખ કરીને જાશો.

મંજારીના અન્યોકિત-દોહા.

પાંખોં ઇન મંજારકોં, જો દેતો જુગદીશ;
બીજ ન રહતો બાપડી, ચિરિયનકો ભુવશીશ.

સાગરની અન્યોક્તિ-કવિત.

એહો રતનાકર સમસ્ત સરિ ઠાકર વ્હે,
ચાકરકી કહી નેક ચિત્તમેં ન લાવોગે;
સાગર વ્હે એસો જો ધરોગે મદ નાગર તો,
જેષ્ટ કવિ ગાગર તેં તુચ્છ પદ પાવોગે.
પાઇ પ્રભુતાઇ નાં કરોગે દુઃખ દૂર કાકો,
વ્હે હે નામ નાશ ધામ ધૂર પૂર વાવોગે;
હોયકે ગ્રહસ્થ નાં તજોગે ઉનમસ્તતા તો,
ઇશ્વર અગસ્ત કોપ-અસ્ત હોય જાવોગે.

ભાવાર્થ—કોઇ શ્રીમંત ગ્રહસ્થને ઉદ્દેશીને કવિ સમુદ્ર પ્રત્યે કહે છે કે, હે રત્નાકર ! તમે તમામ નદીઓના પતિ થઇ આ ચાકરનું નેક કહેવું ચિત્તમાં (ધ્યાનમાં) નહિ ધરો અને ચતુર સાગર થઇને જો ગર્વ કરશો તો જેષ્ટ કવિ કહે છે કે, ગાગરથી પણ તુચ્છ પદ પામશો. મોટાઇને મેળવીને કોઇનું (પરાયું) દુઃખ દૂર નહિ કરો તો છેવટે નાશ પામશો, અને ધામમાં ધુડના ઢગલા જમાવશો, અર્થાત્ આ લોકમાં અપજશ અને કુકર્મ વાવશો. વળી શ્રીમંત થઇને તમે તમારૂં મદોન્મત્તપણું નહિ તજો તો ઇશ્વરરૂપી અગસ્ત્યના કોપવડે અસ્ત થઇ જશો.

લેખણીનું નિદર્શન-કવિત.

કાન ચઢિ કલમ કારભારીકું યોં સાન દેત,
માન કહ્યો મેરો તો નફો હે બહુ તેરો સો;

આય યહ લોક પર લોકકો ન સાધ્યો પંથ,
કહે સબ લોક તો તો ફોક જગ ફેરોસો.
ચલોગે કુચાલ તો પરોગે જમજાલ બીચ,
કહે જેષ્ટલાલ ખ્યાલ બાજીગરકેરો સો;
પાય અધિકાર નાં કરોગે ઉપકાર બેશ,
પૈહો તો ધિક્કાર અંત વ્હે હે મુખ મેરોસોં.

ભાવાર્થ—પ્રત્યેક રાજકર્મચારી (કારભારી) વર્ગને કાને ચઢીને કલમ સાન (શિખામણ) આપે છે કે, મારૂં કહ્યું માનો તો તેમાં તમારો ઘણો લાભ છૈ આ લોકમાં આવીને પરલોક સુધરે તેવો પંથ નહિ સાધો તો તમામ લોક કહેશે કે, તમારો ફોકટ ફેરો છે. કુચાલ ચાલશો તો જમની જાળમાં (નર્કના દુઃખમાં) પડશો. કવિ જેષ્ટલાલ કહે છે કે, જગતનો ખ્યાલ બાજીગર (ગોડીયાના ખેલ) ના જેવો ક્ષણિક અને અસત્ય છે. અધિકાર પામીને સારાં ઉપકાર કૃત્ય નહિ કરો તો ધિઃક્કાર પદને પામશો, અને અંતે મ્હારા જેવું (કાળુ) મુખ થશે.

જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ–કવિત.

બાનીકે પ્રભાવસેં પરાક્રમસેં લેખનીકે,
સદિયોંકે સોયે હુયે ભાવોંકોં જગાતે હૈ;
જીન્દા કરતે હે જાન મુરદા દિલોંમેં ડાલ,
જબ હમ કાવ્ય સુધા ધારા બરસાતે હૈ.

"નૂતન" હજારો રસિકોમેં દરબારોં બીચ,
બાંધ તે સમાહૈ હો અનોખી છબિ છાતે હૈ;
તારે નહિ જાતે જહાં શશિ નહિ જાતે જહાં,
રવી નહિ જાતે વહાં કવિ હમ જાતે હૈ.

ભાવાર્થ—લેખણીના પરાક્રમથી અને વાણીના પ્રભાવથી સૈકાઓના સુઇ રહેલા ભાવોને જગાવીએ છીએ. અને જ્યારે અમે કાવ્યની અમૃતધારા વર્ષાવીએ છીએ, ત્યારે મૃતક શરીરમાં પણ જીવ નાંખીને તેને સજીવન કરીએ છીએ. કવિ "નૂતન" કહે છે કે, રાજ્ય દરબારોમાં હજ્જારો રસિકોની વચ્ચે સમાસ બાંધીને અનોખી શોભા વિસ્તારીયે છીએ. જ્યાં તારાઓ તથા ચંદ્ર તેમજ સૂર્યદેવ જઇ શકતા નથી, ત્યાં અમે કવિઓ જઇએ છીએ.

શંખની અન્યોકિત–સવૈયા.

હાથ ગહે હરને હિત સોં, સુત સાગર લચ્છિ કે આદિ દદાઇ,
અંબુજ ચક્ર હુતે અધિકે ગુન, રાવરે કોં પહુંચે ન ગદાઇ;
લાયક વ્હે મુખ લાગત હો, યહ હેતુ ન મૂન ગહોજુ કદાઇ,
જુદ્ધ અસંખન જીતિ બજેપેં, રહે તુમ શંખ કે શંખ સદાઇ.

ભાવાર્થ—તમને શ્રી હરિએ પ્રેમથી પોતાના હાથમાં ગ્રહણ કર્યા, વળી તમે લક્ષ્મીના પ્રથમ દદાઇ સમુદ્રના પુત્ર છો, પદ્મ (કમળ) તથા ચક્ર (સુદર્શન) થી પણ વધારે ગુણવાન છો અને આપને ગદા પણ ન પહોંચી શકે. વળી તમે લાયક થઇને મોઢે લાગો છો તે કારણથી કદી મૌન ગ્રહણ કરતા નથી. તેમજ અસંખ્ય યુદ્ધોની જીતમાં તમે જયધ્વાન કરેલ છે, છતાં પણ હમેશાં શંખના શંખજ રહયા.

તાડની અન્યોક્તિ-કવિત.

હારે બાટવારે જે બિચારે મજલન મારે,
દુખિત મહારે તિનકોં ન સુખ તેં દિયો;
બનકે જે પંછી તિનહૂકે કામકો ન કછુ;
સાંઝ સમે આય વિસરામ ઉન નાં લિયો.'
'આપનેહુ તનકી ન છાયા કર શકયો મૂઢ,
દયાનિધિ કહે જગજનમ વૃથા ગિયો,
ધામકો ન આડ ભયો ફૂલ ફલકો ન લાડ,
એરે તાડ વ્રચ્છ? એતો બઢિકે કહા કિયો. ૧.

ભાવાર્થ—મજલ (પંથ) કરી થાકી ગયેલા બિચારા મહા દુ:ખી વટેમાર્ગુ તેઓને તેં સુખ ન આપ્યું. વનનાં જે પક્ષીઓ તેઓના કામનો પણ તું નથી કે જેઓ સાંઝ સમય ત્હારી પાસે આવી વિશ્રાંતિ પામે. કવિ દયાનિધિ કહે છે કે, હે મૂઢ! તું ત્હારા શરીર ઉપર પણ છાયા કરી શકયો નહિ. ત્હારો જન્મ જગતમાં વ્યર્થ ગયો. તું કોઇ ઘરનો આડસર પણ ન થયો, તેમ ત્હારાં ફૂલ ફળથી પણ દુલ્હાર (લાડ)ને પાત્ર થયો નહિ તો હે તાડ વૃક્ષ! તેં આટલું બધું વધીને શું કર્યું?

રોહિડાના પુષ્પની અન્યોક્તિ-કવિત.

સ્વાદકો ન દેશ ત્યોં સુગંધકો ન લેશ કહું,
પેશ લે નરેશ ત્યોં પરાગ છબિ છાઇનાં;

ભૂષન ન શેહરા મલિંદ મકરંદ લેત,
ઉતરે ન રંગ ઐસી અંગ અરૂનાઇનાં.
અંતર મુતાલબકી રંચ ઉમદાઇ હેન,
ગાલવ દુવાઇ વિદ ગ્રંથનમેં ગાઇનાં;
કહે બ્રજનાથ શઠ રોહિરે કે ફૂલ તેરી,
કોરી સુંદરાઇ સો હમારે દાય આઇનાં.

ભાવાર્થ—(જેનામાં) સ્વાદનો કાંઇ પણ અંશ નથી, તેમજ સુગંધનો પણ લેશ નથી, તેમ રાજા નજરમાં લે તેવી પુષ્પરજની શોભા પણ ફેલી નથી, મોડ રૂપી પુષ્પાભૂષણ પણ કાંઇ થતું નથી, તેમ ભમરાઓ પણ પુષ્પરસ લેતા નથી, તેમ રંગ ઉતરી શકે તેવી અંગની લાલાઇ પણ નથી, જેમાં અંતર મતલબની જરા પણ શ્રેષ્ટતા નથી. કોઇ પણ ઔષધીમાં કામ આવે તેવી વાત પણ વિદ્વાનોએ ગ્રંથમાં ગાયેલ (લખેલ) નથી. વ્રજનાથ કવિ કહે છે કે, હે શઠ રોહીડાના ફૂલ ! તારી (કેવળ) કોરી સુંદરતા અમોને (વિદ્વાન સજ્જનોને) પસંદ પડી નથી.

કાગડાની અન્યોકિત–કવિત.

એતી યહ તેરી સાવચેતીકી નજર દેખી,
બુદ્ધિમાન જાન્યો પેં ન જાન્યો બુદ્ધિ થોરીકો;
મધુર ફલન સ્વાદ જ્યોં જ્યોં તેં ન ચાહ્યો ચિત્ત,
ત્યોં ત્યોં મોહિ ઉપજ્યો બિચાર કચ્છુ ઓરીકો.
જબે નિમ્બ બગર નિહાર હિય હરખ્યો તું,

કહે બ્રજનાથ જ્ઞાન પર્યો મતિ તોરીકો;
દ્રાખકે ઉપાસકકે પાસક ન બેઠો કહું,
એરે કાગ! લાસક તું આશક નિંબોરીકો.

ભાવાર્થ—તારી આ એટલી બધી સાવચેતીની નજર જોઇને મેં તને કમઅકલ જાણ્યો નહિ, પણ તું મહા બુધ્ધિમાન છો, એમ જાણ્યો. પરંતુ તેં જેમ જેમ મીઠાં ફળની ચિત્તમાં ચાહના ન કરી તેમ તેમ તારા માટે મને કાંઇ અન્ય વિચાર ઉપજ્યો. જ્યારે લીંબડાનાં (કડવા) માંજર જોઇને તું ખુશી થયો, ત્યારે વ્રજનાથ કવિ કહે છે કે, મને તારી બુદ્ધિનું જ્ઞાન થયું. હે કાગડા ! તું દ્રાક્ષના ઉપાસક ઉત્તમ પક્ષીઓ પાસે કદી ન બેઠો તેથી છેવટે મેં નક્કી કર્યું કે, તું (નીચ) લીંબોળીનોજ આશક (સ્નેહી) છે.

રાજ્ય ખજાનાની નવ મેખો–કવિત.

મેખોં નો મજાકેદાર રાજાકે ખજાને રહે,
પાવે અધિકાર તાકોં અષ્ટ લગ જાતી હે;
નેત્ર કર્ણ પાવ હસ્ત અંગકોં અપંગ કરે,
રહેવે ન સાન જાન ભાન ભુલવાતી હે.
જાવે અધિકાર મેખ નૌમી વ્હે તયાર લાર,
ધુસત ગુદામે આઠો બ્હાર ચલિ આતી હે,
દેખે સુને ચલે ઔર સબકોં સલામાં ભરે,
આવે સાન ભાન જાન સાફ કરવાતી હે.

ભાવાર્થ—રાજાના ખજાનામાં મજાદાર નવ મેખો રહે છે. રાજ્યમાં અધિકાર પામે છે, તેને આઠ મેખો (શરીરમાં) લાગી જાય છે. (પ્રથમ) બે આંખમાં, બે કાનમાં, બે પગમાં, બે હાથમાં, એમ

આઠ મેખો અંગને અપંગ કરે છે અને સાન રહેતી નથી તથા જાન ભાન ભુલાવી દે છે. પછી જ્યારે તે અધિકારી અધિકારથી મુક્ત થાય છે, ત્યારે નવમી મેખ તૈયાર થાય છે. અને પછવાડે મૂળ દ્વારમાં ધુસી જાય છે. એટલે પ્રથમ લાગેલી ઉપરોકત આઠ મેખો બહાર નીકળી આવે છે. પછી તે (આંખોથી) જુએ છે, (કાને) સાંભળે છે, (હાથથી) સલામો ભરે છે, (પગથી) ચાલે છે. અને સાન (સમજણ) આવે છે. ભાન (સભ્યતા) આવે છે. તથા જાનને (દેહ—જીવને) સાફ કરી દે છે.

રાજપૂતના ગુણ અને ગોત વિષે—કવિત.

એક બેર કાહુને અજાન ઉપકાર કિયો,
પ્રતિ ઉપકારી તાકે જન્મહુકે ભયેહે;
વિપતિકે મિત્રકોં સમાન રખે સંપતિમેં,
માન રખે વૃદ્ધકો પુરાનમેં જો કયે હૈ,
અચલ સમાન જાકો બચન પ્રમાન હોત.
મનમેં ગુમાન જાકે કુલકે ન ગયે હૈ,
કહે કવિ [1]આન ઐસે ખાનદાન ખોજોમત,
વો તો રાજપૂત ગયે (અબ) ગરજપૂત રયે હૈ. ૧.

ભાવાર્થ—અજાણતાં પણ કોઇએ એક વખત ઉપકાર કર્યો હોય તેના જેઓ જીન્દગીભર પ્રતિ ઉપકારી થયા છે, વળી પોતાની વિપત્તિના વખતના મિત્રોને સંપત્તિના વખતે સમભાવથી રાખે, તેમજ શાસ્ત્ર પુરાણમાં કહ્યા પ્રમાણે જેઓ વૃદ્ધોનું માન સાચવે છે. જેનું વચન પર્વતની માફક અડગ પ્રમાણવાળું છે, વળી જેઓને પોતાના વંશ બિરદનું માન મનમાંથી ગયું નથી, આન કવિ કહે છે કે—એવા ખાનદાનોને હવે ગોતો નહિ. કારણ કે એ (ગુણવાળા) તો રાજપૂતો ગયા. હવેતો ગરજપૂત રહ્યા છે.

---

૧ કાવ્યકર્તા કવિ "કાનજી ભટ્ટ" વિપ્ર—ગોંડળના રહીશ, અને તેઓ પોતાનું કાવ્યમાં "આન" નામ રાખતા.

દોહા—ગરજપૂત રજપૂત અરૂ, પરજપૂત યહ ભેદ;
આજકાલ યહ દેખિયત, ગાવત પાવત ખેદ. ૧.

ભાવાર્થ—ગરજપૂત રજપૂતો અને પરજપૂત (ક્રીતપુત્ર) માં આજ કાલ એટલો ભેદ માલુમ પડે છે કે-એકને દેખવાથી (મળવાથી) ખેદની પ્રાપ્ત અને એકના ગુણ ગાવાથી (લાભમાં) ખેદની પ્રાપ્તિ થાયછે

સાચા રાજપૂત—કવિત

સજ્જનકે લિયે સત્ય મૂરતિ સતોગુનકી,
દુર્જનકે લિયે દુરારાધ્ય યમદૂત હે;
ખલ દલ ખંડન અખંડ ભૂજદંડ જાકે,
તન મજબૂત જાકો મન મજબૂત હે;
કહે શિવલાલ કૃપા કોપકો નિવાસ નૈન,
ઓજ ગુન અંકિત ઉદાર અબધૂત હે;
કાનકા ન કચ્ચા નહિ કચ્ચા કુલ કાનહૂકા,
બચનકા સચ્ચા સોઇ સચ્ચા રાજપૂત હે. ૧.

ભાવાર્થ—સજ્જનોને માટે સત્ય સત્વગુણની મૂર્તિ સ્વરૂપ, દુર્જનો માટે દુરારાધ્ય યમદૂત સ્વરૂપ, ખળ મંડળનું ખંડન કરવાવાળા જેના અખંડભૂજદંડ, તથા જેનું તન મજબૂત અને મન સુદ્રઢ છે, કવિ શિવલાલ કહે છે કે, જેની બંને આંખોમાં કૃપા અને કોપનો નિવાસ (અર્થાત્ જેના ઉપર કૃપા કરે તેને ન્યાલ અને કોપ કરે તેને પાયમાલ કરે) છે, વળી ઓજ (પ્રતાપ) ગુણથી અંકિત ઉદાર અબધૂત છે. (અર્થાત્ ખાગત્યાગમાં મસ્ત રહેનારા છે) કાનના કાચા નહીં તેમજ કુળકાન (સ્વવંશ મર્યાદા) સાચવનારા તથા વચનના સાચા (એવા ગુણવાળા) તેજ સાચા રાજપૂત કહેવાય. ૧.

(કર્ત્તા કવિરાજ શિવલાલજી રાવ-ભાન્ડુ.)

રાજપૂતાણીને ઉપાલંભ-ગીત.

કરતાર કીરત સનમુખ દશ કાણી, શાણી વાત તણા નહ શ્રૂત,
પાળે નહ કુળ રીત પુરાણી, એવા-રાણી કયોં જાયા રજપૂત. ૧.
તન ધ્રૂજે બાજે રણતૂરાં, દ્રબળાં સૂરા વિગત દયા;
નિપણ ભળતાં હુવે નનૂરા, એના-ગરભ અધૂરા કયોં ન ગયા. ૨.
દરશન નહીં પરસિયા દેવળ, હા જીવત અપકીતે હુઇ,
નર જનમ્યા ઝઝાર ન દાતા, માતા અમથી ભારે મૂઇ. ૩.
ઇણઘર રીત નકો ઉધારી, ભારી નહ જોયો ભરપૂર,
ઠાકરિયા જાયા ઠોબારી, નારી કાંઇ ગમાયો નૂર. ૪.

ભાવાર્થ—કીર્તિ કરનારા (કવિ-પંડિત) સામું નહિ જોનારા, શાણી (નીતિ-રીતિ-ભક્તિ-ભલાઇભરી) વાતો નહિ સાંભળનારા, તેમજ પોતાના કુળાચારને નહિ પાળનારા, હે રાણી ! એવા રાજપૂતો તેં કેમ જણ્યા? ૧. લડાઇનાં વાજીંત્ર વાગે ત્યાં શરીર ધ્રુજવા માંડે, અને દુર્બળ ઉપરે શૂરવીર તથા દયા વિનાના તેમજ નિપુણ (ચારણ) ને ભાળતાં તેજ હત થઇજાય એવાના (જન્મ થયા પહેલાં) અધુરા (મહિને) ગર્ભ કેમ ગળી ન ગયા? ૨. ક્ષત્રિયના ઉત્તમગુણરૂપી દેવની પ્રતિષ્ટા થયા વિનાના વ્યર્થ દેવળજેવા દેહવાળા, (ગરીબ-યાચકોને) દર્શન કરવા યોગ્ય નહીં, અથવા તો દેવદર્શન તીર્થાદિક નહીં કરનારા (નાસ્તિક) તથા અપકીર્તિમય જેનું જીવન છે, દાતાર કે વીર પણ નથી એવાને જન્મ આપી હે માતા ! તું અમથી ભારે મરી. ૩. જેણે ઘરની રીતિનો ઉધ્ધાર ન કર્યો, તથા પોતાના ક્ષત્રિય શરીરના મહિમા સામું કોઇ દિવસ જેયું નહીં, એવા ઠોબારી ઠાકોરોને જન્મ આપી હે રાજપૂત નારી ! તેં તારૂં નૂર (યોવન) શું ગુમાવ્યું? ૪.

(કર્ત્તા કવિરાજ કાનદાસજી મહેડુ ચારણ-ખંડેરાવ ગાયકવાડના કવિરાજ હતા. સરકારથી ગામ, છડી, મશાલ મળેલ હતાં.)

બિરદ છહુંતરી.

(રચયિતા કવિ વીર દુરસાજી આઢા ચારણ.)

પ્રભુ પ્રાર્થના—મંગળાચરણ.

દોહા (સોરઠા.)

અલખ ધણી આદેશ, ધર્માધાર દયાનિધે;
બરણોં સુજસ બેશ પાલક ધરમ[1] પ્રતાપરો. ॥૧॥

ભાવાર્થ—દુરસાજી કવિ કહે છે કેઃ– હે ધર્મના આધાર ! હે દયાના નિધાન ! હે અલખ (દ્રષ્ટિથી અગોચર) ધણી ! હું આપને નમસ્કાર કરી ધર્મપાલક (એવા) મહારાણાશ્રી પ્રતાપસિંહજીના ઉત્તમ સુયશનું વર્ણન કરૂં છું.

---

[1] ઉદેપુરના રાજ ચિન્હમાં નીચે મુજબ દોહાનું અર્ધચરણ છે.

જો દ્રઢ રાખે ધર્મકો, તાહિ રખે કરતાર.

ભાવાર્થ—જે ધર્મનું રક્ષણ દ્રઢતાથી કરે છે તેનું રક્ષણ જગત્કર્તા કરે છે.

વિવેચન.

ધર્મનું રક્ષણ કરનાર મહારાણાના વંશજ અત્યારે મેવાડ

ગિરિ ઉંચો ગિરનાર, આબૂ ગિરિ ઓછો નહી;
એમ—અકબ્બર અઘ અંબાર, પુણ્ય અંબાર પ્રતાપશી.૨

ભાવાર્થ—ઉંચાપણામાં જેવો ગિરનાર પર્વત છે, એવોજ આબૂરાજ પર્વત પણ ઉંચો છે, અર્થાત્ એ કાંઈ ઓછો નથી. એમ અકબર બાદશાહ અને રાણો પ્રતાપસિંહ બંને સમાન છે પરંતુ તેમાં અકબર બાદશાહ તે અઘના (પાપના) અંબાર—(ઢગલા) રૂપે અને રાણો પ્રતાપ તે પુણ્યના અંબાર રૂપે છે. એમ બંનેનું ઉંચાપણું છે.

બુહા[1] બડેરા[2] બાટ[3], બાટ તિકણ[4] બહણો[5] બિશદ[6];
ખાગ ત્યાગ ખત્રવાટ, પાળે રાણ પ્રતાપશી. ॥૩॥

ભાવાર્થ—પોતાના §બાપ દાદા જે ઉજ્વળ માર્ગે

(ઉદેપુર) ના તખ્તે બિરાજે છે, અને પ્રલયકાળના પયોધિ સમાન (પાપથી) પ્રબળ થયેલી મુગલ શહેનશાહતનો અત્યારે પત્તો નથી

દોહા.

જાત અનય અન્યાયતેં, ધર્મ રાજ અરૂ વંશ;
તુલસી તીનો દેખલ્યો, કૈરવ રાવન કંશ. ૧.

નોટ. ૧ ચાલ્યા. ૨ બાપદાદા. ૩ માર્ગ. ૪ તે. ૫ ચાલવું. ૬ ઉજ્વળ.

§ દોહા. "બેટો બાપ તણે, ચીલે જો ચાલે નહી;
(તો) જનની કાંઉં જણે, વરવું લાગે વેરડા." ॥૧॥

ચાલ્યા હોય તે ઉજ્વળ માર્ગે ચાલવુંઃ—આગ (તરવાર), ત્યાગ (દાન), તે બંને *ક્ષત્રવાટ (ક્ષાત્રમાર્ગ) અર્થાત્ ક્ષત્રિઓને માટે ઉત્તમ માર્ગ—તેનું યથાર્થ પ્રતિપાલન પ્રતાપરાણા કરે છે. અર્થાત્ પુર્વજના માર્ગે ચાલે છે અને ક્ષાત્રવટનું પાલન કરે છે.

અકબર ગરવ ન આણ, હિન્દુ સહ ચાકર હુવાં;
દીઠો કોય દિવાણ, ફરતો લટકાં કઠહડે. ॥૪॥

ભાવાર્થ—હે અકબર બાદશાહ! (અન્ય) હિન્દુ રાજાઓ તારા સેવક થયા છે, તેનો તું તારા મનમાં અહંકાર કર નહિ. શું કોઇ વખત તારા (રાજ મહાલયના અગર રાજ્ય

જેની તેની જોઇને, કરિયેં નહી કરીત,
રાખો કળની રીત, ભોકો ગોદડનો ભણે. ॥૨॥
પોતાનાં મૂકી પરાં, જે તે વાંહે જાય,
ઇ—ભેંહલા ભણાય, સાચું સોરઠીયો ભણે. ॥૩॥

* દોહો. "મરવું દેવું મારવું, ઝીલવી ખડગાં ઝટ્ટ;
કલો કહે રે ઠાકરો, વસમી ક્ષત્રિય વટ્ટ." ॥૪॥

(ક્ષત્રિઓના ઉન્નતિ માર્ગ વિષે)—છંદ મત્તગયંદ.

આરત ત્રાન બનો અનલૈ સમરાંગનકો સુખ સ્થાન પિછાનો,
દાન કૃપાન કે પંથ ભયાનક ઠૌર પ્રયાનકી હિમ્મત ઠાનો,
ગેહકો મૃત્યુ ગિનો ધિઃક ત્યું ધિઃક દાન કિયે બિનકો દિન જાનો,
શંકરદાન કહે પ્રિય ક્ષત્રિયો, આપકી ઉન્નતિ યે મગમાનો.

સિંહાસનના) કઠોડા આગળે ઉદૈપુરના મહારાણાને લટકાં કરતો (સલામો ભરી ખુશામત કરતો) જોયો ?

મન અકબર મજબૂત, ફૂટ* હિંદવાં બેફિકર;
કાફર[1] કોમ કપૂત, પકડોં રાણ પ્રતાપશી. ॥૫॥

ભાવાર્થ—અકબર બાદશાહના મનમાં દ્રઢ છે કે, હિન્દુઓમાં ફૂટ (કુસંપ) છે, અને તેઓ બેફિકર છે, (અર્થાત્ કુસંપથી શું બૂરૂં પરિણામ આવશે તેની તેઓને ફિકર નથી) માટે કાફર (હિન્દુ) કોમમાં કપૂત (એવા) મહારાણા પ્રતાપસિંહને પકડી લઉં અર્થાત્ તાબે કરી લઉં.

નોટ. ૧ મુસલમાનો હિન્દુને કાફર કહે છે.

* કવિત—આપસમેં ફૂટ હીતેં સારે હિન્દવાન તૂટે,
તૂટયો કુલ રાવન અનીતિ અતિ કરતે,
પેઠગો પતાલ બલી વજ્રધર ઇરષાતેં,
તૂટયો હિરનાક્ષ અભિમાન ચિત્ત ધરતે;
તૂટયો શિશુપાલ વાસુદેવ જુસોં વૈર કરિ,
તૂટયો મહિષાસુર અધર્મમેં વિચરતે;
રામ કર છૂવનતેં તૂટયો જ્યું મહેશ ચાપ,
ત્યોં—તૂટી પાતશાહી શિવરાજ સંગ લરતે. ॥૧॥
(ભૂષણ કવિ).

અકબર કોના યાદ, હિન્દુ નૃપ હાજર હુવા;
મેદપાટ મરજાદ, પોહ નાઆવ્યો પરતાપશી. ॥૬॥

ભાવાર્થ—અકબર બાદશાહે યાદ કરતાં તમામ હિન્દુ રાજાઓ હાજર થયા, પરંતુ મેવાડની લાજ (મર્યાદા)નું રક્ષણ કરનાર (એવો) મહારાણો પ્રતાપસિંહ (તે એક) આવ્યો નહિ.

મ્લેચ્છાં આગે માથ, નમે નહીં નરનાથરો;[1]
સો કરતબ[2] સમરાથ, પાળે રાણ પ્રતાપશી. ॥૭॥

ભાવાર્થ—મુસલમાનો આગળ નરનાથ (રાજા)નું માથું નમે નહિ, (એવી અણનમપણાની ટેકને સાચવવી) તે સમર્થ (મહા કઠણ) કર્તવ્ય (કર્મ-નિયમ) ને રાણો પ્રતાપસિંહ પાળે છે.

નોટ. ૧ રાજા. ૨ કર્તવ્ય.

કવિત.

કાશી કાશમેર કરણાટક કટક ઓર,
ઓઢિયાકે અંત તેરી છાઇ ભય છાપ હૈ;
કહે કવિરાજ સુ હિમાલયકી હદ તક,
મહદ મહીપ ઉર તેરો તેજ તાપ હૈ;
જોધપુર જૈપુર ઓ બિકાનેર વાલે નૃપ,
અધિક આધિન હોકે જપે તેરો જાપ હૈ;
સુનહુ દીલીશ સબ જીત્યો અવનીશ પર,-
તેરે તાપસેં રહિત એક પરતાપ હૈ.

કલજુગ ચલે ન કાર, અકબર મન આંજસ યુંહી;
સતજુગ સમ સંસાર, પરગટ રાણ પ્રતાપશી. ॥૮॥

ભાવાર્થ—અકબર બાદશાહના મનનો અહંકાર[1] વ્યર્થ છે, કારણ કે આ સંસારમાં જગજાહેર સતજુગ સ્વરૂપ રાણો પ્રતાપ જ્યાં છે, ત્યાં અકબરશાહ કળિયુગની કાર (સત્તા-જોર) ચાલે તેમ નથી.

કદી ન નામે કંધ, અકબર ઢિગ આવે ન એ;*
સૂરજ બંશ સબંધ, પાળે રાણ પ્રતાપશી. ॥૯॥

ભાવાર્થ—દુરસાજી કવિ કહે છે કે- સૂર્યવંશના સાચા સંબંધનું રાણો પ્રતાપ પાલન કરે છે, તો તે રાણો પ્રતાપ કોઈ દિવસ અકબર બાદશાહ સન્મુખ આવે નહિ અને માથું નમાવે નહિ.

નોટ. ૧ અહંકાર.

*કવિત.

ધારી ઉન ટેક એક ઇશ બિનુ નમનોનાં,
જિમનોનાં મિષ્ટ જોલોં યવન ઉખારોંનાં;
કહે કવિરાજ રસ રંગ હુમેં રમનોનાં,
શાહસેં ચિતોડ છિન જોલોં કર ધારોંના;
હોતી મુગલાની ક્ષત્રિપુત્રિકોં મિટાવોં નાંતો,
જંગલમેં ફિરોં શિર કેશકું ઉતારોંનાં;
સહોં પરિતાપ તો હે નામ પરતાપ મેરો,
હોઉં નાંહિં શાંત જોલો દીલ્લી ગઢ જારોંનાં.

ચિતવે ચિત ચિતોડ, ચિત ચિંતા ચિત્તા જળે;
મેવાડો જગ મોડ, પુરૂષ ધન્ય પ્રતાપશી. ॥૧૦॥

ભાવાર્થ—જેના હૃદયમાં રાત્રિ દિવસ ચિત્તોડનુંજ ચિંત્વન છે, અને એજ ચિંતા અગ્નિથી જેનું ચિત બળ્યા કરે છે, એવા મેવાડા (મેવાડના ધણી) જગમોડ (જગના મુકુટ) રૂપ પુરૂષ (શ્રેષ્ટ) મહારાણા પ્રતાપસિંહજીને ધન્ય છે.

સાંગો ધરમ સહાય, બાબર સૂં ભિડિયો[1] ભિડૂસ[2];
અકબર કદમાં આય, પડે ન રાણ પ્રતાપશી. ॥૧૧॥

ભાવાર્થ—દુરશાજી કવિ કહે છે કેઃ—જે મહારાણો સંગ (સંગ્રામસિંહ) ધર્મની સહાય માટે હર્ષયુક્ત બાદશાહ બાબરશાહ સાથે લડયો હતો, તે રાણા સંગનો પૌત્ર (દીકરાનો દીકરો) પ્રતાપરાણો તે ધર્મનો પક્ષ છોડી દઇ બાબરશાહના પૌત્ર (અકબરશાહ)ના પગમાં આવીને કેમ પડે? અર્થાત્ નજ પડે.

નોટ. ૧ લડયો. ૨ સહર્ષ.

અકબર કુટિલ અનીત, ઔર બિટલ[1] શિર આદરે;
રઘુકુળ* ઉત્તમ રીત, પાળે રાણ પ્રતાપશી. ॥૧૨॥

ભાવાર્થ—ધર્મભ્રષ્ટ થઇને અન્ય રાજાઓ કુટિલ અકબરશાહની અનીતિ (આજ્ઞા) ને માથે ચડાવે છે, (તેવા ભયંકર સમયમાં) એક મહારાણો પ્રતાપસિંહ રઘુકુળની ઉત્તમ રીતિનું પાલન કરે છે. (અર્થાત્ અનેક પ્રકારનાં સંકટ વેઠે છે, છતાં ક્ષત્રિયને માટે ઉચિત એવી નીતિ રીતિને ત્યાગતો નથી).

નોટ. ૧ વટલાવું–ધર્મભ્રષ્ટ થવું.

* **રામકથા ચોપાઈ બાલકાંડ.**

રઘુવંશિન કર સહજ સ્વભાઉ, મન કુપંથ પગ ધરે ન કાઉ;
જીનકે લહહીન રિપુ રણ પીઠી, નહીં લાવહી પરતિય મન દીઠી;
મંગન લહહિન જીનકે નાહીં, તે નરવર થોરે જગમાંહીં;
રઘુકુલ રીતિ સદા ચલીઆઇ, પ્રાન જાય બરૂ બચન ન જાઇ;

ભાવાર્થ–રઘુવંશીઓનો સહેજેજ સ્વભાવ છે કે–તેઓ મનવડે પણ બૂરા માર્ગમાં પગ મૂકતા નથી, રણમાં શત્રુઓને કદીપણ પીઠ દેતા નથી, પરસ્ત્રી સામે મનથી પણ ખોટી દ્રષ્ટિ કરતા નથી, માગણો જેના પાસે "ના" એવું સાંભળતાજ નથી. રામચંદ્રજી કહે છે કે હે લક્ષ્મણ! આવા (સદાચારવાળા) શ્રેષ્ટ નર જગતમાં બહુજ થોડા છે.સદાથી રઘુકુળની એવી રીતિ ચાલી આવે છે કે–પ્રાણ જતાં સુધી પણ તેઓ વચનભ્રષ્ટ થતા નથી.

Boys Library
Alfred High School

લોપે હિન્દુ લાજ, સગપણ રોપે તુરક શું;
આરજ[1] કુળ રી આજ, પૂંજી રાણ પ્રતાપશી.॥૨૩॥

ભાવાર્થ—(અન્ય) હિન્દુ (રાજાઓ) પોતાના કુળાચાર (લાજ-મર્યાદા) નો લોપ કરી, તુરકો (મુસલમાનો) સાથે (બેનો દીકરીઓ આપી) સગપણ (સંબંધ) કરવા લાગ્યા છે. હવે (આ સમયમાં) આર્ય જાતિની (ધર્મરૂપી) સાચી પૂંજી (મિલકત) તો કેવળ એક મહારાણો પ્રતાપસિંહજ છે.

સુખ હિત સ્યાળ સમાજ, હિન્દુ અકબર વશ હુવા;
રોસીલો મૃગરાજ, પરવશ હોને પ્રતાપશી.॥૨૪॥

ભાવાર્થ—શિયાળના સમાજરૂપ અનેક હિન્દુ રાજાઓ પોતાના સુખ (આનંદ વૈભવ)ની ખાતર અકબર બાદશાહને વશ થઇ ગયા છે, (અર્થાત સેવામાં હાજર થઇ ચાકરી કરવા લાગ્યા છે.) પરંતુ મહા ક્રોધાળ સિંહરૂપ મહારાણો પ્રતાપસિંહ તે પરાધીન કેમ થાય ? (અર્થાત પરાધીનતા રૂપી પિંજરામાં કેમ પડે !)

નોટ. ૧ આર્ય.

અકબ્બર કુટે[1] અજાણ, હિયા ફુટ છોડે ન હઠ;
પગાં ન લાગણ પાણ[2], પણ[3] ધર રાણ પ્રતાપશી.॥૧૫॥

ભાવાર્થ—અકબરશાહ ઘણો મુર્ખ અને હિયાફુટો છે, તેથી તેની હઠ છોડતો નથી. પરંતુ તે તેના હૃદયમાં સમજતો નથી કે પોતાની દ્રઢ પ્રતિજ્ઞાને ધારણ કરવાવાળો રાણો પ્રતાપસિંહ પગે હાથ લગાડીને તેને (બાદશાહને) કદી સલામ ભરવાનો નથી.

૫

અકબ્બર પથર અનેક, કે ભૂપત ભેળા કિયા;
પણ-હાથ ન લાગો હેક, પારસ રાણ પ્રતાપશી.॥૧૬॥

ભાષાર્થ—અકબરશાહે (અન્ય) રાજાઓરૂપી પથરા ઘણા એકઠા કર્યા, પણ પારસમણિરૂપ એક રાણો પ્રતાપસિંહ તે તેના હાથ લાગ્યો નહિ.

અકબ્બર નીર અથાહ, તઁહ ડુબ્યા હિન્દુ તુરક;
મેવાડો તિણ માંહ, પોયણ રાણ પ્રતાપશી. ॥૧૭॥

ભાવાર્થ—અકબર બાદશાહરૂપી અથાહ જળની અંદર

---

૧ બહુ. ૨ હાથ. ૩ ટેક-પ્રતિજ્ઞા.

હિન્દુ અને મુસલમાન તમામ ડૂબી ગયા, તેમાં મેવાડનો ધણી રાણો પ્રતાપ પોયણ ફૂલરૂપે છે. (પોયણનું ફૂલ પાણીની અંદર ડૂબતું નથી, એટલુંજ નહિ, પણ જેમ પાણી વધે તેમ તે પણ વધે છે, અંદર લેપાતું નથી.)

જાણે અકબર જોર, તોપણ તાણે તોર તિડ;
આ બલાય હે ઓર, પ્રસણાંખોર પ્રતાપશી. ॥૧૮॥

ભાવાર્થ—દુશ્મનોનું ભક્ષણ કરવાવાળો એવો રાણો પ્રતાપ એક અજબ પ્રકારની બલાય (આફત) છે, તે તથા (રાણા પ્રતાપની ધર્મ દ્રઢતા, નેક ટેક, બળ, બાહાદુરી આદિ) તેના જોરને અકબરશાહ જાણે છે; છતાં તે પોતાના તોર (ઝનુન, હઠ) અને તિડ (તડ–પક્ષ) ને છોડતો નથી, અર્થાત્ હઠ યુક્ત મુસલમાનનો પક્ષ તાણ્યા કરે છે.

અકબર હિયે ઉચાટ, રાત દિવસ લાગી રહે;
રજવટ વટ સમરાટ, પાટપ રાણ પ્રતાપશી. ॥૧૯॥

ભાવાર્થ—ક્ષાત્રમાર્ગ (રજવટ) તથા રાજપૂતીની સાચી ટેક (વટ) નો સમ્રાટ (માલિક) એવો રાજા (પાટપ)

રાણો પ્રતાપ છે. (તે હજી કબજે થયો નહિ) તે માટે અકબરશાહના હૃદયમાં રાત્રિ દિવસ ઉચાટ લાગી રહ્યા છે.

અકબર મારગ આઠ, જવન રોક રાખી જગત;
પરમ ધરમ જશ પાઠ, પઢિયો રાણ પ્રતાપશી. ॥૨૦

ભાવાર્થ—યવન બાદશાહ અકબરે [1]ધર્મના અષ્ટ માર્ગ રોકી રાખ્યા, તે સમય પરમ ધર્મનો (બંને લોકની બાજી સુધારનાર) યશપ્રદ પાઠ તો રાણો પ્રતાપસિંહ (એકજ) પઢયો. (ભણ્યો) અર્થાત્ તેણે ધર્મને દ્રઢ રાખ્યો.

અકબર ઘોર અંધાર, ઉંઘાણા હિન્દુ અવર;
જાગે જગદાધાર, પહોરે રાણ પ્રતાપશી. ॥૨૧॥

ભાવાર્થ—અકબર બાદશાહ રૂપી ઘોર અંધકાર (રાત્રિ)માં

નોટ. ૧ ધર્મના આઠ માર્ગ માટે શાસ્ત્ર કથન.

इज्याऽध्ययनदानानि तपः सत्यं धृतिः क्षमा ।
अलोभ इति मार्गोऽयं धर्मस्याष्टविधः स्मृतः ॥

ભાવાર્થ—

૧ યજ્ઞ, ૨ અભ્યાસ, ૩ દાન, ૪ તપ, ૫ સત્ય, ૬ ધૃતિ, ૭ ક્ષમા, અને ૮ નિર્લોભપણું.

એ અષ્ટ પ્રકારનો ધર્મ છે. તેમાં પ્રથમના ચાર દંભથી પણ સેવવામાં આવે છે, પણ છેલ્લા ચાર તો મહાત્મા પુરૂષોમાંજ જોવામાં આવે છે.

અન્ય તમામ હિન્દુ રાજાઓ નિદ્રાવશ થયા છે, તેમાં જગદ્દાધાર (ધર્મ-ક્ષાત્ર ધર્મ)ના પહેરા (ચોકી) માથે (એક) રાણો પ્રતાપસિંહ જાગે છે. ॥૨૧॥

અકબર કને અનેક, નમ નમ નિસરિયા નૃપતિ;
અણનમ રહિયો એક, પુહવિ રાણપ્રતાપશી. ॥૨૨॥

ભાવાર્થ—દુરસાજી કવિ કહે છે કેઃ-અકબરશાહની પાસે અનેક રાજાઓ આવી માથાં નમાવી નમાવી અને ચાલ્યા ગયા છે, અર્થાત્ તમામ નમી ચૂકયા છે, તેમાં હે મહારાણા પ્રતાપસિંહ ! તું એક પુહવિ (હિન્દ ભૂમિ)માં હવે અણનમ (નમ્યાવિના) રહ્યો છું.

અકબરિયે ઈક વાર, દાગલ કી સારી દણી;
અણદાગલ અસવાર, પોહવ રહ્યો પ્રતાપશી. ॥૨૩॥

ભાવાર્થ—અકબર બાદશાહે તમામ દુનિયા દાગલ (ડામ) વાળી કરી (મુગલાઇ સમયમાં બાદશાહી તેમજ રજવાડી તમામ ઘોડાઓને અગ્નિ દાગથી બાદશાહી ચિન્હ અર્થાત્ નિશાન કરવામાં આવતાં હતાં) તેમાં અણદાગ (બાદશાહી ડામ વિનાના) ચેટક અશ્વ પર સ્વારી કરનાર પોહવ (રાજા) રાણો પ્રતાપસિંહ એકજ છે, અથવા દાગ રહિત ઘોડાવાળો રાજા રાણો પ્રતાપસિંહ એકજ રહ્યો છે.

અકબરશા અંગાર, એની-ઝાળેં હિન્દુ નૃપ જળે;
માથે મેઘ મલાર, પ્રાછટ દિયે પ્રતાપશી. ॥૨૪॥

ભાવાર્થ—અકબરશાહ રૂપી અગ્નિની જ્વાળામાં હિન્દુ રાજાઓ અથવા હિન્દુઓ અને રાજાઓ જળે છે, (તે જ્વાળાને બુઝાવવા માટે) તેના માથે રાણો પ્રતાપસિંહ વરસાદ રૂપેં પ્રાછટ દે છે, અર્થાત્ જોરથી વરસે છે.

આપે અકબર આણ, થાપ[1] ઉથાપે ઓ થિરા;
બાપે રાવળ બાણ, તાપે રાણ પ્રતાપશી. ॥૨૫॥

ભાવાર્થ—અકબરશાહ પોતેં અગર તેના સૈનિકો પૃથ્વી માથે (બાદશાહી) આણ (દુહાઇ) સ્થાપે છે તેને રાણો પ્રતાપ ઉથાપી નાખે છે, બાપા રાવળ (રાણા પ્રતાપના પૂર્વજ) ની બાણ (ફ્રાંઠી—આદત અથવા વાણી) તે રાણો પ્રતાપ તાપે છે, અર્થાત તે કુળાચારને સાચવે છે.

હે અકબર ઘર હાણ, ડાણ ગ્રહે નીચી દિસટ;
તજે ન ઉંચી તાણ, પોરસ રાણ પ્રતાપશી. ॥૨૬॥

ભાવાર્થ—અકબર બાદશાહ પોતાને ઘરે હાની (નુક-

નોટ. ૧ પૃથ્વિ.

શાન) થતી સમજીને ચાલતી વેળાએ નીચી દૃષ્ટિ રાખે છે, પરંતુ મહારાણા પ્રતાપસિંહ તો પોરસ અને નેત્રોની ઉંચી તાણ (ઉંચે જોવાપણું) તજતા નથી. (નીચી દૃષ્ટિ અધર્મ, પરાજય અને દુરાચારથી થાય છે, અને ઉંચી દૃષ્ટિ ધર્મ, વિજય તેમજ સદાચારથી થાય છે.)

જગ જાડા[1] જુઝાર,[2] અકબર પગ ચાંપે અધિપ;
ગો રાખણ ગુંજાર, પીલે હૃદય પ્રતાપશી. ॥૨૭॥

ભાવાર્થ—દુનિયાના અનેક યુદ્ધવીર પુરૂષો તેમજ રાજાઓ અકબરશાહના પગ ચાંપે છે, (અર્થાત્ સેવા કરે છે) અને ગો (પૃથવિ, ગાય, વેદ, વાણી આદિ)નું રક્ષણ કરનાર એવો રાણો પ્રતાપસિંહ તે અકબરના હૃદયને પીલે છે, અર્થાત્ દુઃખરૂપ સાલે છે.

અકબર જંગ ઉફાણ, તંગ કરણ ભેજે તુરક;
રાણાવત રિઢરાણ,[3] પણ નહ તજે પ્રતાપશી. ॥૨૮॥

ભાવાર્થ—રાણા પ્રતાપને તંગ કરવા (હેરાન કરવા) અકબરશાહ જંગ (યુદ્ધ) નાં ઉફાણ કરે છે, તુરકો (મુસલમાનો)ને મોકલે છે, પરંતુ રાણાવત (રાણાના કુળમાં જન્મેલો)

નોટ. ૧ ઘણા. ૨ યુદ્ધવીર. ૩ પ્રતિજ્ઞા.

રિઢરાણ (રણુદ્રઢ) એવો રાણો પ્રતાપ તે પોતાના પણુ (ટેક) ને તજતો નથી, અર્થાત કાયર થઇ નમવા જતો નથી.

કરે ખુશામદ કૂર, કિંકર કંજુસ કૂકરાં;
દુરસ ખુશામદ દૂર, પારખ ગુણ પ્રતાપસી. ॥૨૯॥

ભાવાર્થ—ગુણુની પરિક્ષા કરનાર હે રાણા પ્રતાપસિંહજી! ખુશામત તો કુડા (સ્વાર્થી) નોકરો, કંજુસો અને કુતરાંઓ કરે છે. હું દુરસો કવિ તો ખુશામતથી દૂર રહેનાર છું, (અર્થાત કોઇ પણ પ્રકારના લાભ લોભથી, આ કીર્તિ કાવ્ય કરતો નથી, પણ સત્ય કાવ્ય કહું છું) કારણ કે હું ચારણ છું, માટે ચારણ[1] ખુશામત ન કરે તે તેના શરીરનું સ્વભાવિક કર્મ છે.

નોટ—૧.

ચારણોના સત્યવકતાપણાના અનેક દાખલા છે તેમાંથી એક દાખલો.

જયપુર મહારાજા જયસિંહજીએ પોતાના નાના કુમાર ઇશરીસિંહજીને રાજ આપવા ખાતર પોતાના પાટવી કુમાર શિવસિંહનું ખૂન કરાવ્યું હતું. તેમજ જોધપુર મહારાજા અભેસિંહજીએ પોતાના નાના ભાઇ વખતસિંહને નાગોર પ્રગણુ આપવાનો (ખાનગીમાં) ઠરાવ કરી પોતાના પિતા અજીતસિંહને મરાવ્યા હતા. હવે જયપુર જયસિંહજી અને જોધપુર અભેસિંહજી બંને રાજાઓ એક સમય (તીર્થ સ્થળ) પુષ્કરરાજમાં ભેગા થયા, ત્યારે જયપુર જયસિંહજીએ

હલદીઘાટ હરોલ[1], ઘમંડ ઉતારણ અરિ ઘડા[2];
આરણ કરણ અડોલ[3], પહુંચ્યો રાણ પ્રતાપશી. ॥૩૦॥

ભાવાર્થ—દુશ્મનની ફોજનો ઘુમંડ (ગર્વ) ઉતારવા માટે હલદીઘાટની લડાઇમાં આગેવાન થઇ યુદ્ધ કરવાને માટે ડોલે નહી એવો રાણો પ્રતાપસિંહ આવી પહોંચ્યો.

જોધપુરના કવિરાજ કરણીદાનને આજ્ઞા કરી કે, આપ કવિ છો, તો અમારી બંનેની આ વખતે કાંઇક એવી સજીવન કાવ્ય કહો કે, તેની ઘણા કાળ સુધી યાદી રહે. તે ઉપરથી કરણીદાન કવિએ તેજ સમય કહી સંભળાવેલ તે.

દોહો.

જેપુર પતિ જોધાણ પતિ, દોનો થાપ ઉથાપ;
કૂરમ મારો દીકરો, કમધજ મારો બાપ. ॥૧॥

ભાવાર્થ—જેપુર પતિ અને જોધપુર પતિ બંને થાપ ઉથાપ (સ્થાપનાર અને ઉથાપનાર) રાજા છે, તેમાં કૂરમ (કચ્છવાહા—જેપુર મહારાજા) તે દીકરાને મારનાર અને કમધજ (રાઠોડ—જોધપુર મહારાજા) તે બાપને મારનાર છે.

ધન્ય છે કવિની સત્યભાષિતાને અને બંને મહારાજાઓની ક્ષમાને.

વિવેચનઃ—રાજામાં ક્ષમાશક્તિ અને ગરીબમાં દાનશક્તિ એ બે સદ્‌ગુણ પ્રભુની પ્રભુતાને પણ શરમાવે છે.

નોટ—૧ આગળ ચાલવું. ૨ ફોજ. ૩ અડોલ (ચળાયમાન ન થાય તેવો.

થિર નૃપ હિન્દુસથાન, લાતરગા મગ લોભ લગ;
માતા ભૂમી માન, પૂજે રાણ પ્રતાપશી. ॥૩૧॥

ભાવાર્થ—હિન્દુસ્તાનના (અન્ય) સ્થિર (સદાના–પુરાણા) રાજા હતા તે લોભને વશ થઇ પોતાના (ક્ષાત્રાચાર) માર્ગમાં ચાલતાં થાકી ગયા, (અર્થાત્ પોતાની પૃથ્વી–નીતિરીતિનું પાલન કરવા અશક્ત થઇ ગયા.) પરંતુ પોતાની માતૃભૂમિને માનપૂર્વક રાણો પ્રતાપ પૂજે છે.

સેલાં[1] અણી સનાન, ધારા તીરથમેં ધસે;
દેણ ધરમ રણ દાન, પુરટ[2] શરીર પ્રતાપશી. ॥૩૨॥

ભાવાર્થ—ધર્મના રણક્ષેત્રમાં (પોતાના) શરીર રૂપી કંચનનું દાન દેવા માટે રાણો પ્રતાપસિંહ ભાલાની અણીઓથી સ્નાન કરતો થકો શમશેરોની ધારા રૂપી તીર્થમાં ધસારો કરે છે.

નોટ—૧ ભાલા. ૨ સોનું.

ઢગ અકબર દળ ઢાણ, અગ[૧]અગ ઝગડે આથડે;
મગ[૨] મગ પાડે માણ[૩], પગ પગ રાણ પ્રતાપશી.॥૩૩॥

ભાવાર્થ—પહાડે પહાડે (અરવલીમાં)અકબરશાહ પોતાની અસંખ્ય ફોજને ઝગડે છે અને અથડાવે છે, પરંતુ માર્ગે માર્ગે જ્યાં જ્યાં ભેટો થાય છે, ત્યાં ત્યાં પગલે પગલે રાણો પ્રતાપ તે ફોજને માનખંડન કરે છે.

દિલ્લી હૂંત[૪] દુરૂહ, અકબર ચઢિયો એકદમ;
રાણ રસિક રણરૂહ[૫], પલટે કેમ પ્રતાપશી. ॥૩૪॥

ભાવાર્થ—દિલ્લીથી ઓચીંતો એકદમ અકબર (ઉદૈપુર ઉપર) ચડી આવ્યો પરંતુ લડાઇમાં પ્રીતિ કરનારો અને રણદ્દઢ એવો રાણો પ્રતાપસિંહ તે (અકબરશાહ સામે લડતાં) પાછો કેમ હઠે ?

ચિત્ત મરણ રણ ચાય, અકબર આધિની વિના;
પરાધીન પદ પાય, પુનિ જીવે ન પ્રતાપશી. ॥૩૫॥

ભાવાર્થ—અકબરને આધીન થયા વિના (મારૂં) રણસંગ્રામમાં મૃત્યુ થાવ, એમ હમેશાં ચાહના રાખનારો રાણો પ્રતાપ તે પરાધીનતાના પદને પામીને કદી જીવે નહીં.

---

૧ પહાડ. ૨ માર્ગ. ૩ માન. ૪ ઓચિંતો. ૫ રણદ્રઢ.

તુરક હિન્દવા તાણ, અકબર લાયો એકઠા;
ત્યારે-રાખ્યો રાણા માણ, તેં-પાંણાં[1] બળે પ્રતાપશી.૩૬

ભાવાર્થ--જ્યારે અકબરશાહ મુસલમાન અને હિન્દુઓને એકઠા કરી (ઉદૈપુર ઉપર) તાણી લાવ્યો, અર્થાત ચડી આવ્યો, ત્યારે હે રાણા પ્રતાપસિંહ ! તેં તારી ભુજાના બળવડે સ્વમાનનું રક્ષણ કર્યું.

૫

ગોહિલ કુળ ધન ગાઢ, લેવણ અકબર લાલચી;
કોડી દે નહૅં કાઢ, પણધર રાણ પ્રતાપશી. ॥૩૭॥

ભાવાર્થ—ગોહિલ કુળનું (ઇજ્જત, સ્વતંત્રતારૂપી) અત્યુત્તમ ધન તે પડાવી લેવા માટે અકબરશાહ બહુજ ઇચ્છાતુર પરંતુ પણધર (દ્રઢ પ્રતિજ્ઞાવાળો) એવો રાણો પ્રતાપસિંહ તે તેમાંથી એક કોડી માત્ર પણ કાઢી દેતો નથી, (અર્થાત્ પોતાની સ્વતંત્રતા તથા લાજ-ઇજ્જતને રંચ માત્ર પણ દાગ લાગવા દેતો નથી.)

---

[1] હાથ.

અકબર મચ્છ અયાણ, પંછ ઉછાળણ બળ પ્રબળ;
ગોહિલવત ગહરાણ, પાથોનિધિ પ્રતાપશી. ॥૩૮॥

ભાવાર્થ—અકબરશાહ મૂર્ખ મગરમચ્છ જેમ પોતાની ફોજરૂપી પુંછને બળપૂર્વક ઉછાળે છે, (અર્થાત્ વાર વાર મેવાડ ઉપર મોકલે છે.) પરંતુ ગોહિલવત્ત (ગોહિલ કુળમાં જન્મેલો) એવો રાણો પ્રતાપ તે તો ગંભીર સમુદ્ર છે.

નિત ગુંચલાવણ નીર, કુંભી સમ અકબર ક્રમૈ;
ગોહિલ રાણ ગંભીર, પણ ગુધળે ન પ્રતાપશી. ॥૩૯॥

ભાવાર્થ—અકબર બાદશાહરૂપી હાથી તે ક્રમે ક્રમે (અન્ય રાજાઓરૂપી છોટા જળાશયના) નીરને ગુંધળાં (મેલાં) કરે છે, પરંતુ ગોહિલ રાણ પ્રતાપસિંહજીરૂપી ગંભીર (મહાન) જળાશય તેનાથી ગુંધળું (મેલું) કરી શકાતું નથી.

નોટ—મચ્છરૂપી અકબર, પુંછરૂપી ફોજ, પુંછ ઉછાળવું એટલે મેવાડ ઉપર ફોજને મોકલવી, રાણા પ્રતાપરૂપી મહાન જળાશય. અથવા તો પણ (નેક ટેક) તે રૂપી મહાન જળાશય.

ઉડે રીઠ અપાર, પીઠ લગા લાખાં પિસણ[1];

બેઢીગાર[2] બકાર[3], પેઠો નગર પ્રતાપશી. ॥૪૦॥

ભાવાર્થ—અનેક (હથીયારોની) ઝડી મચી રહી છે, અને પીઠે લાખો દુશ્મન (પિસણ) લાગેલાં છે, છતાં પણ બેઢીગાર (લડવું એજ જેનો સ્વભાવ છે) એવો રાણો પ્રતાપસિંહ બકાર (પડકારા) કરી (પોતાના) નગર (ઉદેપુર) માં પેઠો.

અકબર દળ અપ્રમાણ, ઉદયનેર ઘેરે અનય[4];

ખાગાં[5] બળ ખુમાણ, પેલે દળાં પ્રતાપશી. ॥૪૧॥

ભાવાર્થ—અકબરશાહની અમાપ ફોજ (વારંવાર) અન્યાયથી ઉદયપુરને ઘેરો ઘાલે છે, પણ ખુમાણ રાણો પ્રતાપ પોતાની તરવારના બળથી બાદશાહી ફોજને પાછી હાંકી કાઢે છે.

---

૧ દુશ્મન. ૨ લડાઇનો શોખીન. ૩ પડકાર. ૪ અનીતિ. ૫ તરવાર.

દેબારી સુર દ્વાર, અકબરશા અડિયો અસુર;
લડિયો ભડ લલકાર, પોળાં[1] ખોલ પ્રતાપશી.॥૪૧॥

ભાવાર્થ—દેવદ્વાર સમાન દેબારી દ્વાર સાથે અકબરશાહ રૂપી અસુર લડવા આવ્યો, ત્યારે રાણા પ્રતાપસિંહ પોળો (દરવાજા) ખોલીને લલકાર (સપૌરસ પડકારા) કરીને લડયો.

રોકે અકબર રાહ[2], લે હિન્દુ કુક્કર[3] લખાં;
વીભરતો વારાહ, પાડે ઘણા પ્રતાપશી. ॥૪૩॥

ભાવાર્થ–શિકારી જેમ અકબર બાદશાહ હિન્દુઓ-રૂપી લાખો કુતરાંઓને લઇ રસ્તો રોકે છે, પણ વિભરતા (ફાટેલા–વકરેલા) વરાહ રૂપ રાણા પ્રતાપ અનેકનો નાશ કરે છે. અર્થાત્ અકબરશાહ રૂપી શિકારીથી તથા હિન્દુ (રાજાઓ) ની ફોજરૂપી કુતરાંથી-વરાહરૂપી રાણા પ્રતાપ કાયર થતો નથી.

---

૧ દરવાજા. ૨ માર્ગ. ૩ કુતરાં.

દેખે અકબર દૂર, ઘેરા દે દુશ્મન ઘડાં[1];
સાંગાહર[2] રણસુર, પેંડ[3] ન ખસે પ્રતાપશી. ॥૪૪॥

ભાવાર્થ—પોતાના દુશ્મન (રાણા પ્રતાપ) ને તેમજ તેની ફોજને ઘેરા દઈને અકબર બાદશાહ દૂર રહ્યો રહ્યો જુવે છે, પરંતુ રણવંકો રાણા સંગનો પૈત્ર (લડાઈમાં) એક ડગલું પણ પાછો હઠતો નથી.

૬

અકબર તલકે આપ, ફતે કરણ ચારે તરફ;
પણ રાણો પરતાપ, હાથ ન ચઢે હમીર હર. ॥૪૫॥

ભાવાર્થ—અકબર બાદશાહ (રાણા પ્રતાપ ઉપર) ફત્તેહ કરવા માટે ચારે તરફ જુવે છે. (અર્થાત્ શું ઈલાજ કરૂં કે જેથી રાણો પ્રતાપ મારે કબજે થાય એમ તલસે છે.) પરંતુ હમીર રાણાનો વંશજ રાણો પ્રતાપ તેના હાથમાં આવતો નથી, અર્થાત્ જીતાતો નથી.

નોટ. ૧ ફોજ. ૨ સાંગાજીનો પૌત્ર. ૩ ડગલું.

અકબર દુરંગ[1] અનેક, ફતે કિયા નિજ ફોજસુ;
અચળ ચળે નહ એક, પાધર રાણ પ્રતાપશી. ॥૪૬॥

ભાવાર્થ—અકબરશાહે પોતાની ફોજના બળથી અનેક કિલ્લાઓ ફતેહ કરી જીતી લીધા, પરંતુ પાધર (ચોડે મેદાન) લડનારો એવો રાણો પ્રતાપ તેનાથી ચળાયમાન થતો નથી, અર્થાત્ જીતી શકાતો નથી.

દુવિધા[2] અકબર દેખ, કિણ વિધસૂં ઘાયલ કરે;
પવઁગાં ઉપર પેખ, પાખર રાણ પ્રતાપશી. ॥૪૭॥

ભાવાર્થ—રાણા પ્રતાપસિંહના ઘોડા ઉપર પાખર દેખી અકબર દુવિધા (ચિંતા) માં પડયો છે કે હવે રાણા પ્રતાપને કેમ કરીને ઘાયલ કરવો. (અર્થાત્ પકડી લેવો)

નોટ—૧ કિલ્લો. ૨ ચિંતા.

હિરદે ઉણા હોત, શિર ધુણા અકબર સદા;
દિન દુણા દેસોત, પુણા ન્હે ન પ્રતાપશી. ॥૪૮॥

ભાવાર્થ—અકબરશાહના દરબારમાં (તાબેદારી સ્વીકારનાર) રાજાઓની સંખ્યા દિન દિન બમણી થતી જાય છે, પણ (રાણા પ્રતાપની હાજરી વિના) પોતાના મનમાં (સભા–દરબારની) ઉણપ (અપૂર્ણતા) માની અકબરશાહ રોજ માથું ધુણાવે છે કે રાણા પ્રતાપની (જ્યાં સુધી) હાજરી નથી ત્યાં સુધી મ્હારી સભાની પૂર્ણતા નથી.

કલપે અકબર કાય, ગુણ[1] પુંગીધર ગોડિયા;
મણિધર છાબડ માંય, પડે ન રાણ પ્રતાપશી. ॥૪૯॥

ભાવાર્થ—(અન્ય રાજાઓરૂપી અનેક સર્પોને તાબેદારીના કરંડિયામાં પુરવા છતાં) ગુણરૂપી મોરલીને ધારણ કરનાર અકબરશાહરૂપી ગોડિયો મનમાં કલ્પ્યા કરે છે, પરંતુ રાણા પ્રતાપરૂપી મણિધર (મોટો સર્પ) તે (પરાધીનતાના)છાબડામાં પડવાનો નથી.

અહીં ગુણરૂપી મોરલી છે, અકબરરૂપી વાદી છે, અન્ય રાજાઓરૂપી નાના સર્પ છે, અને મોટા સર્પરૂપે રાણો પ્રતાપ છે, તેને તાબે કરવો તે રૂપી છાબડું (કરંડિયો) છે.

---

[1] નોટ–"ગુણ પુંગીધર ગોડિયા"એ ઠેકાણે "ધડ પુંગીધર ગોડિયા" એમ હોવું જોઇએ એમ મારૂં માનવું છે, (ધડ એટલે ફોજ).

મહિ દાબણ મેવાડ, રાડ ચાડ અકબર રચે;
વિષે વિષાયત વાડ, પ્રથુલ પહાડ પ્રતાપશી. ॥૫૦॥

ભાવાર્થ—અકબરશાહ ચાડ (હઠ) થી કરીને મેવાડની જમીન દબાવવા (કબજે કરવા) લડાઇ કરે છે, પણ તે કબજે થતી નથી, કારણ કે એ વખાયત મેવાડ ભૂમિને તો રાણા પ્રતાંપરૂપી મોટા પહાડની વાડ છે.

બઁધિયો[1] અકબ્બર બેર, રસંત[2] ઘૈર રોકે રિપું[3];
કંદ મૂળ ફલ કેર, પાવે રાણ પ્રતાપશી. ॥૫૧॥

ભાવાર્થ—અકબર બાદશાહ સાથે વેર બંધાવાથી (બાદશાહી ફોજે) ઘેરા દઇ તમામ રસ્તાઓ રોકી લીધા છે, (ખોરાકમાં અનાજ કયાંયથી મળતું નથી) તેથી રાણો પ્રતાપ કંદમૂળ, ફળ, કેરડાં આદિ ખાઇને પોતાનો નિર્વાહ ચલાવે છે, (મતલબ કે એવું ભયંકર કષ્ટ વેઠે છે, પણ પોતાનો કુળાચાર (અણનમપણું) તે છોડી અકબરને નમતો નથી.

---

૧ દુશ્મનાવટ. ૨ રસ્તા. ૩ દુશ્મન.

ભાગે સાગે ભામ, અમૃત લાગે ઉંમરા;
અકબર તલ આરામ, પેખે ઝહર પ્રતાપશી. ॥૫૨॥

ભાવાર્થ—પોતાની સ્ત્રી આદિ કુટુમ્બને સાથે લઈને (મહારાણો પ્રતાપ) જંગલમાં ભમતો ફરે છે, અને (જંગલી વૃક્ષ) ઉંમરા (ફળ) ખાવા મળે છે, તેને અમૃત સમાન માને છે, પરંતુ (અન્ય રાજાઓ જેમ બેનો દીકરીઓ આપવી, ધર્મભ્રષ્ટ થાવું, વિધર્મીઓના કબજામાં જાવું, અને પછી મોજફ્ શોખ, વૈભવ ભોગવવા એ પ્રમાણે) અકબરશાહની તાબેદારીનું સુખ (આરામ) તેને તો રાણો પ્રતાપ ઝેર સમાન જુવે છે.

અકબર જીસા[1] અનેક, આહવ[2] અડે અનેક અરિ;
અસલી તજે ન એક, પકડી ટેક પ્રતાપશી. ॥૫૩॥

ભાવાર્થ—અકબરશાહ જેવા અનેક દુશ્મન અનેક વખત રણસંગ્રામમાંલડવા માટે ભલે આવે, પરંતુ અસલી (પોતાના કુળની જૂની સ્વતંત્રતાની) એક (નેક) ટેક પકડી છે, તે ટેક રાણો પ્રતાપ (કદી પણ) તજવાનો નથી.

---

૧ જેવા. ૨ રણસંગ્રામ.

લાંઘણ કર લંકાળ, સાદુળો* ભૂખ્યો સુવે;
પણ-કુળવટ છોડ ક્રોધાળ, પેંડ ન દેત પ્રતાપશી. ॥૫૪॥

ભાવાર્થ—રાણા પ્રતાપરૂપી શાર્દુલ-સિંહ લાંઘણ કરી ભૂખ્યો સુવે છે, પરંતુ પોતાના કુળની ટેક (માર્ગ) છોડી એક પગલું પણ ભરતો નથી.

અથવા સિંહ લાંઘણ કરી ભૂખ્યો સુવે તે ભલે, પરંતુ ખડ ખાય નહિં, તેમ ક્રોધાળ રાણો પ્રતાપ (અનેક કષ્ટ વેઠે છે) પણ પોતાના કુળની મર્યાદા ઉલ્લંઘીને એક પગલું પણ ભરતો નથી.

---

*કવિત.

ખાય સિંહ ઘાસ નાં હજાર દિન ભૂખે મરે,
ચાતક પિયે ના વારિ સર સરિતાનકો;
કહે કવિરાજ ઉગે પશ્ચિમ ન મારતંડ,
ઝહર શ્રવિકે ઇન્દુ પીંડે ન જહાનકો.
ફૈન ફટજાયપેં ન છોરે ફનરાજ ધરા,
ભવનાં ભ્રમિત હોકે છોરે હરિ ધ્યાનકો;
ઉદધિ ડુબાવે નાંહિ અગનિ ન જારે જગ,
તૈસે પરતાપ રાના તજે નહિ માનકો. ॥૧॥

ભાવાર્થ—સિંહ ઘાસ ખાય નહીં, બપૈયો નદી કે તળાવનું પાણી પીએ નહીં, આથમણો સૂર્ય ઉગે નહીં, ચંદ્રમાંથી ઝેર વરસે નહીં, શેષ પૃથ્વીને ત્યાગે નહીં, શંકર ભ્રમિત થઇ વિષ્ણુનું ધ્યાન તજે નહીં, દુનિયાને દરિયો ડુબાવે નહીં અને અગ્નિ બાળે નહીં, તેમજ રાણો પ્રતાપ પોતાનું માન-ટેક તજે નહીં.

અકબર સેંગળ[1] અચ્છ, માંઝળ[2] દળ[3] ઘૂમે મસંત[4];
પંચાનન[5] પલ ભચ્છ, પટકે છડા[6] પ્રતાપશી. ॥૫૫॥

ભાવાર્થ—મદોન્મત્ત હાથી જેમ અકબરશાહ ફોજ વચ્ચે ઘુમે છે, તેના સામે રાણો પ્રતાપસિંહ સિંહ જેમ પંઝા ઝાપટે છે, અથવા અકબરના મદોન્મત્ત હાથી સમાન બળવાન યોદ્ધાઓના દળની સામે અગર તો મસ્ત હાથીઓના દળની સામે રાણો પ્રતાપ માંસભક્ષી સિંહની જેમ પંઝા ઝાપટે છે, અર્થાત્ મહા વીરતાથી નીડરપણે લડે છે.

દંતી[7] દળસૂં દૂર, અકબર આવે એકલો;
ચોડે રણ ચકચૂર, પલમેં કરે પ્રતાપશી. ॥૫૬॥

ભાવાર્થ—હાથીઓની ફોજ સાથે દૂર (એટલે દિલ્લી) થી અકબરશાહ ચડી આવે છે, પણ એકલો (થોડી ફોજવાળો) મહારાણો પ્રતાપ ચોડે મેદાન (ગઢની અંદર છુપાણા સિવાય) લડાઇ કરી એક પલમાં (બાદશાહી ફોજને) ચકચૂર કરી દે છે, અર્થાત્ નાહિંમત, ગર્વહીણ અને છિન્ન ભિન્ન કરી દે છે.

નોટ—૧ હાથી. ૨ વચ્ચે. ૩ ફોજ. ૪ મદોન્મત્ત. ૫ સિંહ. ૬ પંઝા ૭ હાથી.

ચિતમેં ગઢ ચિત્તોડ, રાણારે ખટકે *રયણ;
અકબર પુનરો ઓડ, પેલે દોડ પ્રતાપશી, ॥૫૭॥

ભાવાર્થ—રાણા પ્રતાપના હૃદયમાં ચિતોડ કિલ્લો અને તેની પૃથ્વી (મેવાડ) ની ખટક (રાત્રિ દિવસ) લાગી રહી છે, (જે હવે ક્યારે મારે કબજે લઉં) જેથી ફરી કવિ દુરસાજી કહે છે કે, હવે અકબરશાહના પુણ્યનો અંત આવી રહ્યો છે, અને જરૂર રાણા પ્રતાપ તેને હઠાવશે, અર્થાત્ પુનઃ પૃથ્વી પ્રાપ્ત કરશે.

અકબર કરે અફંડ, મદ પ્રચંડ મારગ મળે;
આરજ[૧] ભાણ[૨] અખંડ, પ્રભુતા રાણ પ્રતાપશી.॥૫૮॥

ભાવાર્થ—કવિ દુરસાજી બાદશાહ અકબરને સંબોધીને કહે છે કે, હે અકબર તું તારા પ્રચંડ મદ રૂપી અંધકાર વડે બધા માગ રોકી રહ્યો છું, પણ તને આર્યોના સૂર્યરૂપી રાણા પ્રતાપની અખંડ પ્રભુતાનું ભાન નથી, મતલબ એ છે કે અકબરશાહની-સત્તા—મદના અંધકારનું જોર રાણા પ્રતાપરૂપીહિન્દુવા સૂર્ય પાસે ચાલે તેવું નથી.

* પૃથ્વી. ૧ આર્ય. ૨ સૂર્ય,

ઘટ[1] સું ઔઘટ ઘાટ, ઘસિયે અકબર તેં ઘણો;
ઇળ[2] ચંદણ ઉપવાટ, પરિમલ[3] ઉઠી પ્રતાપશી. ॥૫૯॥

ભાવાર્થ—હે અકબર બાદશાહ ! તેં તારા દેહને ઘણી જાતની સુગંધીઓ ઘસી, (અર્થાત્ કીર્તિ ફેલાવવા માટે અનેક રાજાઓને આધીન કર્યા, મોટા વિદ્વાનોને પાસે રાખ્યા, અનેક પ્રકારે દાન માનથી ઘણાને સંતોષ્યા વિગેરે વિગેરે ઘણા સદ્ગુણો ધારણ કર્યા.) તો પણ જગતની અંદર રાણા પ્રતાપરૂપી ચંદનની સુગંધી તારી સુગંધી કરતાં વધી ગઇ. અર્થાત્ રાણા પ્રતાપની કીર્તિએ અકબરની કીર્તિને દાબી દીધી.

અકબર જતન અપાર, રાત દિવસ રોકણ કરે;
પણ–પંગી[4] સમંદાં પાર. પૂગો રાણ પ્રતાપશી. ॥૬૦॥

ભાવાર્થ—કવિ દુરસાજી રાણાજીને સંબોધીને કહે છે કે, હે રાણા પ્રતાપ ! તારી કીર્તિને રોકવા માટે અકબરશાહ રાત્રિ દિવસ અનેક પ્રયત્ન કરે છે, છતાં પણ હે રાણા પ્રતાપસિંહ ! તારી કીર્તિ તો સમુદ્રપાર (સમુદ્ર ઉલ્લંઘીને તમામ દેશમાં) પહોંચી ગઇ.

નોટ—૧ દેહ. ૨ પૃથ્વી. ૩ સુગંધિ. ૪ કીર્તિ.

બડી વિપત સહ બીર, બડી કીત ખાટી બસુ[1];
ધરમ ધુરંધર ધીર, પોરસ ધિનો પ્રતાપશી. ॥૬૧॥

ભાવાર્થ—હે વીર ! તેં ઘણી ઘણી વિપત્તિઓને સહન કરી, કીર્તિરૂપી (અચળ) લક્ષ્મી પ્રાપ્ત કરી, તે માટે હે ધર્મ ધુરંધર ! હે ધીરનર રાણા પ્રતાપ ! તારા પૌરસ (પરાક્રમ) નેં ધન્ય છે.

૫

બસુધા[2] કિય બિખ્યાત[3], સમરથ કુળ સીસોદિયા;
રાણા જસ*ની રાત, તું—પ્રગટયો ભલાં પ્રતાપશી.॥૬૨॥

ભાવાર્થ—સમર્થ એવા સિસોદિયા કુળને તેં આખી દુનિયામાં જાહેર કર્યું માટે હે રાણા પ્રતાપસિંહ ! તું જશની રાતે ભલે જન્મ્યો.

નોટ—૧ લક્ષ્મી. ૨ પૃથ્વી. ૩ જાહેર.

*સોરઠો.

શ્રવણે મોતી સાર, શ્રવણે જશ સુણિયા નહીં;
તો ઇ—નર નહીં પણ નાર, સાચું સોરઠિયો ભણે.

ભાવાર્થ—સોરઠિયો કવિ કહે છે કે કાનમાં મોતીના દાગીના પહેર્યા, પરંતુ તે કાનેથી જો સુયશ સાંભળવામાં આવ્યો નહીં તો તેવા નરને પુરૂષ નહીં પણ નારીરૂપ સમજવા.

જીણરો જસ[1] જગ માંહિ, જીણરો જગ ધન્ય જીવણો;
[2]નેડો અપજશ નાંહિ, પણધર ધન્ય પ્રતાપશી. ॥૬૩॥

ભાવાર્થ—(વિદ્વાનો અને નીતિ શાસ્ત્રકારો કહે છે કે) જેનો આ જગતમાં સુયશ છે તેનુંજ જીવવું જગતમાં ધન્યવાદને પાત્ર છે, માટે હે પણધર (નેક ટેકને ધારણ કરવાવાળા) રાણા પ્રતાપસિંહ! તને (હજારો) ધન્ય છે કે તારો અપયશ ક્યાંય પણ છેજ નહિં. અર્થાત્ સ્થળે સ્થળે તારો સુયશ ગવાય છે.

---

૧ દોહો.

જાકો જશ હે જગતમેં, જગત સરાહત તાહ;
તાકો જીવન હે સુફલ, કહત અકબર શાહ. ૧

જશ જીવન અપજશ મરન, કર દેખો સબ કોય;
કહા લંકપતિ લે ગયો, કહા કરન ગ્યો ખોય. ૨

યહાં સુયશ તો સ્વર્ગઉત, તામેં ફેર ન ફાર;
યહાં અયશ તો નર્કઉત, સબ ભાખત સંસાર. ૩

નોટ—૨ નજીક.

અજરામર ધન એહ, જસ* રહજાવે જગતમેં;
દુઃખ સુખ દોનું દેહ, પણીયે સુપન પ્રતાપ્રશી. ॥૬૪॥

ભાવાર્થ—આ જગતમાં (દેવાંશી ઉદારાત્માઓને માટે) સુયશ રહી જાય એજ અજર-અમર ધન છે. હે રાણા પ્રતાપસિંહ ! સુખ અને દુઃખ એ બંને તો દેહના સાથે સ્વપ્ન સમાન (અસ્થિર) છે.

---

૫ *કવિત.

જાવે ધનમાલ સુત જુવતિ સંબંધી જન,
બુદ્ધિ બલ તેજ તન આખર રહાવે ના;

માનવ તો કહા દેવ દાનવ મુનિંદ વૃન્દ,
સબે ચલ જાવે કોઉ અચલતા પાવેના;

કહે જદુરામ ગામ ઠામ ધરા ધામ આદિ,
સબહી નિકામ અંત કામ નિજ આવેના;

કવિતામેં ગાવે સોય અમર રહાવે એરે,
કવિકી જુબાનપેં ચઢે સો નર જાવેના.

દોહા—વહી જાત સંપતિ વિપતિ, દેહાદિક દહિજાત;
વિપ્ર વિનાયક વિશ્વમાં, રાવ સુયશ રહિ જાત.

આ દોહો બરવાળા (લીંબડી) કારભારી વિનાયકરાવ સાહેબ પ્રત્યે મારો કહેલો છે. **શંકરદાન કવિ.**

અકબર જાસી આપ, દિલ્લી પાસી દૂસરા;
પુનરાસી પરતાપ, સુજસ ન જાસી સૂરમા. ॥૬૫॥

ભાવાર્થ—અકબર બાદશાહ (પોતે) જતો રહેશે તેમજ દિલ્લી પણ (કાળે કરી) બીજાને હાથ જશે. પરંતુ હે પુણ્યરાશિ! હે શૂરવીર શ્રેષ્ટ રાણા પ્રતાપ! (આ જગતમાંથી) તારો સુયશ જશે નહીં.

સફળ જનમ સદતાર, સફળ જનમ જગ સૂરમા;
સફળ જોગિ ભવસાર[1], પુર ત્રય પ્રભા પ્રતાપશી. ॥૬૬॥

ભાવાર્થ—હે રાણા પ્રતાપસિંહ! આ દુનિયામાં દાતારનો જન્મ સુફળ છે. તથા વીર પુરૂષનો જન્મ સુફળ છે, તેમજ (ઇશ્વર ભજનમાં જીવન ગુજારનારા) યોગીઓનો જન્મ સુફળ અને સારરૂપ છે, કારણ કે તેઓની ત્રણે લોકમાં પ્રભા (કાન્તિ-કીર્તિ) પ્રસરે છે.

દોહો.

જનની જણ્ય તો ત્રણ જણ્ય, દાતા ભગતા સૂર;
નહીં તો વંઝાપણ ભલો, મત ગુમાવજે નૂર.

નોટ—૧ જન્મ.

સારી[1] બાત સુજાણ, ગુણ સાગર ગ્રાહક ગુણાં;
આયોડો અવસાણ[2]. પાતરિયો[3] ન પ્રતાપશી. ॥૬૭॥

ભાવાર્થ—તમામ બાબતમાં પ્રવીણ, ગુણના સાગર અને ગુણના ગ્રાહક એવા હે મહારાણા પ્રતાપસિંહજી ! આ આવેલો વખત ચૂકશો નહીં. અર્થાત્ જે નેક ટેક–ધર્મ દ્રઢતા ધારણ કરી છે, તે જેમની તેમ નિભાવજ્યો. (અર્થાત્ કષ્ટથી કંટાળી જઇ ચિત્તને ડગાવતા નહીં.)

૬ ———

છત્રધારી છત્ર છાંહ, ધરમ ધાય સોયો ધરા;
*બાંહ ગહ્યાંરી બાંહ, પરતન તજે પ્રતાપશી. ॥૬૮॥

ભાવાર્થ—હે છત્રધારી રાણા પ્રતાપસિંહજી ! આખા હિન્દમાં દોડી દોડી આશ્રયરહિત અને કાયર થઇને હવે ધર્મ (ક્ષાત્રધર્મ) આપની છત્રછાયામાં આવીને શાંતિથી સુતેલો છે, તો (શરણાગતનું પાલન કરવું એ ક્ષત્રિયનો ધર્મ છે માટે) આપે બાંહ ગ્રહી છે તેમજ ધર્મની બાંહ પકડી રાખજ્યો. અર્થાત્ પ્રાણાન્ત સુધી પણ ધર્મને તજશો નહિ.

નોટ–૧ તમામ. ૨ યાદી અથવા વખત. ૩ પાતરવું અર્થાત્ ખસી જવું, ભૂલી જવું.

*દોહા.

તુલસી બાંહ સપૂતકી, સ્વપનેમે અડ જાય,
જીયત નિભાવે આપ ફિર, લડકનકું કહ જાય. ॥૧॥

અંતિમ યેહ ઉપાય, વીસંભર ન વિસારિયે;
સાથે ધરમ સહાય, પલ પલ રાણ પ્રતાપશી. ॥૬૯॥

ભાવાર્થ—દુરસાજી કવિ કહે છે કેઃ–હે મહારાણા પ્રતાપસિંહ! અંતિમ (છેલ્લો) ઉપાય તો એજ છે કે વિશ્વનું ભરણ પોષણ કરનાર એવા જે જગત્પતિ પ્રભુ તેને વિસારવા નહીં, અને ધર્મને તજવો નહીં. કારણ કે છેવટ એક ધર્મજ સાથે આવવાનો છે અને ક્ષણે ક્ષણે સહાય પણ તેજ કરશે. અર્થાત્ ધર્મ અને પ્રભુ આપની સહાય કરશે. માટે ધર્મને છોડશો નહીં અને (ઇષ્ટદેવ એકલિંગજી) પ્રભુને વિસરશો નહીં.

મનરી મનરે માંહિ, અકબર રે રહગી ઈકસ;
નરવર કરિયે નાંહિ, પુરણ રાણ પ્રતાપશી. ॥૭૦॥

ભાવાર્થ—(ગમે તે પ્રકારે પણ રાણા પ્રતાપને પોતાને આધીન કરવો જ એવી) અકબરશાહની મનની ઇચ્છા તે (હજી સુધી) મનમાંને મનમાં રહી છે. હે પુરૂષ શ્રેષ્ટ મહારાણા પ્રતાપસિંહજી! તે (અકબરની) ઇચ્છાને પૂર્ણ કરશો નહીં. અર્થાત્ તાબેદારી સ્વીકારશો નહીં.

અકબ્બરશા હત આસ, અંબ ખાસ ઝાંખે અધમ;
નાંખે હ્રદય નિસાસ, પાસ ન રાણ પ્રતાપશી. ॥૭૧॥

ભાવાર્થ—અકબર બાદશાહ પોતાના આમખાસ (કચેરી દરબાર) સામું જોઇ હતાશ થાય છે અને હૃદય (શ્વાસે) ભરી નિસાસા નાખે છે કે અહો! રાણો પ્રતાપ મારા પાસે ન આવ્યો તે નજ આવ્યો. અર્થાત્ મારા કબજે થયો નહીં.

મનમેં અકબ્બર મોદ, કલમા બિચ ધારે ન કુટ;
સુપનામે સીસોદ, પલે ન રાણ પ્રતાપશી. ॥૭૨॥

ભાવાર્થ—મુસલમાનોની (સભા) વચ્ચે (અથવા તો કલમા પઢતાં એટલે ખુદાની બંદગી કરતાં) અકબરશાહ મનમાં આનંદિત થતો નથી. અફસોસનું કારણ તો ફક્ત એજ છે કે સ્વપ્નામાં પણ સિસોદિયો (રાણો પ્રતાપ) પલ્લે (શરણે) થયેલ તેના જોવામાં આવતો નથી.

એ જો અકબર કાઢ, સેંધવ કુંજર સામટા;
આંસે તો બહુતાઢ, પંજર થયા પ્રતાપશી. ॥૭૩॥

ભાવાર્થ—હે મહારાણા પ્રતાપસિંહ ! તારી પાછળ રખડી રખડીને એ અકબરશાહના ઘોડા તથા હાથીઓ બધા હવે સુકાઇને એકલા હાડપિંજર હોય તેવા થઇ ગયા છે.

ચારણ વરણ ચિતાર, કારણ લખ મહમા કરી;
ધારણ કીજે ધાર, પરમ ઉદાર પ્રતાપશી. ॥૭૪॥

ભાવાર્થ—હે પરમ ઉદાર મહારાણા પ્રતાપસિંહ ! ક્ષત્રિયોનું યથાર્થ વર્ણન કરવું તે ચારણ* જાતિનો સામાન્ય ધર્મ છે, એ કારણનું હૃદયમાં ચિંત્વન કરીને મેં જે આપના મહિમાનું વર્ણન કર્યું છે તેને ધારણ કરવાને આપ યોગ્ય છો. તેથી આપ તેને ધારણ કરશો.

---

*દોહા

વાલા જડધર જોગિયાં, મોરાંને જીમૂત;
વારણને વિંધ્યાદ્રિ વન, ચારણને રજપૂત.

ભાવાર્થ—યોગીઓને મહાદેવ. મોરને વરસાદ, હાથીને વિંધ્યાદ્રિ વન એમ ચારણોને રજપૂત વ્હાલા.

આભા જગત ઉદાર, ભારત વરષ ભવાન ભુજ;
આતમ સમ આધાર, પૃથવી રાણ પ્રતાપશી. ॥૭૫॥

ભાવાર્થ—ઉદારતાથી સંસારને સુશોભિત બનાવવાવાળા હે મહારાણા પ્રતાપસિંહ ! આ ભારત વર્ષ (હિન્દુસ્તાન) આપના ભુજબળ વડેજ ટકેલું છે, તેમજ ભારત ભૂમિને આત્મા સમાન આધારરૂપ આપ છો.

કાવ્ય યથારથ કીધ, બિણ સ્વારથ સાચી વિશદ;
દેહ અવિચળ દીધ, પૂંગી રૂપ પ્રતાપશી. ॥૭૬॥

ભાવાર્થ—(કવિ દુરસાજી કહે છે કે) હે રાણા પ્રતાપસિંહજી ! મેં આ આપની કાવ્ય યથાર્થ, સ્વાર્થરહિત, ઉજ્વળ તેમજ સાચેસાચી કીધી છે અને કીર્તિરૂપ દેહ (શરીર) અવિચળ દીધેલ છે. તે કદીપણ પડશે નહીં.

(કારણ કે કાવ્યથીજ ઉદારાત્માઓની કીર્તિ અને નામના અવિચળ રહે છે.)

કવિવર દુરસાજી આઢા ચારણ વિરચિત

બિરદ છહુંતરી સમાપ્ત.

નોટ.—આ બિરદ છહુંતરી ઉદેપુર રાજ્યના ઇતિહાસ (મહારાણા યશ પ્રકાશ) ગ્રંથમાં છપાયેલી છે, પરંતુ હિન્દી લીપીમાં હોવાથી કચ્છ, કાઠીયાવાડ, ગુજરાતમાં તેનો પ્રચાર નથી. તેથી તેના મેં મારી યથામતિ ગુજરાતીમાં અર્થ કરી, ગુજરાતી લીપીમાં છપાવી છે તેથી ગુજરાતી ભાષાના વાંચનાર વર્ગ તેનો લાભ લેશે.

મહારાણા યશ પ્રકાશમાં છપાયેલા દોહાઓ કરતા આ દોહાઓમાં ઘણા ઠેકાણે પાઠાન્તર છે, તેનું કારણ એ છે કે જન સમાજમાં આ દોહાઓ બહુ પ્રચલિત હોઇ જેના તેના પાસેથી મેં મારી નોટમાં ઉતારી લીધેલા તેથી મને ઠીક જણાયો તેમ પાઠ રાખેલ છે.

" બિરદ છહુંતરી " ના કર્તા કવિવીર દુરસાજી આઢા ચારણનું ટુંક જીવન વૃતાન્ત.

પ્રાતઃ સ્મરણીય ક્ષત્રિયવંશાવતંશ મહારાણા શ્રી પ્રતાપસિંહજીની કીર્તિકાવ્ય (બિરદ છહુંતરી) ના કર્તા " કવિ **દુરસાજી** " જ્ઞાતે ચારણ હતા, અને તેમના પિતાનું નામ " **મેહાજી** " અને તેઓ મારવાડમાં (જોધપુર તાબે) સાંચોર પ્રગણે ગામ " **આઢાં** " ના રહીશ હતા. દુરસાજીનો જન્મ સંવત **૧૫૯૫** માં અને મૃત્યુ સંવત ૧૭૦૮ માં.

શ્રી કરણીજી[૧] (ચારણ) દેવીની, એક વખત, ગામે

---

૧ શ્રી કરણીજીનો જન્મ જોધપુર તાબે શેરગઢ પ્રગણે ગામ "**શુવાપ**" માં કિનિયા શાખના ચારણ મેહાજીનાં ધર્મપત્ની દેવલબાઈ (આઢીજી) ની કુક્ષે થયો હતો. શ્રી કરણીજીનું મોસાળ આઢાં ગામે હતું. બિકાનેર રાજ્યની સ્થાપના કરનાર (મૂળ પુરૂષ) બિકાજી રાઠોડ ઉપર શ્રી કરણીજી પ્રસન્ન થયાં અને તેઓની દયાથીજ બિકાજી "જંગલધર પાતશાહ" (બિકાનેરના મહારાજા) બન્યા હતા. બિકાજીથી આજસુધી ઉત્તરોતર દરેક બિકાનેરના રાજાઓ શ્રી કરણીજીને ઇષ્ટદેવી તરીકે અત્યંત પ્રેમથી પૂજતા આવે છે. વિદ્યમાન મહારાજા ગંગાસિંહજી તો શ્રી કરણીજીના અનન્ય ભક્ત છે. બિકાનેર પાસે "દેશણોક" ગામે શ્રી કરણીજીનું મહા મંદિર છે, અને અનેક યાત્રાળુ ત્યાં આવે છે. યાત્રાળુને ઉતરવા માટે ધર્મશાળાઓ વિગેરે સુખદ સાધનો છે. મારવાડ, મેવાડ, માળવા, ઢુંઢાડ આદિ દેશમાં માતાજીનો ઘણોજ મહિમા છે. દર્શન કરવા યોગ્ય ભવ્ય ધામ છે અને તેનો જે આરસનો દરવાજો છે તે તો ખાસ અવલોકન કરવા યોગ્ય છે. લાખો રૂ. ખરચી આરસનું ઉતમ કારીગરીવાળું કામ કરેલ છે.

તે કોઇ દોષના અંગે, (પોતાના મોસાળ) આઢાંના ચારણો પ્રત્યે ઇતરાજી થઇ અને તેમણે શ્રાપ દીધો કેઃ– હવે તમારી અવનતિ (પડતી) થશે. ત્યારે ચારણોએ આજીજી કરી માફી માગી, તે ઉપરથી માતાજીએ અનુગ્રહ કરી પુનઃ વચન આપ્યું કે આ " **આઢાં** " ગામ છોડીને પૂર્વ અગર પશ્ચિમ તરફ જે જશે તે સુખી થશે અને ઉન્નતિ પામશે.

શ્રી કરણીજી માતાજીના શ્રાપથી આઢાંના ચારણોનો વખતદિવસે દિવસે પલટાવા લાગ્યો, ગામ ઉજ્જડ થવા લાગ્યું, તેવા સમયમાં આઢા ચારણ મેહાજી (દુરસાજીના પિતા) ને કાંઇ પણ સંતાન ન હતું; તેમજ તેઓ હિંગલાજ દેવીના ઉપાસક હતા, તેથી હિંગલાજ દેવીને પરસવા રવાના થયા. બહુજ પ્રેમ અને દ્રઢતાથી મેહાજીએ ત્રણ વખત (પગપાળા) માતાજીની યાત્રા કરી, તેમાં એક દિવસ શ્રી હિંગલાજ દેવીએ સ્વપ્નામાં આવીને કહ્યું કે હે બચ્ચા ! હે મેહા ! તારી શું ઇચ્છા છે ? " જે જોઇએ તે માગી લે. " ત્યારે મેહાજીએ એક સારા પરાક્રમી પુત્રની માગણી કરી, અને માતાજીએ " તથાસ્તુ " કહ્યું. તરતજ મેહાજી નિદ્રામાંથી જાગ્રત થઇ ગયા, અને શ્રદ્ધા બંધાણી કે હિંગલાજ દેવીની કૃપાથી જરૂર પુત્ર થશે. મેહાજી પોતાને ગામ આવ્યા, અને ગામની સ્થિતિ જુવે છે તો આઢાંમાં રહેનારા પોતાના કુટુમ્બીજનો તેમજ ખેડુ વર્ગ-માંથી કેટલાક મરી ગયા હતા, અને કેટલાક જ્યાં ત્યાં

બહારગામ ચાલ્યા ગયા હતા. તેથી મેહાજી પણ પોતાનાં સ્ત્રીને લઇ ચાલી નીકળ્યા. ચાલતાં ચાલતાં (મારવાડમાં) "સોજીત" પાસે "જેતારણ" ગામે આવ્યા. ત્યાં પોતાનાં ધર્મપત્નીને ગર્ભ હોવાથી બાળકના જન્મનો સમય નજીક આવતાં થોડા દિવસ રોકાણા, અને સંવત ૧૫૯૫ ના માઘ શુદી ૧૪ ના રોજ મધ્યરાત્રિ સમયે (જેતારણ ગામમાં) દુરસાજીનો જન્મ થયો. મેલી દાટવા જમીન ખોદતાં કાંઇક દ્રવ્યનો લાભ થયો. પછી મેહાજીએ ત્યાં જેતારણ ગામમાંજ એક મકાન ભાડે લીધું, અને નિવાસ કર્યો. ત્યાં એક જૈન સાધુ (જતી મહારાજ) રહેતા, તેઓ દુરસાજીની બાલ્યાવસ્થાની ચેષ્ટા, હુશિયારી ઉપર પ્રસન્ન થયા અને ભણાવા લાગ્યા. થોડા વખતમાં દુરસાજીએ ગુરૂ (જતીજી) ની કૃપાથી યોગ્ય વિદ્યા પ્રાપ્ત કરી અને તેઓ નવીન કાવ્ય બનાવવા લાગ્યા. હવે પ્રભુની કૃપા અને દુરસાજીનો ભાગ્યોદય થવાનો તેથી તેઓ સંવત ૧૬૧૫-૧૬ લગભગમાં પુષ્કરરાજ સ્નાન કરવા આવી ચડયા. તે વખતે બાદશાહી વજીર બહેરામ ખાનખાનાનો અજમેરમાં મુકામ હતો. ત્યાં જઇ સલામ લેવા કોશીશ કરી. પણ દુરસાજીનો સાધારણ લિબાસ, છોટી ઉંમર તેથી માણસોએ જાહેર કર્યું નહિ. પરંતુ ભાગ્યોદય થવાનો તેથી એક દિવસ વજીર બહેરામ ખાનખાનાં સાંજના વખતે ફરવા નીકળેલા ત્યાં દુરસાજી જઇ ચડયા અને દૂરથી નીચે લખ્યો "દોહો" ઉંચા સ્વરે બે ત્રણ વખત બોલ્યાઃ—

દોહા.

આફતાબ અંધેર પર, અગનીકે પર નીર;
ત્યોં–દુરસાકવિકા દુખ્ખ પર, હે બહેરામ વજીર.

ભાવાર્થ—જેમ અંધારા માથે સૂર્ય, અગ્નિ માથે પાણી, તેમ દુરસા કવિના દુઃખ માથે બહેરામ વજીર.

ઉપરના દોહાનો કાનપર અવાજ આવતાં બહેરામ વજીરે તે તરફ લક્ષ દીધું.

તેમજ બે ત્રણ વખત દોહા બોલ્યા તેથી ભાવાર્થ પણ કાંઇક સમજવામાં આવતાં દુરસાજીને નજદીક બોલાવ્યા અને તે દોહા પુનઃ સાંભળ્યો. વળી દુરસાજી બીજા પણ દોહા બોલ્યા તે નીચે મુજબ.

દોહા.

તું બંદા અલ્લાહકા, મેં બંદા તેરાહ;
તેરા હે માલિક ખુદા, તું માલિક મેરાહ.
પીર પરાઇ મેટણાં, એહ પીરકા કામ;
મેરી પીડા મેટ દે, બડા પીર બહરામ.
વિભિષણકું વારિધિ તટ, ભેટે વો એક રામ;
અબ મિલગયા અજમેરમેં, દુરસાકું બેરામ.

એક પછી એક ઉપરના ત્રણે દોહા સાંભળતાં બેહરામ વજીર બહુજ પ્રસન્ન થયા. બેહરામને રામાયણની કથાની માહીતી હતી, તેથી છેલ્લા દોહા ઉપર તો ઘણાજ ખુશી થયા, અને ત્યાંથી રવાના થતી વખતે પોતાની સાથે ફોજના કેમ્પમાં દુરસાજીને પોતાને ઉતારે તેડી લાવ્યા. અને ઉતારા ખાનપાન વિગેરેનો બંદોબસ્ત કરાવ્યો. પાંચ દસ દિવસે દુરસાજીને રોકી વાતો સાંભળી. છેવટે દુરસાજીએ રજા માગી ત્યારે એક લાખ રૂા. બક્ષીસ દીધા. તે વખતે દુરસાજીએ અરજ કરી કે બાદશાહનાં દર્શન કરવાની મને બહુ ઇચ્છા છે, તે અલભ્ય લાભ આપની કૃપા હોય તોજ મળે. તેથી બેહરામ વજીરે કહ્યું કે બે મહિના પછી દિલ્હી આવજો. જરૂર સલામ થશે. પછી દુરસાજી જેતારણ ગયા, અને પાછા બે ત્રણ મહિને દિલ્હી પહોંચ્યા. તરતજ વજીર બહરામ ખાનખાનાનું મિલન થયું. ત્યાર પછી થોડા દિવસે અકબરશાહને અરજ કરી બહરામ વજીર પોતાની સાથે ×દુરસાજીને બાદશાહી દરબારમાં લઇ ગયા. સભામાં જે વખત બાદશાહનું પધારવું થયું, તે વખતે દુરસાજીએ બાદશાહનાં

× જોધપુરના બારહટ્ટ ચારણ "લખાજી" અકબરશાહ પાસે રહેતા, તેઓની કૃપાથી દુરસાજીને બાદશાહની સલામ થઇ હતી એમ પણ કહેવાય છે. દુરસાજીએ નીચે લખ્યો "દોહો" લખાજીને કહ્યો. તે ઉપરથી લખાજીએ બાદશાહની સલામ કરાવી.

દોહા.—દિલ્લી દરગહ અમ્બતરૂ, ઉંચો ફ્લદ અપાર;
ચારણ લખ્ખો ચારણાં, ડાલિ નમાવણહાર.

રોમાંચ ખડાં થઇ જાય એવી બિરદાવળી કહી સલામ ભરી, ત્યારે બાદશાહે દુરસાજીને પૂછ્યું કે, "તુમ કૌન હો ?" ત્યારે દુરસાજીએ પણ બાદશાહની જેમજ બાદશાહને પૂછ્યું કે, "તુમ કૌન હો ?" એ વખતે બાદશાહે ઉગ્ર દ્રષ્ટિથી જવાબ દીધો કે "તું મુઝે નહિ પહિચાનતા હૈ !" તેના જવાબમાં દુરસાજી નીચે લખ્યું ડીંગળી ભાષાનું ગીત બોલ્યા.

"ગીત"

બાણાવળિ લખણ[1] કે તું અરજણ બાણાવળિ;
શરદશ[2] રોળણ (કે તું) કંશ સઁહાર.
સાંસો[3] ભાજ હમાયુ સમો[4]ભ્રમ;
તું–અકબરશાહ કવણ અવતાર. ૧.

નિગમ શાખ માનષ ગત નાહીં;
અશપત[5] કથ સાચો અણવાર.
વેધ્રણ[6] ભ્રમર કે તું ઝખ[7] વેધણ;
ગિરતારણ[8] કે તું ગિરધાર. ૨.

---

૧ લક્ષમણ. ૨ રાવણ. ૩ સંશય. ૪ પુત્ર.
૫ બાદશાહ. ૬ વીંધનાર. ૭ મચ્છ. ૮ પહાડ.

જોગી પરાં કરામત જોતે;
તું—આદમ નહીં વડો કોય અંશ.
ઘૂંસણ[1] ઘણરવ[2] કે કરણ વિધૂંસણ;
વંશ રઘુ કે તૂં જદુવંશ. ૩.

આખ[3] દલીશ[4] કૂણ તૂં ઇણમેં;
અનંત[5] કે તું નર પ્રગટ યહાં.
વીર અતળબળ[6] ઢાહણ[7] વાળી;
કે—કાળી નાથણહાર કહાં. ૪.

ગીતનો ભાવાર્થ એવો છે કે, લક્ષ્મણજી, અર્જુન, રામચંદ્રજી અને કૃષ્ણ પરમાત્મા એ ચારમાં તું કોનો અવતાર છે? હે અકબરશાહ! તેનો તું મને જવાબ દે. રામાયણ તેમજ મહાભારતના ઇતિહાસની અકબરશાહને માહિતી હતી તેથી ઉપરનું ગીત સાંભળી બાદશાહ બહુ ખુશી થયા.

મહા પ્રબળ વજીર બહરામ ખાનખાનાની તો દુરસાજી ઉપર કૃપા હતીજ. અને વળી બાદશાહની પણ કૃપા થઇ, બહરામ ખાનખાનાની અનન્ય કૃપાથી (બાદશાહ તરફથી)

---

૧ મારનાર. ૨ મેઘનાદ. ૩ કહે. ૪ દીલ્લીનો પતિ. ૫ શેષ. ૬ જેની તુલ્ય બીજો કોઈ નહિ એવો બળવાન. ૭ મારનાર.

દુરસાજીને ક્રોડપસાવની બક્ષીસ મળી. અને પછી જેતારણ આવ્યા.

ત્યાર પછી જોધપુર મહારાવ ચંદ્રસેનજીના કુમાર *રાયસિંહજી પાસે દુરસાજીનું રહેવું થયું.

બિકાનેર મહારાજા રાયસિંહજીનો મુકામ (અહમદાવાદ જતાં રસ્તામાં) શિરોહી આસપાસમાં થયો. તે વખતે શિરોહીની ગાંદીએ મહારાવ સુરતાન દેવડા (રાજા) હતા, અને તેઓના મુખ્ય મંત્રીનું કામ (મહારાવના ભાઇ) વજાજી દેવડા કરતા હતા. બંને ભાઇ મહા પરાક્રમી હતા. પરંતુ નીચ માણસોની ખટપટથી બંને ભાઇઓને વિરોધ વધી ગયો હતો તેથી વજાજી દેવડા બિકાનેર મહારાજા રાયસિંહજીને (શિરોહી પાસે મુકામ હતો ત્યાં) જઇને મળ્યા અને કહ્યું કે "શિરોહીનું રાજ્ય મને અપાવો તો અરધું રાજ્ય બાદશાહને નજર કરૂં." બીજી તરફથી મહારાવ સુરતાન દેવડા પણ બિકાનેર મહારાજાને મળ્યા અને કહ્યું કે મારા ભાઇ વજાજીને અહીંથી દેશનિકાલ કરો તો શિરોહી રાજ્યમાંથી અર્ધ ભાગ બાદશાહને નજર કરૂં. મહારાવ સુરતાનનો વ્યાજબી હક હોવાથી

---

* રાયસિંહજી જોધપુરના ફટાયા કુંવર હતા. અકબરશાહની તેઓ ઉપર કૃપા થતાં "રાવ" ની પદવી સાથે "સોજત" પ્રગણું તેઓને બક્ષીસ મળ્યું હતું. અને ફોજમાં માનકારી અફસર (મનસબદાર) હતા.

બિકાનેર મહારાજાએ વજાજીને દેશપાર કર્યા અને શિરોહીનાં અમુક પ્રગણાંનો કબજો લઇ ત્યાં બાદશાહી થાણું બેસાડી દીધું તેમજ તે હકિકત દિલ્હીએ બાદશાહને લખી જણાવી. તેવા સમયમાં ઉદેપુર મહારાણા પ્રતાપસિંહજીના નાના ભાઇ *જગમાલજી (ઉદેપુરથી રીસાઇને)

---

* આ જગમાલજી મહારાણા શ્રી ઉદેસિંહજીના પરમપ્રિય (નાના) કુંવર હતા. તેઓ છોટા કુંવર હોવા છતાં મહારાણા ઉદેસિંહે પ્રીતિના અંગે યુવરાજ તરીકે રાખ્યા હતા અને સંવત ૧૬૨૮માં મહારાણા ઉદેસિંહનું મૃત્યુ થતાં જગમાલજી રાજ્યગાદી ઉપર બેસી ગયા. પરંતુ છોટો કુંવર રાજ્યગાદી ઉપર આવે તે (રાજપૂત) રાજનીતિ વિરૂદ્ધ હોવાથી ઉદેપુર રાજ્યના ઉમરાવ સરદારોએ જગમાલજીને ગાદી પરથી ઉઠાડી મૂકીને સાચા હકદાર પાટવી કુંવર પ્રતાપસિંહને રાજ્યારૂઢ કર્યા. તેથી જગમાલજી ક્રોધાંધ થઇ અજમેર આવી બાદશાહી સુબાને મળ્યા અને ત્યાંથી મહેડુ શાખના ચારણ જાડાજી (પોતાના મિત્ર હતા તેથી તેને બોલાવી) ને દિલ્લી મોકલ્યા. જાડાજી દિલ્લી ગયા, નવાબ અબ્દલરહિમ (ખાનખાના) ને મળ્યા, અને નવાબને કાવ્ય તથા વાતચીતથી પ્રસન્ન કર્યા. તે વખતે જાડાજીએ કહેલ કાવ્યમાંથી—

દોહા.

ખાનાખાન નવાબરો, બડો અચરજ એહ;
કેમ સમાણો મેરૂ મન, સાઢ ત્રિહથ્થી દેહ. ૧

ખાનાખાન નવાબરે, ખાંડે આગ ખરંત;
પાણીવાળા પરજળે, ત્રણ વાળા જીવંત. ૨

ઉપરના દોહા તેમજ અન્ય કવિતા, વાતચીતથી ગુણગ્રાહી મહા

દિલ્લીમાં બાદશાહ પાસે આવીને રહ્યા હતા. અને બાદશાહ તરફથી તેઓને "જહાજપુર" પ્રગણું બક્ષીસ આપવામાં આવ્યું હતું. રાજપુતોમાં પરસ્પર કુસંપ કરાવી, લડાવી નિર્બળ કરવા એવી અકબરશાહની અંદરખાને ઇચ્છા હતી, તેથી બિકાનેર મહારાજા રાયસિંહજી તરફથી ખબર મળ્યા કે તરત કબજે કરેલ શિરોહી રાજ્યનો અરધ ભાગ બાદશાહે જગમાલજીને બક્ષીસ આપી દીધો. (જગમાલજી શિરોહી પરણેલ હતા) અને બાદશાહે કહ્યું કે જગમાલજીનું શિરોહીમાં સગું છે, માટે તે જાગીર તેઓને બહુજ અનુકુળ પડશે. એમ કહી બાદશાહી હુકમ

દાની નવાબ ખાનખાનાએ ખુશી થઇ જાડાજીને કહ્યું કે "તમારી જે ઇચ્છા હોય તે માગો, હું વચન આપું છું" ત્યારે જાડાજીએ માગ્યું કે "બાદશાહ તરફથી જગમાલજી માટે જહાજપુર પ્રગણું લખાવી આપો" એટલે નવાબ ખાનખાનાએ જવાબ આપ્યો કે જગમાલજી માટે જહાજપુર લખાવી આપીશ પરંતુ તમારા માટે કાંઇક માગો તેના જવાબમાં જાડાજીએ કહ્યું કે "હું ચારણ છું ક્ષત્રિયો સિવાય બીજાનું દાન લેતો નથી, અને જગમાલજીને જહાજપુર મળશે, તો મને મળ્યા બરાબર સમજીશ." પછી જગમાલજીને અજમેરથી દિલ્લી બોલાવ્યા અનેજહાજપુર પ્રગણુ આપ્યું. નવાબ ખાનખાનાએ જાડાજીની પ્રસંશા માટે કહેલ દોહો.

ધર જડ્ડી અંબર જડા, જડ્ડા ચારણ જોય;
જડ્ડા નામ અલ્લાહદા, ઔર ન જડ્ડા કોય. ૧

લખી આપવામાં આવ્યો. જગમાલજીએ શિરોહી આવી (અર્ધ) રાજનો કબજો લીધો. પરંતુ થોડો વખત ગયા બાદ શિરોહી મહારાવ સુરતાન દેવડા અને જગમાલજી વચ્ચે જમીનને અંગે ખટપટ જાગી અને વિરોધ વધી ગયો. તેથી છેવટે જગમાલજીએ દિલ્હી આવી બાદશાહ પાસે મહારાવ સુરતાન વિરૂદ્ધ ફરિયાદ કરી. તેથી (જગમાલજીની મદદ માટે) અકબરબાદશાહે સોજીત રાવ રાયસિંહજીને બાદશાહી ફોજ લઇ શિરોહી ઉપર મોકલ્યા. (આ વખતે કવિ દુરસાજી પણ રાવ રાયસિંહજી સાથે હતા.) રાવ રાયસિંહજીએ સુલેહ કરવા માટે શિરોહી મહારાવને કહાવ્યું. રાજપૂતોને દેહ કરતાં પણ પૃથ્વી વધારે પ્રિય હોય છે તેથી તેમણે કહેણ માન્યું નહિ.

પાલીતાણાના ગીતનો અર્ધો દુવાલો.

" જીવનું નકો રજપૂત રાખે જતન, જીવ જાતો કરે વતન જાતે"

વળી પૃથ્વી માટે પુનઃ દોહો.

કુશલ પ્રસૂ હે કલહકી, કાયરકી કન્યાહ;
શંકર કવિ શુરવીરકી, સુંદરી વસુંધરાહ. ॥૧॥

દોહાનો ભાવાર્થ—આ પૃથ્વી કજીયાની માતા તથા કાયરની કન્યા અને શૂરવીરની સુંદરી છે.

છેવટ (સંવત ૧૬૪૦ ના કારતક માસમાં) ભયંકર લડાઇ થઇ, તેમાં શિરોહી મહારાવ સુરતાન દેવડાનો વિજય થયો અને કેટલીક બાદશાહી ફોજ સાથે સોજીત રાવ રાયસિંહજી તેમજ સિસોદિયા જગમાલજી (ઉદેપુરવાળા) તથા મહેડુ ચારણ જાડાજી વિગેરે માર્યા ગયા. ત્યાર પછી શિરોહી મહારાવ તરફથી રણક્ષેત્ર તપાસતાં ઘાયલ થયેલા બેભાન સ્થિતિમાં દુરસાજી હાથ લાગ્યા, તેઓની સારવાર કરતાં સચેત થયા અને ચારણ છે તેવું જાણવામાં આવતાં તેઓને પાલખીમાં બેસાડી શિરોહી લઇ જવામાં આવ્યા. યોગ્ય ઇલાજ કરતાં થોડા દિવસે દુરસાજી સાજા થયા. ત્યાર બાદ મહારાવ સુરતાન દેવડાએ પોતાની સલામે બોલાવ્યા અને આગ્રહ પૂર્વક રોકયા. દુરસાજીના સદ્‌ગુણ જોઇ ગુણગ્રાહી શિરોહી મહારાવ સુરતાન દેવડાએ દુરસાજીને શિરોહી રાજના પોળપાત (દસોંદી) સ્થાપ્યા અને "પેસુવા, ઝાંખર" આદિ પાંચ ગામના પટ્ટા સાથે ક્રોડ પસાવની બક્ષીસ કરી, બહુજ માનસર્તબા સાથે પોતાની પાસે રાખ્યા.

સોજીતવાળા રાવ રાયસિંહજી લડાઇમાં માર્યા ગયા, તેનું વેર લેવા માટે જોધપુર મહારાજા શિરોહી માથે ચડી આવ્યા. તે વખતે દુરસાજીએ જોધપુર મહારાજાને સમજાવી શિરોહી મહારાવ સાથે સુલેહ કરાવી આપી અને બંને રાજાઓને મેળવી હજારો માણસોના જાન બચાવ્યા.

પોતાને શિરોહી તરફથી મળેલી જાગીરના "પેસુવા" ગામે પોતાના નામથી "દુરસેલાવ*" નામે પાકું પત્થર બંધી પાળ તથા ઘાટવાળું તળાવ કરાવ્યું, તેમાં દશ બાર લાખ રૂ. નું ખર્ચ કર્યું. તેમજ શ્રી બાલેશ્વરી દેવીનું એક ઉત્તમ મંદિર બંધાવ્યું. દુરસાજીને પ્રથમનાં સ્ત્રીથી ભારમલજી તથા જગમાલજી નામે બે પુત્ર હતા, અને બીજાં સ્ત્રીથી કિસનાજી નામે પુત્ર હતા. મોટા પુત્ર ભારમલજી અચક્ષુ હતા. તેમના પુત્ર રૂપજી નામે હતા, તે આજ્ઞા વિરૂદ્ધ ચાલતાં ગૃહ કુસંપ થયો. તેથી પોતાને મળેલાં પાંચ ગામના બે સરખા ભાગ કરી ભારમલજી, જગમાલજી અને કિસનાજી ત્રણે પુત્રને બોલાવી કહ્યું કે—"આ જાગીરના બે ભાગ અને ત્રીજા ભાગમાં હું પોતે એમ ત્રણ ભાગ કર્યા છે. તમને યોગ્ય લાગે તેમ ત્રણે ભાઈ ભાગ માગી લ્યો." બંને મોટા દીકરા ભારમલજી[1] તથા જગમાલજીએ[2] જાગીર માગી લીધી, એટલે કીસનાજી (નાના

---

* દુરસેલાવ તળાવ અત્રે બહુ સારી સ્થિતિમાં આબાદ છે. તેનો ઘેરાવો આશરે સાત માઇલનો છે.

૧ ભારમલજીના વંશજ અત્યારે "પેસુવા" ગામમાં છે. પેસુવા એકજ ગામ દસ હજારની ઉપજનું છે.

૨ જગમાલજીના વંશજ "ઝાંખર" ગામમાં છે. તે ગામ સાત હજારની ઉપજનું છે.

દીકરા) ના ભાગમાં પોતે (દુરસાજી) આવ્યા. પોતાના ગૃહમાં કુસંપનું બીજ એવા પૌત્ર રૂપજી સામી દૃષ્ટિ કરી ને (દુરસાજીએ) શ્રાપ દીધો કે, "તમે મારી કમાયેલી જાગીર ઉપર ગુજારો કરી ખાશો તે ભલે, પરંતુ નવી જાગીર પ્રાપ્ત કરવા માટે તમારા વંશજો સહિત હમેશને માટે અશક્ત રહેશો." એટલું કહી (તમામ સ્થિતિ સમૃદ્ધિ છોડી) અને પોતાના નાના પુત્ર કિસનાજીને સાથે લઇ પેસુવાથી રવાના થઇ દુરસાજી ઉદેપુર આવ્યા. તે વખતે ઉદેપુરના રાજ્યાસને મહારાણા અમરસિંહજી હતા.

અકબરશાહ સાથેના મહા વિરોધરૂપી ભયંકર રોગથી મહારાણા પ્રતાપના અંગમાં (સુલેહ કરવાના વિચાર રૂપી) અતિ વિષમ અશક્તિ વ્યાપી હતી ત્યારે આ દુરસાજી કવિએ (અરવલ્લીના પહાડમાં જઇ) પોતાની કાવ્યવાણીરૂપી અજાયબ રસાયણ ઔષધીનું શ્રવણદ્વારા પાન કરાવી રાણા પ્રતાપના રોમેરોમમાં ક્ષાત્રવટની અખૂટ શક્તિ પ્રસરાવી જે આરોગ્ય આપ્યું હતું તે ઉપકારને મહારાણા અમરસિંહ જાણતા હતા. તેમજ મહારાણા પ્રતાપસિંહજીએ શ્રી મુખેથી કહેલાં વચન* પણ પોતાને (સપૂત હોવાથી) યાદ હતાં.

---

* મહારાણા પ્રતાપસિંહજીએ પોતાના કુંવર (મહારાણા અમરસિંહ) તેમજ વિશ્વાસુ ઉમરાવ સમાજ રૂબરૂ (પોતાનો દેહાન્ત થવા અગાઉ થોડા દિવસે) એક વખત કહેલું કે—તુરક (અકબર બાદશાહ) જેવા અતુલ બલી શત્રુ સાથેના વેરરૂપી વિષમ વિષના પ્રભાવે મારૂં (રાણા પ્રતાપનું) હિંમતરૂપી શરીર જ્યારે એક વખત નષ્ટ થવાની છેલ્લી અણીએ હતું તે સમય શ્રી એક-

કવિ દુરસાજીનું પધારવું થયું છે. એવા ખબર મળ્યા કે તરત મહારાણાજીએ તેઓ માટે ઉતારા વિગેરેનો ઉત્તમ પ્રકારે બંદોબસ્ત કરાવ્યો અને બીજે દિવસ સલામે બોલાવ્યા. રાજ સભામાં દુરસાજી આવ્યા તે વખતે મહારાણા અમરસિંહજીએ આસનેથી બેઠા થઇ બહુજ ઉત્તમ (ગુરૂજન જેટલું) માન આપ્યું. દુરસાજી બિરદાવળી બોલી યોગ્ય આસને બેઠા અને એક મરૂ ભાષાનું ગીત બોલ્યા. પછી મહારાણાજીએ કહ્યું કે દુરસાજી શું આજ્ઞા છે. આપની જે ઇચ્છા હોય તે માગો. ત્યારે દુરસાજી નીચે લખ્યું ગીતનું એક ચરણ બોલ્યા.

નેડો જાય વસું નવ કોટી, રાયપુર દીજે રાણાહ.

ભાવાર્થ—હે રાણા ! રાયપુર ઉર્ફે રાયપુરિયા આપો જેથી નવકોટી (મારવાડ) નજદીકમાં જઇને નિવાસ કરૂં.

લિંગજીની કૃપાથી કવિ દુરસાજી અને પ્રથીરાજજી રાઠોડની કાવ્યવાણીરૂપી અમૃત મળવાથીજ હું કલંકરૂપી મૃત્યુના મુખમાંથી બચી ગયો હતો. મારા સંકટના સમયમાં જેણે જેણે મારા પ્રત્યે ભક્તિભાવ રાખી ઉપકાર કર્યા, તેઓને મેં મારાથી બની શકયો તે બદલો દીધો છે. ફક્ત એક દુરસાજી કવિ બાકી રહી ગયા છે. માટે તે ઉપકારનો બદલો આપવાનું અમરસિંહે યાદ રાખવું એમ હું આજ્ઞા કરૂં છું.

રાયપુર (રાયપુરિયા) ગામ માગવાનું કારણ એ હતું કે દુરસાજીનો જન્મભૂમિ મારવાડ હતી. પણ સં. ૧૬૪૩ માં જ્યારે જોધપુરના મોટા રાજાએ "(જોધપુર રાજ્યની હદમાં વસતા) ચારણોની તમામ જાગીરો જપ્ત કરેલ તે વખતે મારવાડના તમામ ચારણો એકઠા થયેલા અને ત્રણ ચાર દિવસ લાંઘણ કરી (છેવટ ત્રાગાં કરતી વખતે તમામ ચારણોએ) દુરસાજીને વીનવણી કરેલ કે આપે ત્રાગું કરી અમારી સાથે દેહ ત્યાગ કરવો નહીં. કારણ કે જો આપ જીવતા હશો તો ભવિષ્યમાં જરૂર ચારણોનું કાંઈક ભલું કરી શકશો. એટલું કહી ત્રાગાં કરી અને ઘણા ચારણો દેહમુક્ત થયેલ. ચારણ જ્ઞાતિની વીનવણી હોવા છતાં પણ ચારણ જ્ઞાતિના રિવાજ અનુસાર ત્રાગામાં સહકાર બતાવવા દુરસાજીએ પોતાના ગળામાં કટારી નાખેલી. પરંતુ જીવતા રહેલા અને પછી મારવાડ છોડી રવાના થતાં બોલેલા કે " તમામ ચારણોની જાગીરો પાછી નહીં મળે ત્યાં સુધી હું મારવાડનું પાણી પીશ નહીં." ત્યારબાદ જોધપુર મોટા રાજાનું મૃત્યુ થતાં સં. ૧૬૫૨ માં સવાઈ રાજા સુરસિંહજી ગાદીએ આવ્યા, તેમણે તમામ ચારણોને બોલાવીને દરેકને પોતાની જાગીરો પાછી સોંપી દીધેલ. છતાં પણ દુરસાજીએ (આજ સુધીમાં) જોધપુર (મારવાડ) નું પાણી પીધું ન હતું. પરંતુ " નરસમંદ" "નરરત્ન ઉદ્ભવકારિણી" એવી પોતાની માતૃભૂમિ (મારવાડ) પ્રત્યે દુરસાજીના હૃદયમાં અથાહ પ્રીતિ હતી કારણ કે:—

દોહો.

ગિરિ મોરાં સર દાદરાં, અમૃત ફળ સુવાં;
સેણ કંવચન જનમ ભૂ, વીસરશે મૂવાં.
ડાકણ મંત્ર અમલ રસ, તસકર અને જુવાં;
કાચ્છ લપટ્ટી કામની, વીસરશે મૂવાં.

ઉપરોક્ત કથનાનુસાર જન્મભૂમિ પ્રત્યે દુરસાજીની અનન્ય પ્રીતિ હતી તેથીજ મારવાડના સીમાડે ગોઢવાડ પ્રગણાના રાયપુરિયા ગામની માગણી કરી. અને તરતજ મહારાણા અમરસિંહજીએ રાયપુરિયા ગામની માગણી સ્વીકારી. બે પાંચ દિવસ ગયા બાદ મહારાણાએ રાજદરબાર ભરી દુરસાજીને તાંબા પત્રથી વીશ હજારની ઉપજવાળા રાયપુરિયા ગામ સાથે ક્રોડ પસાવની બક્ષીસ કરી. પછી દુરસાજીએ રાયપુરિયા ગામે આવી નિવાસ કર્યો. તે પછી પણ દુરસાજી વારંવાર ઉદેપુર રાણાજીની સલામે જતા હતા. એક વખત રાણાજીને સલામ કરી દુરસાજી (પોતાને ઉતારે આવવા) બેઠા થવા ગયા તેમાં પડી ગયા. ત્યાં તો ક્ષત્રિયવંશાવતંશ હિન્દુ ધર્મ રક્ષક (ખુદ) મહારાણાજીએ ખમા ખમા કહી દુરસાજીનો હાથ પકડી, તેમને બેઠા કર્યા. ત્યારે દુરસાજી બોલ્યા કેઃ—

ખમા ખમા કરી ઉઠાડોયો, તો દે રાણા દુઠાડિયો.

ઉપરોકત કથન સાંભળી મહારાણાજીએ દુરસાજીને "દુઠાડિયા" ગામ બક્ષીસ દીધું.

દુરસાજીને કેશરબાઇ નામે એક પાસવાન (રખાત) હતી તેનાથી માધાજી નામે દીકરો થયો હતો. એક દિવસ તે રખાતે દુરસાજીને કહ્યું કે, તમારી પરણેલી સ્ત્રીઓના દીકરાઓને તો ઘણી જાગીર આપી પણ હવે મારા માધા માટે કાંઇક આજીવિકાનું સાધન કરી આપો. તે ઉપરથી દુરસાજીએ મહારાણાજીને અરજ કરી કે, અન્નદાતાજી ! કિશનાને તો આપે ઘણી જાગીર આપી છે. હવે માધાને માટે આપને યોગ્ય લાગે તે નિવાજશ કરો. તે ઉપરથી મહારાણાજીએ માધાજી માટે "કાગડી" નામનું ગામ બક્ષીશ કર્યું તે અત્યારે માધાજીના વંશજો ખાય છે. તે ગામની વાર્ષીક ઉપજ પાંચ–છ હજાર રૂા. ની છે.

જોધપુરના સવાઇ રાજા સુરસિંહજી સં. ૧૬૭૬ માં સ્વર્ગવાસી થયા બાદ મહારાજા ગજસિંહજી ગાદીએ આવ્યા. તેમણે ખાસ પત્ર લખી, એક સુયોગ્ય અમીરને મોકલી, દુરસાજીને જોધપુર આવવા બહુજ આગ્રહ–પ્રેમભર્યું આમંત્રણ કર્યું. વૃદ્ધાવસ્થાને અંગે દુરસાજી જઇ શકયા નહિં પણ પોતાના પુત્ર કિસનાજીને જોધપુર મોકલ્યા. મહારાજા ગજસિંહજીએ કિસનાજીનું બહુ સન્માન કર્યું અને કિસનાજીને પાંચેટીયા, ગોદાવાસ અને હિંગોલા નામે ત્રણ ગામ ત્રાંબા પત્રે બક્ષીસ દીધાં; તે અત્યારે તેમના વંશજો ખાય છે. ત્રણે ગામની વાર્ષિક ઉપજ વીશ પચીશ હજારની છે.

"ખાનખાના મહોબતખાન"* તરફથી દુરસાજીને એક લાખ રૂા. નું વર્ષાસન મળતું હતું. દુરસાજીની વૃદ્ધાવસ્થા થવાથી દિલ્લી જઇ શકયા નહિ, અને બે ત્રણ વરસનું વર્ષાસન ચડી ગયું. મહોબતખાન ખાનખાનાનો અજમેરમાં મુકામ થયો છે એવા દુરસાજીને ખબર મળ્યા. તેથી તેમણે કિસનાજી (પોતાના દિકરા) ને વર્ષાસન લેવા માટે અજમેર મોકલ્યા. કિશનાજી અજમેર ગયા અને મહોબતખાન ખાનખાનાને મળ્યા. વર્ષાસનની રકમ માટે અરજ કરી, તો મહોબતખાન ખાનખાનાએ જવાબ દીધો કેઃ—"યહાં દિલ્લી ઔર ખજાના સાથમેં નહિ હૈ, દિલ્લી આના." પછી કિસનાજી ઘેર આવ્યા, અને દુરસાજીને તે હકીકત કહી. ત્યારે દુરસાજીએ નારાજ થઇને કહ્યું કેઃ—કિસના ! મારી હયાતીમાં મારા વર્ષાસનની રકમ પણ તું ન લાવી શકયો, તો પછી નવીન પ્રાપ્તિ શું કરી શકીશ ? એમ કહી પોતે તરત અજમેર આવ્યા. અને મહોબતખાન ખાનખાનાને મળ્યા. અને નીચે લખ્યો દોહો કહ્યો.

---

* મહોબતખાન ખાનખાના (મુગલ બાદશાહીમાં) મહા જોરદાર સરદાર હતો. એક વખત નૂરજહાનને (તે મહોબતખાનની) એટલી બધી દહેશત લાગી કે તે દિલ્લીને ઉથલ પાથલ કરી નાખશે તેથી તેને પકડીને મારી નાખવાનું (નુરજહાને) ષડ યંત્ર રચેલું, પરંતુ મહોબતખાને જહાંગીર બાદશાહને પકડીને કેદ કરી લીધો હતો અને પછી છોડી મૂકયો હતો. શાહજહાને દિલ્લીની બાદશાહી મેળવી તેમાં મહોબતખાનની સંપૂર્ણ મદદ હતી.

દોહો.

જ્યાં બાદળ જ્યાં બીજળી, જ્યાં દિનકર જ્યાં દીહ,
તું જ્યાંહો દિલ્લી તખત, ખાન મહોબત સિંહ.

ઉપરનો દોહો સાંભળી મહોબતખાન ખાનખાનાએ ફરમાવ્યું કેઃ–"દુરસાજી ! આપકું મિલને કે લીયે આપકે પુત્રકો દિલ્લીકા કહાથા." ત્યાર બાદ દુરસાજી થોડા દિવસ (ખાનખાનાની આજ્ઞા થતાં) અજમેરમાં રોકાણા, અને વર્ષાસનની ચડેલી રકમ લઇને પાંચેટિયા આવ્યા. જોધપુર મહારાજા ગજસિંહજી તરફથી પાંચેટિયાની જાગીર મળ્યા બાદ દુરસાજી વિશેષ ભાગે પાંચેટિયામાં રહેતા હતા. દુરસાજીના પૌત્ર (કિસનાજીના દીકરા) મહેશદાસ પર શિરોહી મહારાવ અખેરાજજીની સંપૂર્ણ કૃપા હોવાથી મહેશદાસ શિરોહીમાં રહેતા હતા. સં. ૧૬૯૯ માં દુરસાજી (પોતાના પૌત્રની સંભાળ લેવા) શિરોહી આવ્યા અને મહેશદાસના નિવાસ સ્થલે દાખલ થતાંજ બેઠકમાં અફીણનો સામાન (ખરલ–વાટણું–ગરણી–ગાળેલો કસુંબો વિગેરે) જોવામાં આવતાં દુરસાજીને ખાત્રી થઇ કે મહારાવજીએ મહેશદાસને અફીણનું બંધાણ કરાવ્યું લાગે છે; તેથી એકદમ નાખુશ થઇને દુરસાજી બોલી ઉઠયા કે, "મહારાવજી સાહેબે બચ્ચા (મહેશદાસ) ને ઠીંકરા (રામપાત્ર)ની ઠીક નિવાજશ કરી લાગે છે." આ વાતની મહારાવ અખેરાજજીને તરત ખબર પડી ગઇ. બીજે દિવસ દુરસાજી દરબારમાં સલામે ગયા. મહારાવજી સાથે સપ્રેમ મિલન થયા પછી થોડી વારે દાનવીર મહારાવજી શ્રીમુખે બોલ્યા

કે-"દુરસાજી મારી પાસે તો ઠીંકરૂ (શિરોહી) છે તે આજે આપના મહેશદાશજીને હું આપું છું." એટલું ફરમાવતાંની સાથે મહારાવ અખેરાજજીએ મહેશદાસનો હાથ પકડી પોતાના આસન (રાજગાદી) માથે બેસાડી દીધા. તે વખતે દુરસાજીએ બહુજ વિનય તેમજ હઠપૂર્વક અરજ કરી મહારાજસનું દાન અંગીકૃત કર્યું નહિ.

મહારાવજીએ (રાજ્ય આપવા) બહુજ આગ્રહ કર્યો તેથી છેવટે મહેશદાસ છાનામાના પાંચેટિયા ગામે ચાલ્યા ગયા. ત્યારે ખુદ મહારાવ અખેરાજજી* પાંચેટિયા ગામે પધાર્યા અને મહેશદાસને પાછા શિરોહી તેડી લાવ્યા. તે વખતે એટલે સં. ૧૬૯૯ નાં ચૈત્ર શુદી ૧૦ ના રોજ મહારાવજીએ "ઉંડ" તથા "**વિરાયલ**" એ બે ગામ બે લક્ષ પસાવ સાથે મહેશદાસજીને બક્ષીશ દીધાં તથા ખાસ શિરોહીમાં એક ભવ્ય હવેલી તેમજ ચાર કુવા-વાડીયુંની બક્ષીશ દીધી. તે દાન મહેશદાસે× અંગીકૃત કર્યું.

દોહા—સંવત સોલ નિનાણવે, ચૈત્ર દશમ પખ શુદ્ધ;
દિયા ઉંડ મહદાસકો, અખમલ પટે અવદ્ધ. ॥૧॥

---

* મહારાવ અખેરાજજી પાંચેટિયા ગામે પધારેલા અને જે હવેલીમાં બિરાજેલા તે સ્થળ અત્યારે "માણેક ચોકી" નામથી પ્રસિધ્ધ છે. દુરસાજીના વંશજો તે સ્થળને પ્રભુ મંદિર સમાન ગણી પૂજ્ય દૃષ્ટિથી જુવેછે અને સપ્રેમ સલામ ભરે છે.

× મહેશદાસજીના વંશજો અત્યારે હજી ઉંડ તથા વિરાયલ બંને ગામ ખાય છે અને શિરોહીરાજ તરફથી તેઓને સંપૂર્ણ સુખ છે, તળપદ શિરોહીની હવેલી તથા ચાર કૂવા વાડીયું તે સં. ૧૯૧૦માં રાજ કબજે થઇ ગયેલ છે.

દુરસાજીએ પોતાની વૃદ્ધાવસ્થામાં પુષ્કર મુકામે તમામ ચારણ જ્ઞાતિનો મહામેલાવડો કર્યો. જ્ઞાતિનાં દર્શન કરી આલોક તથા પરલોક સુધારક—યોગ્ય સુબોધ આપ્યો. તમામ ચારણોને ઘણો વખત રોકયા. તેમાં ચૌદ લાખ રૂા. નો ખર્ચ કર્યો.

દોહા.

વિરચ્યો પ્રબંધ વરનરો, સૂરજ શશિયર શોખ,
તઠે ખરચ દુરસાતણા, લાગા ચઉદા લાખ. ॥૧॥

દુરસાજી તેમની જીન્દગીમાં ઘણાં ગામ અને *નવક્રોડ પસાવ કમાણા તેમજ તેમણે કરોડો રૂા. ×સ્વાર્થ તથા પરમાર્થમાં ખરચ્યા.

---

*ત્રણ કરોડ પસાવ અકબર બાદશાહ તરફથી, એક કરોડ શિરોહી મહારાવ સુરતાણજી તરફથી, એક કરોડ બિકાનેર મહારાજા રાયસિંહજી તરફથી, એક કરોડ ઉદેપુર મહારાણા અમરસિંહજી તરફથી, એક કરોડ ("ભૂચર મોરી" લડાઇ વર્ણનના "ગજગત" છંદ કહ્યા ત્યારે) જામનગર જામ સતાજી તરફથી, બે કરોડ પસાવ કયાંથી મળ્યા તે હકીકત જાણવામાં આવી નથી.

× રાયગઢ તાબે ભટવાડાના રહીશ ચારણોના વહીવંચા બારોટને દુરસાજીએ ક્રોડ પસાવનું દાન કર્યું હતું. પેસુવા તથા પાંચેટિયા ગામે "દુરસેલાવ" તથા "કિસનેલાવ" નામે બે તળાવ કરાવ્યાં. પાંચેટિયા તથા હિંગોલા ગામે ઉમદા મહેલાતો કરાવી, રાયપુરિયા ગામે એક "મહાન વાવ" તથા દુઠાડિયા ગામે "અરહંટ" (અખૂટ પાણીવાળો જબર કુવો) કરાવ્યો. પેસુવામાં બાલેશ્વરી દેવીનું મંદિર, પાંચેટિયા ગામે બે મહાન મંદિર બંધાવ્યાં. ઉપરનાં તમામ કામ અત્યારે ઘણી આબાદ સ્થિતિમાં છે બીજાં પણ ઘણાં સ્થળે વાવ, કુવા, તળાવ, આદિ પરોપકારનાં કામોમાં લાખો રૂા. ખરચ્યા છે.

*છપ્પય.

આઘો અધ રાજીયો, રાવ સોજીતસેં રાખે;
રાયસિંહ[1] કુળ રૂપ, જકો બાબા કહી ભાખે.
માંડણરો ગોપાળ[2], વડો ઠાકુર વરદાઇ;
પલટી શિર પાઘડી, કહ્યો નિજ મુખસૂં ભાઇ.
માનસોં ખાન[3] મહોબત મિલે, છત્રપતી ચાહે ઘણા;
વડભાગિ વાહ પાલક વરન, તૂં દુરસા મેહાતણા.

પિતૃ ઋણથી મુક્ત થવા તેમજ પિતામહ દુરસાજીની નામના ઘણા કાળ સુધી રાખવા ખાતર તેમના પૌત્ર મહેશદાસજીએ બેથી અઢી લાખ રૂા. ખર્ચ કરીને પાંચેટિયામાં બે ભવ્ય મંદિર બંધાવ્યાં. અને પછી ધામધુમ કરી સ્નેહી

---

*આ છપ્પયમાં દુરસાજીના સદ્ભાગ્યનાં વખાણ છે.

૧ દુરસાજી પ્રથમ સોજીતના રાવ રાયસિંહજી પાસે રહેતા અને રાવ **રાયસિંહજી** તેઓને બાબા (બાપુ) કહીને બોલાવતા.

૨ જોધપુરના પ્રથમ દરજ્જાના ઉમરાવ જે "આઉવા ઠાકોર" છે તેઓના પૂર્વજ "પાલી" ઠાકોર ગોપાલસિંહ ચાંપાવત અને દુરસાજી બંને પાઘડી બદલ ભાઇ થયા હતા. એ જમાનામાં ગોપાલસિંહ ચાંપાવત મહાનનામાંકિત અદ્વિતીય ક્ષત્રિય વીર હતા. તે ગોપાલસિંહજી ચાંપાવતના બલુજી આદિ સાત પુત્ર થયા, તે સાતે મહાન યુદ્ધવીર થયા. તેઓ દરેકનું વૃતાંત લખીએ તો એક મોટું પુસ્તક થાય.

૩ મહોબ્બતખાન ખાનખાના જહાંગીર બાદશાહના સેનાપતિ હતા. તેઓ **દુરસાજી**ને બહુજ માનપૂર્વક ચાહતા, અને લાખ રૂા. વર્ષાસન આપતા.

સંબંધી વર્ગને બોલાવી (સં. ૧૭૦૪ માં દુરસાજીની હયાતીમાં) બંને મંદિરોમાં દુરસાજી તથા કિસનાજીની મૂર્તિઓ પધરાવી. અને કાયમી પૂજા થયા કરે તેવો પ્રબંધ કર્યો. અત્યારે પણ તે મૂર્તિઓની બરાબર પૂજા થાય છે. તથા તે બંને મંદિર ઘણીજ આબાદ સ્થિતિમાં છે.

આબૂરાજપર અચલેશ્વર મહાદેવના મંદિરમાં શિવલિંગ સન્મુખ ભિન્ન મંદિરમાં આ દુરસાજી આઢાની પિત્તલની જબરદસ્ત મૂર્તિ છે, અને તેમાં તેમનો લેખ છે.

એકસો તેર વર્ષની ઉંમરે સં. ૧૭૦૮ માં પાંચેટિયા ગામે દુરસાજીનો[૧] દેહાન્ત થયો, ત્યારે તેમની સાથે તેમની બે (પરણેત્રી) સ્ત્રીઓ, તથા એક પડદાયત પાસવાન (રખાત), તથા બે દાસીઓ અને એક રબારણ[૨] એટલાં (સત ચડવાથી) બળી મૂઆં.

---

૧ દુરસાજીના જીવનનું ટૂંક વૃતાંત તેમના વંશજ "ઉંડ" વાળા "આઢા પીરદાનજી ગોદજી" પાસેથી મળી આવેલું છે.

૨ એક રબારી તેની ઓરતને (પીયરમાંથી) તેડી તેને ઘરે જતો હતો. રસ્તામાં પાંચેટિયા ગામને ઝાંપે આવતાં જાણવામાં આવ્યું કે:—આ ગામના ઠાકોરનો સ્વર્ગવાસ થયો છે, અને તેઓ પછવાડે તેમની સ્ત્રીઓ સતી થાય છે. તે ઉપરથી રબારી તથા રબારણ બંને સતીઓનાં દર્શન કરવા ગયાં. અગ્નિદાહ જોતાંજ રબારણને સત ચડયું અને હરહર મહાદેવ કરી બળવા તૈયાર થઈ. તેના પતિએ તેમજ બીજા માણસોએ ઘણી સમજાવી પણ માન્યું નહિ, અને સાથે બળી મરી, તથા બળતી વખતે કહ્યું કે, હું આ ઠાકોર સા. ની પૂર્વ જન્મની સ્ત્રી છું.

કવિ દુરસાજી આઢા કૃત-ગીત.

આયાં દળ સબળ સામહો આવે, રંગણ ખગ ખત્રવાટ રતો;
ઓ નર નાંહ નમણ નહ આવે, પતશાહણ દરગાહ પતો. ૧.

દાટક અનડ દંડ નહ દીધો, દોયણ ઘડ શિર દાવ દિયો.
મેળન કિયો જાય બિચ મહલાં, કૈલપુરે ખગ મેળ કિયો. ૨.

કલમાં બાંગ ન સુણિ એ કાનાં, સુણિયા વેદ પુરાણ સુભે;
અહડો સૂર મસિત ન અરચે, અરચે દેવળ ગાય ઉભે. ૩.

અસપત ઈંદ્ર અવનિ આહડિયાં, ધારા ઝડિયાં સહે ધકા;
ઘણ પડિયાં સાંકડિયાં ઘડિયાં, પણ-ના ધીહડિયાં પઢી નકા. ૪.

આખી અણી રહે ઉદાવત, સાખી આલમ કલમ સુણો;
રાણે અકબર વાર રાખિયો, પાતલ હિન્દુધરમ પણો. ૫.

ભાવાર્થ—ક્ષત્રિવટમાં આરકત મહારાણો પ્રતાપ પોતાની તરવાર (દુશ્મનોના લોહીમાં) રંગવા માટે મહા બળવાન (બાદશાહી) ફોજ સામો આવે છે. પરંતુ એ રાજા (રાણો) બાદશાહી કચેરી (દરગાહ) માં નમવા માટે આવતો નથી. ૧.

શત્રુરોધક ઉગ્રવીર રાણા પ્રતાપે દંડ (નજરાણો) દીધો નહિ, પણ દુશ્મનની ફોજ માથે દાવો ધાવો દીધો. કૈલપુરા (કૈલપુરાવાળા રાણા) એ મહેલમાં જઈ (બાદશાહ સાથે) મેળ (મિલાપ-સંધી ઠરાવ) કર્યો નહિ. પરંતુ તરવારથી મેળ કર્યો. અર્થાત્ હમેશાં બાદશાહ સાથે વિરોધ રાખી યુદ્ધ કર્યું. ૨.

એ મહા શુરવીર રાણા પ્રતાપે પોતાને કાનેથી કદી પણ કલમા તથા બાંગનો અવાજ સાંભળ્યો નહિ, પણ પ્રાતઃસમયે વેદ પુરાણ-

દિક કથાઓ સાંભળી. કદીપણ મસ્જીદમાં જઇ સિજદો (નિમાજ વખતની નમન ક્રિયા) કર્યો નહિ. પણ (દેવ) મંદિર તથા ગાયની સેવા પૂજા કરી. ૩.

ઇંદ્રરૂપ બાદશાહનું જ્યારે (મેવાડની) ભુમિ ઉપર આક્રમણ થયું; ત્યારે (તરવારની) ધારાઓની ઝડીના ધક્કા સહન કર્યા, ઘણી ઘણી સાંકડી ઘડીયું (અસહ્ય વિપત્તિઓ) પડી છતાં પણ તેની (સીસોદીયા કૂળની) પુત્રીઓ દિલ્હીમાં જઇ નકા પઢી નહિ.૪

(અકબર બાદશાહના વખતમાં) આખી અણીએ (નેકટેકે–એક રંગે–અણનમ) જો કોઇ રહ્યું હોય તો રાણા ઉદયસિંહનો પુત્ર (રાણો પ્રતાપ એકજ) રહ્યો, તેના સાક્ષી દુનિયાના (એકલા હિન્દુજ નહિ) મુસલમાનો પણ છે. દુરસાજી કવિ કહે છે કે હે શ્રોતાઓ! સાંભળો. અકબરશાહના સમયમાં હિન્દુપણાને (આર્ય ધર્મને) જો કોઇએ 'સુ'રક્ષિત રાખ્યો હોય તો (ફક્ત એકજ) રાણા પ્રતાપે રાખ્યો હતો. ૫.

બિકાનેરવાળા રાઠોડ શ્રી પ્રથીરાજજીએ મહારાણા શ્રી પ્રતાપસિંહજીને લખી મોકલેલ કાવ્ય.

વાર્તા પ્રચલિત છે કે–દુઃખની પરંપરાઓથી અકળાઇને મહારાણા શ્રી પ્રતાપસિંહજીએ સંધિ કરવા અર્થે બાદશાહ અકબરને પત્ર લખ્યો. મેવાડનો મહારાણો સંધિ કરશે, દિલ્હી દરબારમાં આવશે, એમ અકબરે સ્વપ્નમાં પણ ધાર્યું ન હતું, તેથી પત્ર સમાચાર જાણી આનંદોત્સવ શરૂ કર્યો. તે સમયે રાઠોડ વીર પ્રથીરાજજીએ શંકા કરી કે આવેલ પત્ર કદાચ બનાવટી હશે!

પત્રની સત્યતાની ખાત્રી કરવા અર્થે બાદશાહની અનુજ્ઞાથી પ્રથીરાજજીએ મહારાણા શ્રી પ્રતાપસિંહજીને (ઇતિહાસ પ્રસિદ્ધ) પત્ર લખ્યો. તે પત્રમાંની કાવ્ય.

"દોહા"

પાતલ જો પતશાહ, બોલે મુખહૂંતા બયણ;
(તો) મિહિર પછમ દિશમાંહ, ઊગે કાશપરાવઉત. ૧.

ભાવાર્થ—હે મહારાણા પ્રતાપસિંહ ! જો પાતશાહને આપ આપને મોઢેથી "પાતશાહ" કહો તો કશ્યપસુત (સૂર્ય) પશ્ચિમ દિશામાં ઉગે.

પટકોં મૂંછાં પાણ, કે પટકોં નિજ તન કરદ;
દીજે લિખ દીવાણ, ઇણ દો મહલી બાત ઇક. ૨.

ભાવાર્થ—હે (એકલિંગજીના) દીવાન ! હું (બાદશાહી કચેરીમાં) મૂંછો ઉપર હાથ નાખું કે, પેટમાં તરવાર નાખું (અર્થાત્ જીવન ત્યાગ કરૂં) એ બે (બાબત) માંથી એક વાત લખી મોકલો કે, હું શું કરૂં ?

રાણા પ્રતાપે પ્રથીરાજજીને લખી મોકલેલ જવાબ.

"દોહા"

તુરક કહાસો મુખ પતો, ઇણ તનસૂં ઇકલિંગ;
ઊગે જ્યાંહી ઊગસી, પ્રાચી બીચ પતંગ. ૩.

ભાવાર્થ—રાણો પ્રતાપ કહે છે કે, હે પ્રથીરાજ રાઠોડ ! શ્રી એકલીંગજી ભગવાનની સાક્ષીએ હું આપને લખું છું કે:—પ્રતાપ પોતાના મુખેથી (બાદશાહને) 'તુરક' જ કહેશે. ભગવાન સૂર્યનારાયણ જ્યાં ઉગે છે ત્યાં પૂર્વ દિશામાંજ ઉગશે. (અર્થાત્ સૂર્યનું પશ્ચિમમાં ઉગવું જેમ અસંભવિત છે તેમ મારૂં બાદશાહને નમવું તે પણ અસંભવિત સમજવું).

ખુશીહૂંત પીથલ કમંધ, પટકો મૂંછાં પાણ;
પછટણ હૈ જેતૈ પતો, કલમાં શિર કેવાણ. ૪.

ભાવાર્થ—હે રાઠોડવીર પ્રથીરાજ ! જ્યાં સુધી યવનોનાં મસ્તકો ઉપર તરવારના પ્રહાર કરનાર પ્રતાપ જીવે છે, ત્યાંસુધી તમે ખુશીથી મૂંછો ઉપર હાથ નાખો. (અર્થાત્ પ્રતાપ કોઇ દિવસ યવન બાદશાહ પાસે મસ્તક નમાવશે નહિ. માટે નિશ્ચિંત રહો).

પ્રથીરાજજી રાઠોડ કૃત અન્ય કાવ્યો.

ગીત.

નર તેથ નિમાણા નિલજીનારી, અકબર ગ્રાહક બટ્ટ અબટ્ટ;
ચોહટે તિણ જાયર ચીતોડો, બેચે કિમ રજપૂતી બટ્ટ. ૧.

રોજાયતાં તણે નવરોજે, જેથ મુસાણા જણોજણ;
હિંદૂનાથ દિલીચે હાટે, પતો ન ખરચે ક્ષત્રીપણ. ૨.

પરપંચ લાજ દીઠ નહ વ્યાપણ, ખોટો લાભ અલાભ ખરો;
રજ બેચવા ન આવે રાણો, હાટે મીર હમીર હરો. ૩.

પેખે આપ તણા પુરૂષોતમ, રહ અણીયાળ તણે બળ રાણ;
ક્ષાત્ર બેચિયા ઘણા ક્ષત્રિયાં, ક્ષત્રવટ થિર રાખી ખૂમાણ. ૪.

જાશી હાટ બાત રહશી જગ, અકબર ઠગ જાશી એકાર,
રહ રાખિયો ક્ષત્રિધ્રમ રાણે, સારા લે વરતો સંસાર. ૫.

ભાવાર્થ--જ્યાં નિર્માલ્ય પુરૂષો અને નિર્લજ્જ સ્ત્રીઓ છે, અને અકબર બાદશાહ જેવો ગ્રાહક દરેક વાટે ઉભો છે, તે ચૌટામાં (બજારમાં) જઇને ચિત્તોડનો મહારાણો પોતાની રાજપૂતીવટને કેમ વેચે ? ૧.

રોજા રહેનારા (મુસલમાનો) ના નવરોજમાં, જે સ્થળે દરેક (હિંદુ) પોતાની લાજ સંપત્તિ લૂંટાવી બેઠા છે. તે દિલ્હીના હાટે હિંદૂઓનો નાથ (રાણો પ્રતાપ) પોતાનું ક્ષત્રિપણ કેમ ખર્ચે ? (અર્થાત્ ન ખર્ચે) ૨.

જ્યાં છળ પ્રપંચ છે, લાજની નજર ક્યાંય વ્યાપતી નથી, લાભ છે તે ખોટો છે, અને ખરી રીતે અલાભ (હાની) છે, એવા બાદશાહી હાટે હમીરનો વંશજ (રાણો પ્રતાપ) પોતાની રાજપૂતી વેચવા નજ આવે. ૩.

ઘણા ક્ષત્રિયોએ ક્ષત્રિવટ વેચી છે, પણ હે ખૂમાણ ! તેં પોતાના ઉતમ પૂર્વજ પુરુષોના બિરદ સામું જોઇને શસ્ત્રના બળથી ક્ષત્રિયવટને સ્થિર રાખી છે. ૪.

એક દિવસ આ દુનિયામાંથી આ દુકાન ઉઠી જશે, તેમજ ઠગારો અકબર બાદશાહ પણ ચાલ્યો જશે, પરંતુ આ વાત જગતમાં અમર રહેશે કે, મહારાણા પ્રતાપે ક્ષત્રિયધર્મમાં અડગ રહીને એ ક્ષાત્રધર્મને જીવન્ત રાખ્યો. પૃથ્વી સમસ્તના સર્વે મનુષ્યોને ઉચિત છે કે એવા ક્ષત્રિયધર્મ મુજબ પોતાની વર્તણુક રાખે. અર્થાત્ મહારાણા પ્રતાપસિંહ જેમ કષ્ટો સહન કરીસ્વદેશ અને ધર્મનું રક્ષણ કરે. ૫.

સહ ગાવડીયો* સાથ, અકબર વાડે આણીયો;
નહ ધારે ઇક નાથ, પ્રાઝો સાંઢ પ્રતાપશી.

ભાવાર્થ—અકબર બાદશાહે બધો ગાવડીયો સાથ (નિર્માલ્ય રાજાઓનો સમૂહ) પોતાના વાડે (કબજે) આણ્યો, પરંતુ એક રાણા પ્રતાપસિંહરૂપી મહા બળવાન સાંઢ તે તેની નાથ (આજ્ઞા-તાબેદારી) ને ધારણ કરતો નથી.

* માવડિયો દીકરો અને ગાવડિયો ગોધો તે બંને નિર્માલ્ય ગણાય છે.

દોહો—જોંસર ભાર ન ઝલ્લહી, ગોધાં ગાવડિયાંહ;
ઇમ જસ ભાર ન ઉપડે, મોલાં માવડિયાંહ. ॥૧॥

ભાવાર્થ-(હળ, ગાડું વિગેરે ખેતીના કામમાં) જેમ ગાવડિયો બળધ જોંસરાનો ભાર ઉપાડી શકે નહિ અર્થાત્ ખૂટલ થઇ બેસી જાય તેમ કૃપણ, કાયર માવડિયા દીકરાથી સુયશનો ભાર ઉપડે નહિ.

(કર્ત્તા કવિરાજ બાંકીદાસજી-જોધપુર)

પો ગોધલીયા પાસ, આળુંધા અકબર કને;
રાણો ખમે ન રાસ, પ્રબગો સાંઢ પ્રતાપશી.

ભાવાર્થ—ગોધલીયા (વાછડા) રૂપ અન્ય રાજાઓ અકબરશાહના પાસ (બંધન) માં અથવા પાસે આવી આળુંધી ગયા છે. (હેત કરવા લાગ્યા છે.) પણ પ્રબળ સાંઢરૂપ (એક) રાણો પ્રતાપ તેની રાસમાં (બંધનમાં) આવતો નથી.

ધર બાંકી દિન પાધરા, મરદ ન મૂકે માણ;
ઘણાં નરંદાં ઘેરિયો, રહે ગિરંદાં રાણ.

ભાવાર્થ—જેની ભૂમિ વંકી (અરવલ્લીના પહાડથી ઘેરાએલી) છે, અને દિવસો અનુકુળ છે. (અન્ય રાજાઓ જેમ બેનો દીકરીઓ આપી, ગુલામગીરી કરી રાજ્ય વૈભવ ભોગવવાની કુબુદ્ધિ થઇ નથી, તે એકલિંગજીની કૃપાથી દિવસની અનુકુળતા) સાચો મરદ રાજપૂત હોવાથી પોતાના સ્વાભિમાનને છોડતો નથી, અને ઘણા નરેંદ્રોથી ઘેરાએલો થકો, એ પ્રમાણે મહારાણો પ્રતાપ ગિરીંદ્રોમાં રહે છે.

પાતલ રાણ પ્રવાડમલ, બાંકી ઘડાબિભાડ;
ખૂંદાડે કુંણ હય ખુરાં, તો ઉભાં મેવાડ.

ભાવાર્થ—(દુશ્મનોની) બહાદુર સેનાનો નાશ કરવાવાળા હે રણબંકા રાણા પ્રતાપ! તું જીવતાં તારી મેવાડ ભૂમિને ઘોડાંઓના ડાબાઓથી કોણ ખુંદાવી શકનાર છે ? (અર્થાત્ તું જીવતાં તારી મેવાડ ભૂમિ કોણ લઇ શકનાર છે?)

માઇ એહડા પૂત જણ, જેહડા રાણ પ્રતાપ;
અકબર સૂતો ઉદ્રકે, જાણ શિરાણે સાપ,

ભાવાર્થ—હે માતા ! એવા પુત્રને જન્મ આપ કે, જેવા રાણો પ્રતાપ—જેના ભયથી અકબરશાહ જેવો બાદશાહ નિદ્રામાંથી ફડકીને જાગી જાય છે કે, જાણે ઓશીકે સાપ આવ્યો.'

સૂરાયચજી ટાપરીયા ચારણકૃત કાવ્ય.

સોરઠા.

ચેલા બંશ છતીશ, ગુરૂ ઘર ગહલોતાં તણો;
રાજા રાણા રીસ, કહતાં મત કોઈ કરો.

ભાવાર્થ—ગહલોત (શીસોદીઆ) નું ઘર એ (ક્ષાત્ર ધર્મ—સદાચાર શીખવા માટે) ગુરુ રૂપે છે, અને અન્ય (ક્ષત્રિયોના) છત્રીશ વંશ તેના શિષ્ય રૂપ છે. (કવિ કહે છે કે) હું આ પ્રમાણે કહું છું તેથી કોઇ પણ રાજા કે રાણા મારા પર રીસ (ક્રોધ) કરશો નહિ.

ચંપો ચીતોડાહ, પોરસ તણો પ્રતાપશી;
સોરભ અકબરશાહ, અલિયલ આભડિયો નહિ.

ભાવાર્થ—હે ચિત્તોડના મહારાણા પ્રતાપસિંહ ! તું પૌરસ (પરાક્રમ) રૂપી સુગંધીથી ભરપૂર ચંપારૂપ છો. તેથી અકબર રૂપી ભ્રમર તારી સુગંધ લેવાને આંપડી શકયો નથી. અર્થાત્ તને પહોંચી શકયો નથી.

હિંદુ હિંદુકાર, (તું) રાણા જો રાખત નહિ;
(તો) અકબર એકાકાર, પો સહુ કરત પ્રતાપશી.

ભાવાર્થ—હે મહારાણા પ્રતાપસિંહ ! જો તેં હિંદુઓના હિંદુપણાની રક્ષા ન કરી હોત, તો અકબર બાદશાહ સર્વ રાજાઓને તેમજ બીજા હિન્દુઓને એકાકાર કરી નાખત. અર્થાત્ મુસલમાન બનાવી દેત.

ગીત.

ઓછો તિલ નકો નકો તિલ અધકો, સુણતાં સુકવ કરાંલે માપ;
તૂં તાહરા રાણ ટોડરમલ, પરિયાં સારીખો પરતાપ. ॥૧॥
પરિયા અધિક કહાં કિમ પાતલ, ભૂપાં તિલક હિન્દવા ભાણ;
તે શિર નહ નમિયો સુલતાણાં, સાંગે ગહ મૂકા સુલતાણ. ૨.

ઓછો કેમ કહાં ઉદાવત, અકબર કહર તણો તપ ઇષ;
અશપતસૂં રહિયો અણ નમિયો, ઇ-સુલ્તાણાં ગ્રહવા સારીખ. ૩.

કુળ ઉદ્ધોર પ્રતાપ કરંતા, પોઢો ઘણું ઘણાં બ્રદ પાય;
મણા ન તો કુળ મણાન તોમેં, મણાન સુકવ વખાણાં માંય. ૪.

(કર્તા કવિ ગોરધનજી ઓક્ષા ચારણ.)

ભાવાર્થ—કવિ કહે છે કે—હે રાણા પ્રતાપસિંહજી ! મેં મારા મનમાં આપની યોગ્યતાનું માપ કરી જોયું તો આપ આપના પૂર્વજ (બાપદાદા) કરતાં નતો તલભર ન્યૂન છો, અને નતો તલભર અધિક છો, પરંતુ આપના પૂર્વજોને ટ્રોડેજ (બરાબર) છો. ૧.

હે રાજાઓના તિલક ! હે હિન્દવા સૂર્ય મહારાણા પ્રતાપસિંહજી ! આપના બાપદાદાથી આપને અધિક કેમ કહી શકાય ? કારણ કે આપતો ફકત બાદશાહથી અણનમ રહયા એટલુંજ; પરંતુ આપના પિતામહ સાંગા રાણાએ તો બાદશાહોને પકડી પકડીને છોડી મૂકયા હતા. ૨.

હે ઉદયસિંહના પુત્ર ! હવે અકબરશાહના ભયંકર તાપ-તેજને જોતાં આપને ઓછા પણ કેમ કહી શકાય, કારણ કે એવા પ્રબળ બાદશાહથી આપ અણનમ રહયા, તે બાદશાહોને પકડીને છોડી મૂકવા બરાબર છે. ૩.

હે રાણા પ્રતાપસિંહજી ! આપ આપના (બાપદાદા જેમ) કુળની ઇજ્જતનો ઉદ્ધાર કરતાં ઘણી મોટાઇ (સુયશ-ઇજ્જત) અને ઘણાં (ઉત્તમ) બિરદને પ્રાપ્ત કરો. આપના કુળાચારમાં તેમજ આપમાં (આપની નીતિ, રીતિ, ટેક, બહાદુરીમાં) અને કવિના વખાણમાં કાંઇ પણ મણા નથી. (ખામી નથી) અર્થાત્ આપનાં કવિઓ જે વખાણ કરે છે તે બરાબર છે.

ગીત.

મહુ લાગ્યો પાપ આજ લગ મોકળ, અદતાં ભેટયાં કથ્યાં અમાપ;
આજ હુવઃ નિકળંક અહાડા, પેખે મુખ તાહરો પ્રતાપ. ૧.
ચઢતે કળજુગ જોર ચઢંતો, ઘણા અસત જાચતો ઘણો;
મિલતાં તને રાણ મેવાડા, ટળિયો પ્રાછત દેહ તણો. ૨.
સ્વર્ગમૃત લોગ મુણે સિંસોદા, પાપ ગયા ઉજમે પેરા,
હોતે સમય ભેટ હિન્દુપતિ, હુવા પવિત્ર સંગ્રામ હરા. ૩.
દીખે કમળ તૂઝ ઉદાવત, જનમ તણો ગો પાપ જુવો;
હેકણવાર ઉજળા હિન્દુ, હરસૂં જાણ જુહાર હુવો. ૪.

(કર્તા કવિ પીથાજી આશિયા ચારણ.)

ભાવાર્થ—કવિ કહે છે કે:–અનેક કૃપણને ભેટી તેઓનાં જૂઠાં કથન કહેવાથી મને આજ સુધીમાં ઘણું પાપ લાગેલું; પરંતુ હે રાણા પ્રતાપ! આજે તારૂં મુખ જોતાં હું નકલંક થયો. ૧.

કળીયુગના તથા તેના જોરની ચડતી, તેમાં ઘણાં અસત આચારવાળા તેવા ઘણા ઘણાને મેં જાચ્યા. પરંતુ હે મેવાડના રાણા! આજે તને મળવાથી મારા દેહનાં પાપ માત્ર ટળી ગયાં. ૨.

હે સિસોદિયા! સ્વર્ગ અને મૃત્યુલોક બંનેમાં વિઘ્ન કરનારાં એવાં મારાં જે જે પાતક હતાં, તે આજે પરાં થઇ ગયાં હે હિન્દુપતિ! હે સંગ્રામસિંહના પૌત્ર! આજે તારી ભેટ થતાંની સાથેજ હું પવિત્ર થઇ ગયો. ૩.

હે ઉદયસિંહના પુત્ર! (આજે) તારૂં મુખ કમળ જોતાં મારા જન્મભરનાં પાપ અલગ થઇ ગયાં, અને હે ઉજવળ (અદાગ) હિન્દુ! (આજે) આપનું મિલન તે સાક્ષાત્ મહાદેવજીનાં મને દર્શન થયાં એમ હું સમજું છું. ૪.

ગીત.

(હલદીઘાટની લડાઈ થઇ તે સમયનું)

ગયંદ માનરા અગેં ઉભો હુતો દુરદ ગત,
  સિલહપોસાં તણા જુથ્થ સાથે;
તદ વહી રૂક અણચૂક પાતણ તણી,
  મુગલ બહલોલખાં તણા માથે. ૧.

તણે ભ્રમ ઉદ અસવાર ચેટક તણે,
  ઘણે મગરૂર બહરાર ઘટકી;
આચરે જોર મિરજાં તણે આછટી,
  ભાચરે આચરે બીજ ભટકી. ૨.

સૂરતન રીઝતાં ભીંજતાં શેલ ધર,
  પોહાં અન દીજતાં કદમ પાછે;
દાંત ચઢતાં જવન શીશ પછટી દુજડ,
  તાંત સાબૂંણ જ્યું ગઇ તાછે. ૩.

વીર અવસાણ કેવાણ ઉજબક વહે,
  રાણ હથવાહ દુવ રાહ રટિયો;
કટ ઝળમ શીશ બખતર બરંગ અંગકટ,
  કાઢ પાખર સુરઁગ તુરઁગ કટિયો. ૪.

(કવિ ગોવરધનજી બોક્ષા ચારણ કૃત-)

ભાવાર્થ-(આમેર-જયપુરના) રાજા માનસિંહના હાથીની આગળ પોતાના અંગ રક્ષકોના જુથ્થ (ઘેરા) સહીત (મસ્ત) હાથી જેમ (બહલોલખાં) ઉભો હતો. તે વખતે (લડતાં લડતાં ત્યાં પહોંચેલા) મહારાણા પ્રતાપની તરવાર બહલોલખાં મુગલ માથે ચાલી. ૧.

ઉદયસિંહજીના પુત્ર ચેટક (ઘોડા) ના સ્વાર રાણા પ્રતાપસિંહજીએ પોતાની ભુજાના જોરથી મદાંધ શત્રુઓના દેહને કાપનારી તરવારનો મિરઝાં (બહલોલખાં) માથે ઘા કર્યો. તે એવો દેખાવ થયો કે ડુંગરના શિખર માથે વીજળી પડી. ૨.

પહાડ અને પૃથ્વી (શત્રુના લોહીથી) ભીંજાતાં શૌર્ય પૌરસથી (રાણા પ્રતાપનું) શરીર પ્રફુલ્લિત થાતાં (બહલોલખાંની આસપાસના રક્ષક બાદશાહી ફોજના) લડાયકો પાછા હઠી જાતાં, યવન (બહલોલખાં) બરાબર સનમુખ હાથ આવતાંજ, રાણા પ્રતાપે બહલોલખાંના માથા માથે તરવારનો ઘા કર્યો. તે સાણુના લાટાને જેમ તાંત (દોરી) કાપીને નીકળી જાય, તેમ બહલોલખાંને કાપીને તરવાર નીકળી ગઇ. ૩

રાણા પ્રતાપે તરવારના એકજ ઘાથી બહલોલખાંના ટોપને, માથાને, બખતરને, શરીરને, કાપીને પાખરને (ઘોડાના બખતરને) કાપી સુરંગ ઘોડાને પણ કાપી નાખ્યો, તેથી વીર રાણા પ્રતાપના બાહુ બળ અને તરવાર ચલાવવાની બહાદુરી માટે હિંદુ-મુસલમાન બંને પક્ષે વાહ વાહ કહી પ્રસંશા કરી. ૪.

મહારાણા સાંગાજી (સંગ્રામસિંહ) નું ગીત.

મનસમંદ રાયમલ્લોત મહા બલિ,
અચડ બિયાં ન હુવે એ આજ;
માંડવ ગુર્જર પત ગ્રહ મૂકે,
રિણવાં દીધ ચત્રગઢ રાજ. ૧.
મોકળ હરા અધ્રાપ મામલાં,
પોરસ ધન્યો ક્ષત્રિવટ પાણ;
ખિતિ પુર તખત શાહરા ખોસે,
દીધા તેં પાત્રાં દીવાણ. ૨.
સુલતાણાં ગ્રહ મોખણ સાંગા,
કુંભા હરા જોડ કરતાર;
કિય હરિદાસ રાણ કેસરિયો,
ત્રવિયા છત્ર ચમર વડવાર. ૩.
તૂં હમીર સારીસો ત્યાગી,
વર ઉમિયા દીધો વરદાણ;
જગ ચહવે એ બાતાં જોડી,
આહાડા રહસી અહનાણ. ૪.

(કર્તા ચારણ કવિ હરિદાસ કેસરિયા.)

મહારાણા સાંગાજીએ કેશરિયા ચારણ-હરિદાસજી ઉપર પ્રસન્ન થઇ એક વખત સમસ્ત મેવાડનું દાન કરી દીધું હતું, અને પોતાના રાજ્ય સિંહાસનારૂઢ કર્યા હતા.

(જુવો મેવાડનો ઇતિહાસ-મહારાણા યશ પ્રકાશ.)

ભાવાર્થ—હે દિલ દરિયાવ મહાબલી રાણા રાયમલના પુત્ર! આજ તારી અચડ (બરાબરી) બીજાથી બની શકે તેવું નથી. કારણ કે માંડુ અને ગુજરાતના બાદશાહોને તેં પકડી પકડી છોડી મૂકયા, અને ચિત્તોડ જેવું રાજ્ય ચારણને (દાનમાં) આપી દીધું. ૧.

હે લડાઇઓથી અતૃપ્ત રહેનારા રાણા મોકળના પૌત્ર! તારા પૌરસને તથા ક્ષત્રિવટવાળા હાથને ધન્ય છે. કારણ કે હે, દિવાન! તેં બાદશાહો પાસેથી પૃથ્વી તથા નગર ખેંચી લઇ અને ચારણોને દાનમાં દીધાં. ૨.

હે કુંભા રાણાના પૌત્ર! બાદશાહોને પકડીને છોડી મૂકનાર હે રાણા સાંગા! તેં હું હરિદાનને (કેશરીયા ચારણ) ને છત્ર ચમર (રાજ સહીત) આપી રાણો બનાવી દીધો, માટે તું પરમેશ્વરને જોટે છો. (કારણ કે રાંકને રાજા કરે તે તો પ્રભુ કરી શકે.) ૩.

હે મહારાણા! તું હમીર (રાણા સાંગાના વડેરા) બરાબર દાતાર છો, અને તને ઉમાપતિએ (મહાદેવે) વરદાન દીધેલ છે. તેથી હે અહાડા! તારી આ (ઉપરની) બે વાતો ચાર જુગ સુધી અવિચળ રહેશે. (બાદશાહોને પકડીને છોડી મકયા તે એક, તથા મેવાડનું રાજ દાનમાં આપી દીધું તે બીજી.)

ગીત.

ધન્ય સાંગા હાથ હમીર કળોધર,
ગોરીશા મોખણ ગ્રહણા;
ગઢ આપિયા નકો ગઢ પતિયાં,
તો જયુંહી રામાલ તણા. ૧.

દે ગજ હેમર ગામ ક્રોડ દ્રવ,
અધપત દત ચિતચે અનુમાન;
સિંહાસણ છત્ર ચમર સહેતો,
દૂજે કિણી ન દીધો દાન. ૨.
રજવટ રીઝ ખીજ ધન્ય રાણા,
લડ ગ્રહ સુર સુલતાણ લિયા;
ખિતિ ચિત્રકુટ કવ્યાં ખુમાણા,
દિગવિજયી તેં રીઝ દિયા. ૩.
પ્રબળાં સાંઢ નિરબળાં પોષણ,
ધવજે તૂં સાંગા વરવીર;
કવિ રાણા કીધાં કેલપુરા,
હિંદવાણા રવિ બિયા હમીર. ૪.

(કર્તા ચારણ કવિ હરિદાસ કેસરિયા.)

ભાવાર્થ—ગોરી શાહને પકડીને છોડી મૂકનાર એવા હમીરના કળોધર હે રાણા સાંગા ! તારા હાથને ધન્ય છે. હે રાયમલના પુત્ર ! તારા જેમ બીજા કોઇ રાજાએ ગઢ (દાનમાં) આપ્યા નથી. ૧.

હે રાજા ! દાતારી દિલ પ્રમાણે હોય છે. (અર્થાત્ તારૂં દિલ બહુ જબરૂં તેથી તારૂં દાન પણ જબરૂં) કારણ કે હાથી, ઘોડા, ગામ કરોડ દ્રવ્ય (રોકડ) નું તેં જેવું દાન કર્યું તેવું દાન બીજા કોઇએ કર્યું નથી. ૨.

હે દિગ્વિજયી ! હે ખુમાણવંશી ! તારી રાજપૂતીભરી રીઝ અને ખીઝને ધન્ય છે કે, તેં લડાઇઓ કરી કરીને બાદશાહોને (ત્રણ વાર) પકડી લીધા, અને ખુશી થઇને ભૂમિ સહિત ચિત્તોડનું રાજ્ય કવિને દાનમાં આપી દીધું. ૩.

પ્રબળ માથે સાંઢ રૂપે અને નિર્બલનું પોષણ કરનાર એવા હે વીર શ્રેષ્ટ સાંગા રાણા ! હે કેલપુરા ! હે હિંદુવા સૂર્ય ! હે બીજા હમીર ! તને અને તારા (દાતારી) બિરદને ધન્ય છે કે તેં (મને) કવિને રાણો બનાવી દીધો. ૪.

મહારાણા સાંગા (સંગ્રામસિંહ) માટે શોકોદ્‌ગાર ગીત.

આદિત વિણ અહણુ નિશા વિણ શશિયર,
  દીપક પાખે જસો દુવાર;
પાવસ રૂત વિણ ઝાડ પહાડાં,
  સાંગા વિણ એહો સંસાર. ૧.
વિણુ પિવ નાર સને વિણ બાતી,
  ધારાધર વિણ જસી ધરા;
જળ વિણ નદી તેમ જગ પ્રાણી,
  પડતાં સાંગો કલ્પતરા. ૨.
જલધર ગયો જગત જીવાડણુ,
  પડિયો શાન્ત દેશ દીપક્ક;
શાહાં ગ્રહણુ મોષણો સાંગો,
  આથમિયો હિન્દવો અરક્ક. ૩.

ભાવાર્થ—સૂર્ય વિના દિવસ, ચંદ્ર વિના રાત્રિ, દિવા વિના દ્વાર, ચોમાસાની રુતુ વિના ઝાડ પહાડ, એ પ્રમાણે સાંગા રાણા વિના આ સંસાર લાગે છે. ૧. પતિ વિના સ્ત્રી, તેલ વિના દીવો, વરસાદ વિના પૃથ્વી, અને જળ વિના નદી, તેમ કલ્પતરુરૂપ સાંગા રાણાના પડવાથી જગતનાં ભૂત પ્રાણી માત્ર (નિસ્તેજ—ઉદાસ) છે. ૨. કવિ કહે છે કેઃ— જગતને જીવાડવાવાળો મેઘરાજા આજે ચાલ્યો ગયો, તેમજ દેશનો (હિન્દુસ્તાનનો) દીવો આજે શાન્ત પડી ગયો, તથા બાદશાહોને પકડી પકડીને (ક્ષમા વીરસ્ય ભૂષણમ્ એ સૂત્રને યાદ કરી) છોડી મૂકનારો મહારાણો સંગ—તે રૂપી હિન્દુઓનો સૂર્ય આજે આથમી ગયો. ૩.

રાજા માનસિંહ અને સાચાબોલો ચારણ.

વિ. સંવત ૧૬૩૨ ના શ્રાવણ માસની હકીકત છે. આમેરના રાજા (તે વખતે કુંવર) માનસિંહ કછવાહાએ અકબર બાદશાહના બળવડે હલ્દીઘાટના સંગ્રામમાં ક્ષત્રિય કુળ કિરીટ મહારાણા પ્રતાપસિંહને (મહામુશ્કેલીએ) હરાવ્યા, અને પુણ્યભૂમિ મેવાડમાં પ્રવેશ કર્યો. ઉદયપુરના "પિછોલા" સરોવરને કિનારે રાજા માનસિંહનો પડાવ થયો. વિજયના ગર્વથી ઉન્મત બનેલ રાજા માનસિંહનું હૃદય પિછોલાના જળ તરંગોની જેમ હર્ષથી ઉછળી ઉઠયું. રાજા માનસિંહની નજર પિછોલાના જલને તથા મેવાડની સારી ભૂમિને પી જવાને આતુર બની હોય તેમ ચારે તરફ ફરી વળી. આત્મસંતોષનું મોજું રાજા માનસિંહના ચહેરા ઉપર ફરી વળ્યું. દ્વેષાગ્નિ કાંઇક શાન્ત થયો, અને "પિછોલા" તળાવની પાળ ઉપર પોતાના "નીલા" નામના ઘોડાને પાણી પાતી વખતે રાજા માનસિંહના ગર્વપૂર્ણ હૃદયમાંથી હૃદયનો ભાવ વાણીદ્વારા બહાર આવ્યો. ઘોડાએ પાણી પી મોઢું ઉંચું કર્યું, ત્યારે તેના સ્કંધ માથે હાથ થાબડી રાજા માનસિંહે ઘોડાને કહ્યું કે, "બેટા નીલા હવે ખૂબ ધરાઇ ધરાઇને પિછોલાનું પાણી પી. પૂર્વે મંડોરના રાવ જોધા રાઠોડે રાણાના ગર્વને ગાળી આ પિછોલામાં પોતાના ઘોડાને પાણી પાયું હતું. અને પુનઃ આજે રાણા પ્રતાપના દર્પને દળીને હું તને પાણી પાઉં છું.

માટે શાન્તિથી પાણી પી. આજથી પિછોલાનું પાણી તારા માટે છે."

આમેર રાજ્યનો એક ચારણ કવિ "જાગાવત બારહટ્ટ" તે રાજા માનસિંહનો કૃપાપાત્ર (અમીર કવિ) હોવાથી યુદ્ધમાં સાથે હતો. તે રાજા માનસિંહની નજદીકમાંજ પોતાના ઘોડાને પાણી પાતો હતો, તેણે રાજા માનસિંહનાં ગર્વભર્યાં વચનો સાંભળ્યાં. ચારણ હૃદયથી રાણા પ્રતાપ જેવા સાચા ક્ષત્રિયવીરનું પરોક્ષ અપમાન તથા માનસિંહનું મિથ્યાભિમાન સહન ન થયું; મેવાડના ઇતિહાસના સાક્ષી અરવલ્લીના પહાડોમાંથી, મેવાડનું ગૌરવ, રાજા માનસિંહને તેની સ્થિતિનું ભાન કરાવતું હોય તેમ તે "જાગાવત ચારણના" મોઢેથી નીચે લખ્યા દોહા રૂપે શબ્દો નીકળ્યા.

દોહા.

માના અંજસ કર મતિ, અકબર બળ આયાહ;
જોધે જંગમ આપરા, પાણાં બળ પાયાહ. ॥૧॥

ભાવાર્થ—"માના (હે રાજા માનસિંહ!) પિછોલા તળાવમાં ઘોડાને પાણી પાવા બાબતનો તું મિથ્યા અહંકાર કર નહિ. કારણ કે તું અકબરના બળ ઉપર આવેલ છું. અને જોધા રાઠોડે ઘોડાને પાણી પાયું હતું તે તો પોતાના ભૂજબળે. અર્થાત્ તેં અકબરના બળથી રાણા ઉપર વિજય મેળવ્યો છે. માટે ક્યાં તું અને ક્યાં જોધો રાઠોડ!"

ઉપરોક્ત કટુ ઉપાલંભને સહન કરવા માટે રાજા માનસિંહમાં મહાન સામર્થ્ય (ક્ષમાબળ) હતું નહિ. પણ રાજપૂત દેહધારી હોવાથી ચારણને શું શિક્ષા કરી શકે? રાજા માનસિંહે ક્રોધાંધ થઇ તરતજ "જાગાવત ચારણ" ને કહ્યું કે, "જો આ વખતે:તારા જેમ બીજો કોઇ બોલ્યો હોય તો તેનું ધડ અને માથું જુદાં થઇ ગયોં હોય પણ હાય શું કરૂં? કે હું રાજપૂત છું, અને તું ચારણ છું. માટે જીવતો છોડું છું. જા ચાલ્યો જા. હવેથી તારૂં કાળું મોઢું મને કોઇ દિવસ બતાવીશ નહીં." રાજા માનસિંહના ઉગ્ર ક્રોધાનળથી જરા પણ દગ્ધ નહિ થતાં "જાગાવત ચારણે" કહ્યું કે, હે રાજા માન! આપ હુકમ ફરમાવો છો, તો ભલે હું રવાના થાઉં છું. પરંતુ કહેતો જાઉં છું કે, આપ આપના સ્વરૂપને ભુલી ગયા છો. આપ ક્ષાત્રધર્મનું રક્ષણ કરતા નથી પણ ભક્ષણ કરો છો. હિન્દુ ધર્મ અને ક્ષાત્રત્વના સાચા રક્ષક તો રાણો પ્રતાપ અને પૂર્વે આ પિછોલામાં ઘોડાને પાણી પાનાર રાવ જોધાજીના વંશજ (જોધપુરના) રાવ ચંદ્રસેન રાઠોડ એ બેજ (સાચા ક્ષત્રિય વીર) છે. એટલું કહી ગીતનો એક દુહાલો નીચે મુજબ કહયો:—

અણદગિયા તુરી ઉજળી અસમર, ચાકર હોણ ન ડગિયા ચિત્ત;
સારા હિન્દુકાર તણે શિર, પાતલ ને ચંદ્રસેન પવિત. ૧.

ભાવાર્થ—"જેના ઘોડા અણદાગ (બાદશાહી ચિન્હ વિના) છે, તરવાર ઉજળી છે, તેમજ બાદશાહી સેવા કરવા (તાબેદારી સ્વીકારી વૈભવ ભોગવવા) જેનું મન લોભાયું

નથી, એવા હિન્દુ જાતિમાત્રના શિરોમણિ રાણો પ્રતાપ અને રાવ ચંદ્રસેન* એ બેજ પવિત્ર ક્ષત્રિય છે."

એટલું કહી સત્યવક્તા "જાગાવત ચારણુ" કવિ ત્યાંથી રવાના થઇ ગયો. ત્યાર પછી રાજા માનસિંહે અજમેર આવીને પોતાના પિતાને આમેર લખી મોકલ્યું કે, આપણા આમેર રાજ્યમાં ચારણોની જે જે જાગીરો છે તે જપ્ત કરવી. તેમજ હવેથી કોઇ પણ ચારણને મળવું નહિ. રાજા માનસિંહની ઇચ્છાનુસાર આમેર રાજ્ય તાબાના તમામ ચારણોની જાગીરો જપ્ત કરવામાં આવી અને કોઇ પણ ચારણને મુલાકાત આપવી નહિ એવી રાજા માનસિંહે પણ પ્રતિજ્ઞા લીધી.

---

* રાવ ચંદ્રસેન—તે રાવ માલદેવના ત્રીજા નંબરના કુંવર હતા. પાટવી રામદેવ હતા, તેમણે પોતાના પિતા માલદેવજીને મારી રાજ્ય લેવા કપટ કરેલું, તેથી તેઓને દેશવટો મળ્યો, એટલે તે રામદેવ પોતાના સાસરા ઉદેપુર રાણાને ત્યાં ચાલ્યા ગયા. બીજા કુંવર ઉદેસિંહ હતા. પરંતુ તે અકબરની પ્રશંસા કરતા અને અકબર સાથે સુલેહ કરવામાં મજા છે એમ કહેતા, તેથી ક્ષાત્રધર્માસક્ત રાવ માલદેવને ખાત્રી થઇ કે મારી પછી ઉદેસિંહ રાજા થશે તો અકબરને મળી જશે અને જોધપુરને કલંક લગાડશે, તેથી ઉદેસિંહનો ગાદીનો હક રદ કર્યો. અને પોતાની પછી ચંદ્રસેન ગાદીએ આવે તેવો ઠરાવ કર્યો ત્યાર બાદ રાવ માલદેવ સં. ૧૬૧૯ માં સ્વર્ગવાસી થયા એટલે ચંદ્રસેન જોધપુરના રાજા થયા પછી જોધપુર ઉપર બાદશાહી ફોજ આવી, ચંદ્રસેનના હાથથી જોધપુર છૂટી ગયું. ચંદ્રસેનના પાટવી પુત્ર રાયસિંહ તથા ભાઇ ઉદેસિંહ બાદશાહને મળી ગયા. છતાં પણ ચંદ્રસેન અકબરને નમ્યા નહિ અને સં. ૧૬૩૭માં સ્વર્ગવાસી થયા બાદ તેજ ઉદેસિંહ સં. ૧૬૪૦ માં જોધપુરના રાજા તથા અકબરના સગા થયા.

તે વખતે અજમેર પાસે શ્રીનગરમાં પઁવાર રાજપુતોનું રાજ્ય હતું. રાજા માનસિંહ તે શ્રીનગરના રાજા પંચાયણ પઁવારના દોહિત્ર (દીકરીના દીકરા) થતા હતા. રાજા માનસિંહના (સગા) મામા જગમાલ પઁવાર આ વખતે શ્રીનગરમાં રાજ્ય કરતા હતા, અને તે જગમાલજી પાસે (તેમના પિતા પંચાયણજીની વખતના) "કીસનાજી" (ભાદા શાખના ચારણ) મુખ્ય મંત્રી હતા. આમેર રાજ્યમાં તમામ ચારણોની જાગીરો જપ્ત કરવાનું પોતાના ભાણેજ માનસિંહે પાપાચરણ કર્યું છે, તેવા અઘટિત સમાચાર જાણવામાં આવતાં શ્રીનગરના રાજા જગમાલજીને તથા મુખ્ય મંત્રી કીસનાજીને ઘણો ખેદ થયો. બંનેનાં હૃદય અનુકંપાથી દ્રવી ઉઠયાં. તમામ ચારણોને જાગીરો પાછી સોંપી દેવા માટે જગમાલજીએ અતિ આગ્રહ તથા નીતિરીતિ ભર્યો એક ભલામણ પત્ર રાજા માનસિંહ ઉપર લખી મોકલ્યો. પરંતુ તે પત્ર ઉપર માનસિંહે કાંઇ પણ લક્ષ્ય આપ્યું નહિ. તેથી જગમાલજીના અંતઃકરણમાં ખેદ વધ્યો. પણ "દુઃખનું ઔષધ દહાડા" તે દ્રષ્ટાંત અનુસાર તે ખેદ થોડે થોડે શાન્ત થઇ ગયો. પરંતુ કીસનાજીના હૃદયમાં તો દિન દિન બમણો દુઃખદાહ થવા લાગ્યો. ગમે તે ભોગે પણ ચારણોની જાગીરો પાછી અપાવવીજ, એમ કીસનાજીએ દ્રઢ નિશ્ચય કર્યો. કોઇ પણ ચારણને મળવું નહિ એવી રાજા માનસિંહે પ્રતિજ્ઞા લીધેલ હોવાથી, કીસનાજીએ પોતેજ રાજા માન-

સિંહને મળવાનો નિશ્ચય કર્યો. છેવટે પોતાના સ્વામી શ્રીનગરના રાજા જગમાલજીના રાજકાજના બહાનાને અંગે ખાસ પત્ર લઇને કીસનાજી પોતે આમેર ગયા. પોતાના મોસાળના દિવાન કીસનાને મળવા માટે રાજા માનસિંહથી ના કેમ કહેવાય ? છેવટે નાઇલાજે પોતાના મામાના માનની ખાતર રાજા માનસિંહે કચેરી ભરી કીસનાજીને મળવા બોલાવ્યા. કીસનાજી રાજતંત્રી હતા એટલુંજ નહિ, પણ સાથેસાથ કવિ પણ હતા. કીસનાજીએ કચેરીમાં આવી રાજા માનસિંહજીને મળી ક્ષેમ કુશળ પુછીને નીચે લખ્યું ગીત કહી સંભળાવ્યું.

ગીત.

અતુલી બલ માન તૂઝ ધન આસત, ગાહે ગિરિવર ગમ અગમ્મ;
પડપે કિસૂં પિછોલે પાયાં, જ્યાં સમદાં પાયા જંગમ્મ. ૧.

જાન્હડ હરા ભરતખંડ જીતણુ, તો ધિન દેશ વિદેશાં તપ્પ;
ચહું સાગરાં ઢોહિયા ચંચલ, પીછોલે કેહે પિંડપ્પ. ૨.

સેતબંધ ગંગા સિંધ સાગર, પેખો વળે દ્વારકા પરે;
ઘાટાં ઇતાં ધ્રપાયા ઘોડા, કિસૂં તલાવાં અંજસ કરે. ૩.

ચહું ખંડ તણા સાગરાં ચહુવાં, રેવંત પાયા છહૂંવે રૂત્ત;
કૂરમ માન તુહાલાં કટકાં, તાલાવાં ન હુવે તૃપત્ત. ૪.

ભાવાર્થ—"હે અતુલ બલી રાજા માનસિંહ! તારા અસ્તિત્વ (જીવન) ને ધન્ય છે? તેં ગમ્ય અને અગમ્ય એવા મહાન પર્વતો સુધી તારી સત્તા ફેલાવી છે. (તારા) જે ઘોડાઓ સમુદ્રના કિનારા સુધી પાણી પી આવ્યા છે તેમને પિછોલાનું પાણી પાવામાં તારે ગર્વ લેવા જેવું શું છે?" ૧.

"હે ભરતખંડને જીતવાવાળા, જાન્હડના પૌત્ર! તારો પ્રતાપ દેશ વિદેશમાં સર્વ ઠેકાણે ફેલાઇ ગયો છે. તારા ઘોડા ચારે સમુદ્રો સુધી પહોંચી વળ્યા છે તો પિછોલા તળાવે પહોંચ્યા તેમાં શું ગર્વ કરવા જેવું છે? ૨.

"સેતુબંધ રામેશ્વર, ગંગાજી, સિંધુ તથા દ્વારકાના ઘાટો ઉપર તારા ઘોડાઓ પાણી પીને તૃપ્ત થયા છે. તો એક તળાવ (પિછોલા) નું પાણી પાવામાં શું અભિમાન લેવા જેવું છે?"

"હે કચ્છવાહા માનસિંહ! તેં તારા ઘોડાઓને છએ ૠતુઓમાં ચારે ખંડના ચારે મહાસાગરો પર્યંત પાણી પાયાં છે. તારા લશ્કરને (લશ્કરના ઘોડાઓને) એક તળાવના પાણીથી તૃપ્તિ ન થઇ શકે." ૪.

કિસનાજીનું ઉત્તમ યુક્તિ ભરેલું ગીત સાંભળીને રાજા માનસિંહજી બહુજ ખુશી થયા અને બોલ્યા કે, "મારા પોતાનાજ ચારણ કવિએ કરેલા અપમાનથી હું શાન્તિ જાળવી શકયો ન હતો, પણ આજે આપે મને શાન્તિનો બોધ આપી મારા ઉપર અત્યંત ઉપકાર કર્યો છે. તેના બદલામાં આપ જે ફરમાવો તે સેવા કરવાને હું તૈયાર છું." તે વખતે કિસનાજીએ વિનતિ કરી કે "મહારાજ, આપે ચારણોની જે જે જાગીરો જપ્ત કરી છે તે તેમને પાછી

સોંપવા કૃપા કરો. તેમજ આપને ઉપાલંભ આપનાર જાગાવત બારહટ્ટને પણ તેની જાગીર પાછી આપી ક્ષમાને સેવી ભૂ ભૂષણ બની શ્રીનગર તથા આમેર બંને માતા પિતા પક્ષને ઉજ્વળ કરો, એમ મારી અરજ છે." રાજા માનસિંહજીએ કહ્યું કે, હું એક શરતે તેમ કરવા તૈયાર છું. અને તે શરત એજ કે—

"આપ મારા મોસાળ શ્રીનગર રાજ્યનું દિવાનપદ છોડી મારા પાસે કાયમ રહેવાનું કબૂલ કરો, તો આપની આજ્ઞા મુજબ તમામ ચારણોની જાગીરો પાછી સોંપી દેવા હું તૈયાર છું." ત્યારે કીસનાજીએ હૃદયમાં વિચારી જોયું તો જણાયું કે, રાજા માનસિંહના હઠભર્યા વચન મુજબ કાયમ અહીં રહેવાનું કબુલ કરતાં પોતાની શ્રીનગર રાજ્યની જાગીર સદાને માટે ગુમાવવી પડે તેમ છે. અને તેના બદલામાં રાજા માનસિંહ કાંઇ આપશે કે નહિ તે અનિશ્ચિત છે. એક તરફ પરમાર્થ, બીજી તરફ સ્વાર્થ—આવી અટપટી સ્થિતિમાં આવી પડેલ પરોપકારી ચારણે છેવટે સ્વાર્થ ત્યાગ કરી પરમાર્થ સાધવાનો નિશ્ચય કર્યો. ચારણ બંધુઓની જાગીરો ખાતર પોતાનું સર્વસ્વ જતું હોય તો તેમ કરવાનું પણ કીસનાજીના હૃદયે કબુલ રાખ્યું.

કીસનાજીએ રાજા માનસિંહજીને વચન આપ્યું કે "ભલે હું આપની આજ્ઞા મુજબ વચનથી બંધાઉં છું કે, હવે હું આપને છોડીને શ્રીનગર પાછો નહિ જાઉં."

રાજા માનસિંહે પોતાના વચન મુજબ સર્વ ચારણોને સન્માનપૂર્વક પાછા બોલાવીને જાગીરો પાછી સોંપી દીધી. તેમજ પોતાને કટુ ઉપાલંભ આપનાર જાગાવત ચારણ કવિને પણ માનપૂર્વક પાછો બોલાવી લીધો.

કીસનાજી પણ પોતાના વચન મુજબ શ્રીનગરના દિવાનપદનું રાજીનામું આપવા સાથે ત્રીશ હજારની ઉપજવાળી શ્રીનગર તાબાની સાત ગામની જાગીર હતી, તે છોડી રાજા માનસિંહજી પાસે કાયમ રહી ગયા.

થોડાંક વર્ષ વ્યતીત થયા બાદ રાજા માનસિંહજીએ કીસનાજીને ક્રોડય પસાવ સાથે "કચોલીયા" નામનું ગામ બક્ષીસ કર્યું. તે કચોલીયા ગામ અત્યારે પણ તે કીસનાજીના વંશજો ખાય છે, આ પરોપકારી ચારણ કીસનાજીનો દેહાન્ત સં. ૧૬૫૦ લગભગમાં થયો.

ધન્ય છે ક્ષાત્રત્વના ઉત્તેજક તથા શિક્ષક અને શુદ્ધ ક્ષાત્રત્વના પૂજક, સત્યવક્તા ચારણ કવિ, જાગાવત બારહટ્ટને કે, જેણે પોતાના જીવનની તથા જાગીરની પરવા કર્યા વિના કછવાહા રાજા માનસિંહને સત્ય વસ્તુ સ્થિતિનું ભાન કરાવવાની યથા સમયે પોતાની ફરજ અદા કરી. અને ધન્ય છે પરોપકાર મૂર્તિ ચારણ કુળ ભૂષણ કીસનાજીને કે જેણે પોતાની લાખોની મિલ્કતના ભોગે અન્ય ચારણોની જાગીરો પાછી અપાવી.

મહારાણા રાજસિંહજીનું

ગીત.

દિલી ઉપરાં રાજસી રાણ ચઢિયો જદ્દન,
નયર ધખ માલપુર લંક નાંઇ;
ધૂંવાસૂં હોઇ ગ્યો ઇંદ્રાપર ધૂંધળો,
તપ ગયો ઠેઠ અહરાવ તાંઇ. ૧.

સુતન જગતેશ દલ કીધ પ્રારંભ ઇસા,
અસુર ચા પ્રાજળે સહર અઘળા;
પુરંદર મંદરાં બીચ કાજળ પડે,
સહસફણ તણા શિર જળે સઘળા. ૨.

હિન્દવા છાત્ર અખિયાત બાતાં હુઇ,
સજ હુવા તેણ સાખી અરક સોમ;
ધારધર નયણ અકુળાવિયા ધૂંવાસૂં.
ધરાધર કમળ અકળાવિયા ધોમ. ૩.

આકુળત વ્યાકુળત ચલત નહ આંગણે,
પીવ કિંણ ભાંત આરામ પામે;
સુકરદે શકરચા નયણ મૂંદે સચી,
અને-નાગણી નાગ શિર ઘડા નામે. ૪.

ભાવાર્થ—જે દિવસ દિલ્લી (બાદશાહી મુલક) ઉપર રાણા રાજસિંહે ચઢાઇ કરી તે વખતે માલપુરા નગરને લંકાની માફક બાળ્યું. તેના ધુમાડાથી ઇન્દ્રલોક ધુંધળો થઇ ગયો અને (પાતાળમાં) અહિરાવ (શેષ) તપી ગયો. ૧.

જગતસિંહના પુત્રની સેનાએ એવો આરંભ કર્યો કે, બાદશાહી મુલકનાં સઘળાં (એકથી વિશેષ) શહેરો બાળ્યાં. તેથી ઇન્દ્રના મહેલોમાં કાજળ પડવા લાગ્યું, અને સહસ્રફણ (શેષ)નાં બધાં માથાંઓમાં બળતરા થવા લાગી. ૨.

આંખોમાં ધુમાડો લાગવાથી ઇંદ્ર અકળાઇ ગયો. અને ગરમીથી શેષ નાગનાં મસ્તકો તપી ઉઠ્યાં, એવી હિન્દુઓના શિરછત્ર રાણા રાજસિંહની અખિયાત (અજાયબ) વાત થઇ તેના સાક્ષી (હંમેશને માટે) સૂર્ય અને ચંદ્ર છે. ૩.

ઇન્દ્ર અને શેષ આકુળ વ્યાકુળ થઇ જવાથી આંગણામાં ચાલવાને પણ અશકત બની ગયા. તેથી બંને (ઇંદ્ર અને શેષનાગ) ની સ્ત્રીઓ વિચાર કરે છે કે—(પોતાના) પતિને કયા પ્રકારે આરામ મળે ? છેવટે ઇંદ્રાણીએ પોતાના સુકોમળ હાથથી ઇન્દ્રની આંખો દબાવી, અને નાગણી શેષનાગના મસ્તકપર પાણીના ઘડા નામવા લાગી. ૪.

દિલ્લીનો બાદશાહ ઔરંગજેબ મહાન ફોજ લઇ સં. ૧૭૩૬ માં ઉદેપુર ઉપર ચઢી આવ્યો, ત્યારે ઉદેપુરમાં રહીને યુદ્ધ કરવું તે અનુચિત સમજી (ઉદેપુરને ખાલી કરીને) મહારાણા રાજસિંહજી પશ્ચિમના પહાડોમાં રવાના થયા. તે વખતે મહારાણાજીના દસોંદી "સોદા શાખના

ચારણ બારહટ્ટ નરપાળે" પોતાનાં સ્ત્રી છોકરાંને મહારાણા શ્રી સાથે રવાના કરી દીધાં અને પોતે રાજ મહાલયના પ્રથમ દ્વાર "બડી પોળ" ઉપર બેસી ગયા. મહારાણાજીએ ઘણું સમજાવ્યા પણ હઠ છોડી નહિ. અને જવાબ દીધો કે, અહીં હું રાજના વિવાહ પ્રસંગે મારો હક (નેગ–બક્ષીસ) લઉં છું. માટે અહીં લડવું એ પણ મારો હક છે.

છેવટે મહારાણાજી પધારી ગયા બાદ બાદશાહી ફોજે ઉદેપુરમાં પ્રવેશ કર્યો, અને બાદશાહી એક્કા તાજખાં તથા રોહિલ્લાખાં ફોજ લઇ દરબાગઢ નજદીક આવ્યા, તે વખતે "બડી પોળ" બહાર નીકળી (પોતાના વીસ સેવકો સહિત) બારહટ્ટ નરપાળે વીરતા પૂર્વક લડાઇ કરી, અને કામ આવ્યા તે સમયનું ગીત.

ગીત.

કહિયો નરપાળ આવિયાં કટકાં, ધૂણ છડાળ ધરાપે ધોળ;
પોળ બડા ગજરાજ પામતો, તો–પડતે ભાર ન છોડૂં પોળ. ૧.

રાજડ કિયો રાણ છળ રૂડો, કાઁનો દ નીસરૂં કઠે;
અરિ ઘોડા કિમ દિયાં આવવા, તોરણ ઘોડા લિયાં તઠે. ૨.

આખા પીળા કરે ઉજળા, સોદો રોદાં કળહ સજ્જ;
કરગ માંડિયા નેગ કારણે, કલમ ખાંડિયા નેગ કજ્જ. ૩.

ઉદિયાપુર સોદે અજરાયલ, કલમાઁ હૂઁ ભારાથ કિયો;
દત લેતો આવે દરવાજે, દરવાજે ઇણ મરણ દિયો. ૪.

મહારાણા સજ્જનસિંહ.

સવૈયા.

રાવરો દાન મુરાર ભને જગવંદિત હૈ કવિ કીરતી ગાઇ;
પેંહો અજાચક જોધપુરેશકો, વીનતિ માફિકી યાતેં કરાઇ,
"સજ્જન" સો અપરાધ ન લેખિયે દેખિયેં રાઉરિબંશ બડાઇ;
ધર્મ નિવાહનકોં હિંદવાનકે, રાન રહે તનત્રાન સદાઇ. ૧.

(કર્તા કવિરાજા મુરારીદાન—જોધપુર)

[નોટ—જોધપુર કવિરાજા મુરારિદાનજી પ્રથમ વખત ઉદેપુર ગયા ત્યારે તેઓને એક લક્ષ પસાવ બક્ષીશ આપવાની મહારાણા સજ્જનસિંહે તૈયારી કરી તે વખતે આ "સવૈયો" નિદિત કરી માફી માગી લીધી.]

ભાવાર્થ—કવિરાજા મુરારિદાન કહે છે કે, હે મહારાણા સજ્જનસિંહ! આપનું દાન જગત્ વંદનીય છે, તેની કવિઓએ કીર્તિ ગાઈ છે. પરંતુ હું જોધપુરેશ (જોધપુર મહારાજા) નો અયાચક (જોધપુર શિવાય અન્ય રાજાઓનું દાન નહિ લેવાની પ્રતિજ્ઞા ધારી) છું તેથી માફ કરો એમ વિનંતિ ગુજારૂં છું. હે મહારાણા સજ્જનસિંહ! (આપનું દાન હું નથી લેતો તેથી) મ્હારો અપરાધ ગણશો નહિ, પણ આપના વંશના ગૌરવ સામું જોશો, કારણ કે હિન્દના ધર્મનું રક્ષણ કરવા માટે મહારાણાઓ હંમેશા બખતર રૂપે રહેલા છે. અર્થાત્ પોતે કષ્ટ સહન કરી આર્ય ધર્મનું રક્ષણ કરેલ છે.

મહારાણા ફત્તેહસિંહ.

"તરવારની બક્ષીસ વિષ-કવિત."

યાહીને અનેક કંઠ કાટે હૈ કુરાનિનકે,
યાહીકે પ્રતાપ પીનો રૂધિર ભવાનીને;
યાહીતેં અનેકબેર ભવ મુંડમાલી ભયે,
યાહી ઓટ પાઇ હે પિનાકી ચક્રપાનીને;
નારદ હસાયો કેઇ વાર જયકર્ન કહે,
સોઇ ફત્તેસિંહ રાન દીન મહાદાનીને;
સમય પિછાની હમેં કોશ તેં ન તાની તઉ,
કૃપણ કરેજે કાટ ડાર્યૈ યે કૃપાનીને. ૧.

[નોટઃ—ઉદેપુર મહારાણા શ્રી ફત્તેહસિંહજીએ ખાસ પોતાની અમૂલ્ય તરવાર (જેને મહારાણાઓ હાથમાં ગ્રહણ કરતા આવેલ) તે ઉજ્વળ ચારણ કવિરાજ ફત્તેહકર્ણને બક્ષીસ દીધી ત્યારે આ કવિત કહેલું છે. કવિરાજ ફત્તેહકર્ણ કવિતામાં પોતાનું નામ "જયકર્ણ" રાખતા].

ભાવાર્થ—આણે (આ તરવારે) કેટલાએક કુરાની (મુસલમાનો)ના કંઠ કાપેલા છે, આને પ્રતાપે ભવાનીએ રૂધીર પાન કયુ છે, એના વડેજ અનેકવાર મહાદેવજી મુંડમાલી થયા છે, પિનાકી અને ચક્રપાણિ (હર-હરિ) એ એનોજ આશરો લીધો છે. કવિ જયકર્ણ (ફત્તેહકર્ણ) કહે છે કે, જેણે અનેકવાર નારદને ખુશી કરેલા છે, તે (તરવાર) મહાદાની ફત્તેહસિંહજી મહારાણાએ (મને બક્ષીસ) આપી છે. અમે (અત્યારનો) સમય ઓળખીને (તેને) મ્યાનમાંથી ખેંચી નથી, તો પણ તે તરવારે કૃપણના કલેજા કાપી નાખ્યાં છે.

દોહો.

મહિપાંરી માળા હુઇ, દિલ્લીમેં દો દાણ;
ફેર ફિરે પાછા ફિરંગ, મેર ફત્તો મહારાણ. ૧.

ક્ષત્રિયકુલછત્ર મેવાડેશ્વર (વિદ્યમાન) મહારાણા શ્રી ભૂપાલસિંહજીને શુભાશિર્વાદ.

દોહા.

ઉદયપુરકે તખત અબ, દિલ દરિયાવ દરાજ;
ભલો ભૂપ ભૂપાલ હૈ, ક્ષત્રિયકુલ શિરતાજ. ૧.

જથા વિબુધકે વૃન્દમેં, વિષ્ણુ શ્રેષ્ટ વિશેષ;
તથા ભરત ભૂ ભૂપમેં, મહદ મેદપાટેશ ૨.

ભારત ભુવમંડલ બિચેં, ક્ષત્રિયકુલ શિરતાજ;
મેવાડા મહારાણરો, રહો અવિચલ રાજ. ૩.

ઇજ્જત યશ સંપતિ બઢો, મહિમા બઢો અમાપ;
મેવાડા મહારાણરો, બાઢો રાજ પ્રતાપ ૪.

(કર્ત્તા દેથા ચારણ શંકરદાન જેઠીભાઇ કવિ-લીંબડી.)



કવિઓની યોગ્યતા માટે મહારાણા શ્રી રાજસિંહજીનું કથન. છપ્પય.

કહાં રામ કહાં લખણ, નામ રહિયા રામાયણ,
કહાં કૃશણ બલદેવ, પ્રગટ ભાગૌત પુરાયણ;
વાલમીક શુક વ્યાસ, કથા કવિતા ન કરંતા,
કો સ્વરૂપ સેવતા, ધ્યાન મન કવણ ધરંતા;
જગ અમર નામ ચાહો જીકે, સુણો સજીવણ અખ્ખરાં,
રાજસી કહે જગરાણરો, પૂજો પાવ કવેશ્વરાં. ૧.

[વિવેચન—ઉદેપુર મહારાણા શ્રી રાજસિંહજીએ પોતાના નામથી "રાજસમંદ" નામે (મેવાડમાં) એક ભવ્ય તલાવ પીસતાલીશ લાખ રૂા. ખર્ચ કરીને બંધાવ્યું છે. અને તે તલાવને ખુલ્લું મૂકયું ત્યારે પાંસઠ લાખ રૂા. નો ખર્ચ કર્યો હતો. તે મહાન તલાવની પાળ ઉપર "મહેલમાં" ઉપર લખ્યો છપ્પય શિલામાં કોતરાવી લખાવેલ છે.]

ભાવાર્થ:—રામ અને લક્ષ્મણ કયારે થઇ ગયા પરંતુ રામાયણથી તેમનું નામ રહી ગયું. કયાં કૃષ્ણ અને બલદેવ-પરંતુ ભાગવત પુરાણાદિકથી તેઓનું નામ પ્રગટ છે. વાલ્મીક, શુક, વ્યાસ જેવા કવિઓએ જો તેઓની કથા કવિતા ન કરી હોત તો તેમના સ્વરૂપને કોણ યાદ કરત અને કોણ ધ્યાન ધરત? માટે આ સંસારમાં જેને અમર નામની ચાહના હોય તે મારા સજીવન અક્ષર સાંભળો. રાણા જગતસિંહનો પુત્ર રાજસિંહ કહે છે કે-કવિઓના પગને પૂજો અર્થાત કવિઓની કૃપા મેળવો, કવિઓને પ્રસન્ન રાખો.

ઔરંગજેબ અને ભૂષણ કવિ.

દિલ્લીના બાદશાહ ઔરંગજેબ પાસે નીલકંઠ, કાળીદાસ, સામત, કૃષ્ણ, શુકદેવ, ભૂષણ આદિ હિન્દુ કવિ તથા દાનિશમંદ અબ્દુલજલિલ આદિ મુસલમાન કવિઓ રહેતા અને બાદશાહની સ્તુતિ કાવ્ય કરતા હતા. એક દિવસ બાદશાહે કહ્યું કે, રાજાઓને સત્ય કહેવું એ કવિઓનું કામ છે, પરંતુ તમે હાલના કવિઓ તો ખોટાં વખાણ અને ખુશામત કરી તમારો સ્વાર્થ સાધો છો. બાદશાહનું ઉપરોક્ત કથન સાંભળી બીજા કવિઓ તો ચૂપ ચાપ બેસી રહ્યા. પરંતુ ભૂષણ કવિએ જવાબ દીધો કે—

"દોહા"

જડ ચૈતન ગુણદોષમય, વિશ્વ કીન કિરતાર;
સંત હંસ ગુણ ગહહિ પય, પરહરિ વારિ વિકાર.

વિશ્વકર્તાએ જડ ચૈતન્ય તમામને ગુણદોષ મિશ્રિત રચેલાં છે. પરંતુ હંસવૃત્તિવાળા સંતપુરૂષો દોષ રૂપી પાણીને ત્યાગી ગુણરૂપી દૂધને ગ્રહણ કરે છે. તેમ ઉત્તમ કવિઓ પણ સંત-હંસ જેવી વૃત્તિવાળા હોય છે.

દોહા.

દોષ દુરાઈ ઓરકી, શોભા કરે પ્રકાશ,
ઐસા કો સર પટ્ટણી, સુકવિ સાધુ કપાસ.

દોષને દબાવી અને પરાઇ શોભાને પ્રકાશમાં લાવનારા સાધુ, કપાસ અને ઉત્તમ કવિઓ હોય છે. દોષ કથે તે તો અધમ કવિ કહેવાય. છતાં પણ બાદશાહે કહ્યું કે, તમે કવિઓ ખુશામતિયા અને ખોટાં વખાણ કરનારા છો. સાચું કહેનારા કવિઓ ચાલ્યા ગયા. ત્યારે ભૂષણ કવિએ કહ્યું કે સાચું કહેવું કોઇને ગમતું નથી. આપ ફરમાવતા હો તો હું સત્ય કવિતા કહેવા તૈયાર છું, પણ આપ ગુસ્સે થાશો. ત્યારે બાદશાહે અભય વચન દીધું કે તમે મારી સત્ય કવિતા કહો, હું સાંભળીશ, અને ગુસ્સે થઇશ નહિ, પણ ઇનામ આપીશ, એવું મારૂં વચન છે. તે ઉપરથી ભૂષણ કવિએ નીચે લખ્યાં કવિત બનાવી બીજે દિવસે સંભળાવ્યાં.

કવિત.

કિબલેકે ઠૌર બાપ બાદશાહ શાહજહાં,
વાકોં કૈદ કિયો માનો મક્કે આગિ લાઇ હૈ;
બડે ભાઇ દારા વાકોં પકરિકે મારિ ડાર્યો,
રંચક રહમ આપ ઉરમેં ન આઇ હૈ;
ખાઇકે કસમ તેં મુરાદકોં મનાઇ લિયે,
ફેર ઉનસાથ અતિ કીન્હી તેં ઠગાઇ હૈ;
ભૂષણ ભનંત સાચ સુનહો ઔરંગજેબ,
ઐસેહી અનીતિ કરી પાતશાહી પાઇ હૈ. ૧

ભાવાર્થ—તીર્થસ્થળ સ્વરૂપ પિતા શાહજહાંનને કેદ કર્યો તેતો જાણી મક્કામાં અગ્નિ લગાવી હોય તેવું કર્યું, વળી મોટો ભાઇ દારાશાહ તેને પકડીને મારી નાખ્યો તે વખતે પણ તારા હૃદયમાં જરા પણ દયા ન આવી, તેમજ ધર્મના કસમ ખાઇને મુરાદને મનાવી લીધો, અને પછી તેની સાથે મહાન ઠગાઇ કરી. ભૂષણ કવિ કહે છે કે, હે ઔરંગજેબ ! સાચું સાંભળ, આ પ્રમાણે અનીતિ કરીને તેં પાતશાહી પ્રાપ્ત કરી છે.

કવિત.

તસબી લે હાથ, ઉઠિ પ્રાત કરે બંદગી સો,
મનકે કપટ સબે સંભારત જપ કે;
આગરેમેં આય દારા ચૌકમેં ચુનાય લિન્હો,
છત્રહી છિનાય લીનો બૂઢે માર બપકે;
સૂજા બિચલાય કૈદ કરિકે મુરાદ મારે;
ઐસેહી અનેક હને ગોત્ર નિજ ચપકે;
ભૂષણ ભનંત અબ શાહ ભયે સાચે કૈસે,
સો સો ચૂહા ખાઇકે બિલાઈ બૈઠે તપકે. ૨.

ભાવાર્થ:—સવારમાં ઉઠીને હાથમા માળા લઇને તું બંદગી કરે છે તે (બંદગી કરતો નથી પણ) કરેલાં કપટ તું તારા મનમાં જપે છે. આગ્રામાં આવીને (તેં તારા ભાઇ) દારાને (જીવતાં) ચોકમાં ચણાવી લીધો, અને વૃધ્ધ પિતાને મારી રાજ્યછત્ર પડાવી લીધું. સુજાને તગડી મુક્યો, તથા મુરાદને કેદ કરી મારી નાખ્યો. એમ અનેક ગોત્રજનને દગાથી માર્યા. ભૂષણ કવિ કહેછે

કે, (ઉપર પ્રમાણે કૃત્ય કરીને) હવે તું બાદશાહ થયો તે સાચું પણ સો સો ઉંદરોને મારી બિલાડી તપ કરવા બેસે તેના જેવું છે.

ઉપરોકત બંને કવિતો સાંભળતાં ઔરંગજેબના રોમ રોમમાં ક્રોધ વ્યાપી ગયો, અને તરવાર લઇ મારવા દોડયો, પરંતુ ભૂષણ કવિ બચી ગયો. તે માટે બે વાતો છે. કોઇ કહે છે કે, તેણે પ્રથમથી જૈપુર મહારાજા જયસિંહજી તથા ફાજલઅલી (બાદશાહી અમીર) ને જામીન લીધા હતા. તેથી બચી ગયો. વળી કોઇ કહે છે કે બાદશાહ બગીચામાં ફરવા ગયેલ ત્યાં જઇ ઘોડા ઉપર બેઠા બેઠા કવિતો સંભળાવેલ અને ભાગી નીકળેલ. બાદશાહે પકડવા અગર મારી નાખવા હુકમ કરેલો, પરંતુ પછવાડે જનાર ખાનદાન માણસો હતા. તેથી ભૂષણ કવિ વિના હરકતે બચી ગયો. પ્રથમથીજ ભૂષણ કવિએ શિવાજી મહારાજના શરણે જવાનું નક્કી કરેલ હતું, તેથી દિલ્હીથી રવાના થઇ સીધા દક્ષિણમાં આવ્યા, અને શિવાજી મહારાજનો જંગલમાં ભેટો થયો, ત્યાં નીચેનું કવિત સંભળાવ્યું.

કવિત.

ઇંદ્ર જિમિ જંભપર વાડવ સો અંભપર,
રાવનકે દંભ પર રઘુકુલ રાજ હૈ;
પૌનવારિ વાહપર શમ્ભુ રતિનાહ પર,
ચોં સહસ્ત્રબાહ પર રામ દ્વિજરાજ હૈ;

દાવા દ્રુમદંડ પર ચિત્તા મૃગ ઝુંડપર,
ભૂષન બિતુંડપર જૈસે મૃગરાજહૈ;
તેજ તમઅંશપર કાન જિમિ કંશપર,
ત્યોં મ્લેચ્છ બંશપર શેર શિવરાજ હૈ. ૧.

ભાવાર્થ:—જંભાસુર દૈત્ય ઉપર જેમ ઇંદ્ર, પાણી ઉપર વડવાનળ. રાવણ ઉપર રામચંદ્રજી, વરસાદ ઉપર પવન. કામદેવ ઉપર મહાદેવજી, સહસ્ત્રાર્જુન ઉપર પરશુરામજી, વૃક્ષદંડ ઉપર દાવાનળ, હરણ ઉપર ચિત્તો, હાથી ઉપર સિંહ, અંધારા ઉપર તેજ, કંશ ઉપર કૃષ્ણ તેમ મુસલમાનો ઉપર શિવાજી છે.

ઉપરનું કવિત સાંભળી શિવાજીએ ફરીથી બોલો—ફરીથી બોલો—એમ ભૂષણ કવિને કહ્યા કર્યું. છેવટ ભૂષણ કવિ બાવન વખત બોલીને થાકયા, પછી ન બોલ્યા. તે ઉપર શિવાજી મહારાજે ભૂષણ કવિને બાવન લાખ પસાવ તથા બાવન ગામ અને બાવન હાથીની બક્ષીસ દીધી તે વૃત્તાંત જગ પ્રસિદ્ધ છે.

मस्त कविनी नोंधपोथीमांथी.

यह संसार मायादेवीका अनिर्वचनीय मयदान है, जिसने बडे ईश्वरावतार और चक्रवर्तीओको भी प्यासे मार डाले है.

यह माया गारुडीनें अपने मंत्र साधनेके लिये अविद्याकी रात्रिमें संसार स्मशानमें तरह तरके चरित्र किये है.

यह मायादेवीने बडे बडे महिषो कों भोग खिलाकर अन्त अपने बलिदान ही किये है.

यह मायादेवीने अगाध समुद्र बनके किसको नहि डुबा दिया है?

धन्य है कवीश्वरोंके जन्मको कि जिसने तारे होकर बहोत डूबतेहुवों कों पार उतारे है.

हम कविलोग ऐसे ब्रह्मा है कि एक आसमान तत्वके गुन शब्दसें तीन कालकी सृष्टिको वर्तमान करने वाले है.

हम कविलोग ऐसे इश्की है कि मायादेवी अपने अंदरके परदेकी बातें हमारे पासही करती है.

हम कविलोग ऐसे वैद्य है कि बहादुर दर्दीओंकों अपने वचनके अनुपानके साथ मोतके झहरका प्याला अमृत करके पिलाने वाले है.

हम कविलोग ऐसे साहसी है कि महमदादिकके झनूनी राहकों तोडनेके लिये शमसतबरेझ और मनसूरादिक बनीके जीते बदनकी खोली उतराने वाले और सूलीपर चढनेवाले है.

हम कविलोग ऐसे बेपरवा है कि फिरदूसी होकर शाहनामा बनाकर महमद के लोभ पर दोसो नीलमके उंट हराम करने वाले है.

સદ્‌ગત મસ્તકવિ ઉર્ફે
ચારણકુળ ભૂષણ જીવાભાઈ વીસાભાઈ, રાજ્યકવિ-લીંબડી સ્ટેટ
દોહા-સુકવિ માઘ હરનાથ સમ, બડ વદાન્ય વિદ્વાન;
ફિરદૂષી જ્યું બેફિકર, થા "કવિ મસ્ત" મહાન.

हम कविलोग ऐसे राहबर है कि महाराजा पृथु, राम, नल, कृष्ण, कर्ण, विक्रम, नागार्जुन, भोज, दियाच, जगदेव, ऐभल ओर चांपराजादिक उदारोने सुयश इश्वरकी झयारतमें मझहबों (धर्मो) के अकल पंथमें हमकोही अगुआ बनाये है॥

राजरोग सवैया.

जिहि काज दियाच[1] अरु जगदेव[2] नागाजणने[3] निज माथ दियो;
समर्प्यो शिर ऐभलने[4] सुतको यश द्राक्ष अबे परिपक्व हुयो,
हतभागिकुं हांसिल होत नहीं कबु-वस्तु भलीनको भोग अयो;
कलिके नृप कौवनकी चित चोंचमें लोभको रोग असाध्य भयो.

भावार्थ:—जिस्के लिये राव दियाच, जगदेव ओर नागाजणने अपना मस्तक दिया. ऐभलने (अपना) पुत्र (अणा)का शिर समर्पा. (वो) यश द्राक्ष अब परिपक्व हुवा. हतभागी (दुर्भागि) कों कबू हांसिल (लाभ प्राप्त) नहि होता है. (अब) भली वस्तुका भोगका समय आया. (तो) कलियुगके नृप (रुप)कौवनकी चित्त (रुप) चोंचमें लोभका असाध्य रोग भया.

दोहा.

द्रग सुबुद्धिसें द्रष्टि करि, बहुधा करत बचाव;
मृग मनुष्यको परत तउ, पास भविष्यमें पाव, १.

भावार्थ:—सुबुद्धिरुप द्रगसें द्रष्टि करिके बहुत प्रकारका बचाव करता है, तोभी मनुष्यरुप मृगका भविष्यरुप पाशमें पांव पडता है.

---

१. रावदियाच जूनागढका राजा. २ जगदेव परमार. ३ नागाजण जेठवा ढांकपट्टणका राजा. ४ ऐभलवाला तलाजाका राजा.

करि उद्यम कायर बणी, कर पटको सिर कीश;
इच्छा दोरही अनुसरत, जादुगर जगदीश. २.

भावार्थ:—(प्राणीरुप) बंदर उद्यम करि (करि) के कायर होकर (अफसोसका) हाथ (किस्मतके) मस्तकपर पटक कर (अन्त) जगदीश्वर (रुप) जादुगरकी इच्छा (रुप) डोरीकोंही अनुसरते है.

दोहा.

कवि सकंजमें जोडिके, बडी बातका बेल;
कंजुसता रेती पिसे, मिले न यशका तेल.

भावार्थ:–कविरुप सकंज (घानी) मे बडी बातका बेल (बलद) जोडिके कंजुसतारुप रेतीकों पीसनेसें सुयशका तेल न मिलेगा.

दोहो.

मस्त जरे मुरादनको, तीजे दिन जलदेत;
जीते देह जरायके, खुदा खबर नहि लेत.

भावार्थ:—मस्त कवि कहता है कि मुरदा (म्रतक शरीर) को भी जल गये बाद (जलानेवाले मनुष्य) तीसरे दीन जल देते है. तो अय (खुदा) प्रभु! (हमकों) जीते देह जलायकर (हमारी) खबर कयुं नहि लेता है?

મસ્ત કવિ માટે શોકોદ્ગાર—કવિત.

ચિત્ત ધરનીપેં વિદ્યાભ્યાસકી કરિકે કૃષી,
તર્કજલ પાવત હો કાવ્ય વ્રચ્છ આલીકો;
ડોલર ગુલાબ કેવરો અનાર આદિ રૂપ,
દોહા ગાંહા છંદકી બઢાન હાર લાલીકો;
રૂતુ ખટરૂપ અંગ સાહિત્ય ખિલાઇ પટ,
દેતો મકરંદ રસ ભૌંર ભાગ્યશાલીકો;
કહે કનરાજ એસો સુકવિ શિરોમનિસો.
કાહે કિયો અસ્ત પ્રભુ મસ્ત બનમાલીકો.

(કર્તા કવિરાજ કનરાજજી વેરાભાઇઝીબા—દેગામ.)

કવિત.

બિન પરવાહી ગુનગ્રાહી ફિરદૂસી સમ,
દીનકું સહાયકા સદૈવ જાકા કાજ થા;
માધ સમ દાની ખાનદાનીકા ખજાના ખાસ,
બાની શર્દ સર્વરીકા શુકલ દ્વીજરાજ થા;

ખંડન કરૈયા થા ઘમંડીકે ઘુમંડનકું,
કહે શિવલાલ પુન્ય પયોધર પાજ થા;
નામે જીવરાજ સુકવિકા શિરતાજ રૂપ,
રાજકવિ નિમ્બરીકા મસ્ત કવિરાજ થા.

(કર્તા કવિ શિવલાલજી બ્રહ્મભટ્ટ—ગામ ભાંડુ.)

દોહા.

મૃત્યુ નિશાકે તિમિરમેં, સુરત સુર્ય ભો અસ્ત;
તઉ કવિતા કાંતિ તરલ, મહિ બિચ રહિ કવિ મસ્ત.

(કર્તા કવિ પ્રભુદાનજી ઓક્ષા—મૂળી.)

મસ્ત કવિનું ટુંક વૃતાંત.

"મસ્ત કવિ" નું ખરૂં નામ જીવાભાઇ, તેમના પિતાનું નામ વીસાભાઇ તથા માતાનું નામ માજીબા હતું. તેઓ રાજસ્થાન લીંબડી તાબાના "ઝાંબડી" ગામના રહીશ અને જ્ઞાતે (શામળ શાખના) મારૂ ચારણ હતા. મસ્ત કવિની બાલ્યાવસ્થામાં તેમનાં માતા પિતા સ્વર્ગવાસી થયાં હતાં તેથી તેઓ તેમના મોસાળ (વઢવાણ- તાબે–વસ્તડી ગામ)માં ઉછરીને મોટા થયા હતા. મસ્ત કવિનો જન્મ સં. ૧૯૩૯માં અને મૃત્યુ ૧૯૮૧ માં.

સં. ૧૯૫૫ માં લીંબડી નરેશ મહારાણા જસવંતસિંહજી ઝાંબડી ગામ નજીક "રામડાસર" તળાવે પધાર્યા. ગામમાં ખબર પડતાં બે ચાર યોગ્ય ચારણો સલામે ગયા, રિવાજ મુજબ કાવ્ય બોલ્યા, પરંતુ જુની અને અશુદ્ધ ભાષામાં–તેથી કાવ્ય કુસુમના રસજ્ઞ રાજાએ જાણ્યું કે, ચારણો કાવ્ય-વિદ્યાથી અજ્ઞાત છે.

પછી ત્યાંથી રવાના થતાં દરબારશ્રીએ ફરમાવ્યું કે, તમારા ચારણોના કોઇ પણ દિકરાને કાવ્યવિદ્યાનો અભ્યાસ કરવા ઇચ્છા હોય તો રાજ્ય ખર્ચથી કચ્છ–ભુજ મોકલવા બંદોબસ્ત કરવામાં આવશે. ઉપરોકત સમાચાર જાણી મસ્તકવિ લીંબડી આવ્યા. સાંજે મસાલ (રોશની)ની સલામે ગયા. અને "ઝમાળ" (લીંબડી વઢવાણની લડાઇનું) કાવ્ય અર્ધો કલાક બોલ્યા. તે સાંભળી લીંબડી નરેશ ખુશી થયા. અને સ્ટેટ ખર્ચેથી કચ્છ–ભુજમાં મહારાવ શ્રી લખપતજી વ્રજભાષા કાવ્યશાળામાં અભ્યાસ કરવા મોકલ્યા. ભુજમાં સાત વરસ સુધી મસ્તકવિએ હિન્દીસાહિત્ય, ઉર્દુ, ફારસી તથા જુજ સંસ્કૃતનો અભ્યાસ કર્યો. વિશેષ ભણવા ઇચ્છા હતી, પરંતુ શ્રી લીંબડી નરેશની આજ્ઞા થઇ કે હવે લીંબડી આવો, તેથી લીંબડી આવ્યા. અને વળી પુનઃ અરજ કરી સંગીતનો અભ્યાસ કરવા વડોદરા ગયા. છ મહિના વડોદરા રહ્યા બાદ પાછા લીંબડી આવ્યા, પછી દરબારશ્રીએ મસ્ત કવિને વિવાહ કરવા હુકમ ફરમાવ્યો. મસ્ત કવિનું

સગપણ થયું, અને વિવાહ થવાની તૈયારી હતી, તેવામાં દેવાંશી નરેશ મહારાણા જસવંતસિંહજી (સં. ૧૯૬૩ માં) દેવલોક પધારી ગયા. ત્યાર બાદ સં. ૧૯૬૪માં મહારાણા દોલતસિંહજી લીંબડી રાજ્યસિંહાસને બિરાજ્યા. તેઓ નામદારે મસ્તકવિની કદર કરી "રાજ્યકવિ"નું પદ આપીને વાર્ષીક આઠસો રૂા. આવકની (પાંચસો વિઘા જમીનની) જાગીર બક્ષીસ કરી. ઉપરાંત પગાર પેટીયાં કરી આપ્યાં.

મસ્ત કવિ માઘ પંડિત જેવા ઉદારચિત્ત તથા બેપરવા અને બહુજ ભલા પુરૂષ હતા. સં. ૧૯૭૯માં તેઓને ક્ષય રોગની વ્યાધી વરતાણી, અને સં. ૧૯૮૧ માં તેઓ સ્વર્ગ-વાસી થયા. મસ્તકવિ નિર્વંશ જતાં તેઓને જે જાગીર મળેલી તે જાગીર હાલ તેમનાં વિધવા પત્ની સુરજબા ખાય છે. બાઇ સુરજબા દયાળુ, શાન્ત અને પવિત્રાત્મા છે. અને ઇશ્વર ભજનમાં જીવન ગાળી પોતાના પતિના નામને ઉજ્વળ કરે છે. ચારણ જ્ઞાતિમાં તે મહાપુરૂષ મસ્ત કવિની મહાન ખોટ આવી છે. તેમના જેવા વિદ્વાન, સ્વાભિમાની, અને સત્યવક્તા ચારણો હવે પાકવા મૂશ્કેલ છે. પ્રભુ તેઓના આત્માને શાંતિ આપો એજ પ્રાર્થના.

લીંબડી-મહારાણા જસવંતસિંહજી

ગુણકથન-કવિત.

પ્રજારૂપ બાલકકો પાલક પિતાથો પર્મ,
કષ્ટ રોગ ટાલક ધન્વંતર ધીમંતથો;
શંકર ભનંત ભૂપ મંડલકો ભૂષણ ત્યું,
અદૂષણ મંગલકો મૂલ ઇકિદંતથો;
સંત સમ સાત્વિક સ્વભાવ ક્ષમાવંત શાન્ત,
ધરમ અનંતા ધુરિ ધારન અનંત થો;
સ્વામિ નિમ્બરીકો જસનામી સત્યગામી સત્ય,
જનકવિદેહીકો નમૂનો જસવંતથો. ૧.

(કર્ત્તા શંકરદાન કવિ—લીંબડી.)

વઢવાણ-મહારાણા જોરાવરસિંહજી માટે

શોકોદ્‌ગાર કવિત.

પ્રભુ દશરથકે ગિરે તેં જ્યું અવધપુર,
યુધિષ્ટિર ગયે ગજપુર જ્યું લખાયો હે,
વિક્રમ વિનાશતેં અવંતિ જ્યું ઉદાસ ભોજ,-
નાશતેં જ્યું ધારાનગ્ર ત્રાસમૈ દિખાયો હે;

જામ સુખગ્રામ વિભમાલ સુરધામ ગયે,
સોચ ઠામ ઠામ જામનગ્રમેં જ્યું છાયો હે;
જોરાવર રાનકો પ્રયાન પરલોક ભયે,
આજ બઢબાન યું ભયાન દરસાયો હે.

ભાવાર્થ:-દશરથના મૃત્યુથી અજોધ્યાં, યુધિષ્ટરના જવાથી હસ્તિનાપુર, વિક્રમના વિનાશથી ઉજૈની. ભોજના વિનાશથી ધારાનગરી, વિભાજામના મૃત્યુથી જામનગર, તેમ મહારાણા જોરાવરસિંહજીના પરલોક પ્રયાણથી આજે વઢવાણ (એવુંજ) નિસ્તેજ–ઉદાસ, ત્રાસમય, સોચમય તથા ભયાનક દેખાય છે.

પુનિત પિતાકો પાત ભયે તેં સપૂત પુનિ,
પતિકે નિપાત પત્નિ જૈસે બિલપાવે હૈ.
માતકે નિપાતતેં જ્યું બાલ અકુલાત ઔર,
ગાયકે ગિરાત વત્સ જૈસે ગભરાવે હૈ.
વારિ સુખકંદ સુખિબેતે જ્યું જલજ વૃન્દ,
અસ્ત ભે દિનંદ ચક્રવાક જ્યું લિખાવે હૈ.
જોરાવર ઝાલાકી સવારી સ્વર્ગ લોગ ગયે,
રૈયત બિચારી યું દુખારી દરસાવે હૈ.

ભાવાર્થ:—પિતાના મૃત્યુથી સપૂતની, પતિના મૃત્યુથી સ્ત્રીની, માતાના મૃત્યુથી બાળકની, ગાયના મૃત્યુથી વાછરડાની, પાણીના સુકાવાથી જળના જીવની, સુર્યાસ્તથી ચક્રવાકની જેવી સ્થિતિ દેખાય તેવી સ્થિતિ વઢવાણની પ્રજાની મહારાણા જોરાવરસિંહજીના સ્વર્ગગમનથી દેખાય છે.

ત-
રી,
ના
ય,

ી,
ા
ય
ા

કવિ શંકરદાન જેઠીભાઈ દેથા ચારણ-લીંબડી.

દોહા—મિષ્ટ ઉદધિ જાંબૂમહિપ, મેં બરડા મહિપાળ;
સિન્ધ મુલક શંકર કવિ, લીલો સદા સુગાળ.

શ્રી શંકર પ્રભુની સ્તુતિ-છપ્પય.

તં નમામિ બહુનામિ જગત સ્વામિ દુઃખ જારન;
વિશ્વ હેતુ હે વ્રષભ કેતુ! અઘ ઓઘ વિદારન.
મન વિમોહ છલ દંભ દ્રોહ માત્સર્ય વિમોચન;
ત્રિકાલજ્ઞ ત્રયલોકનાથ સર્વાત્મ ત્રિલોચન.
ત્રય તાપ હરન હે ત્રિપુર અરિ! કરૂણાકર ભય મદ કદન;
પ્રતિદિન મમપર રહિયોં પ્રસન, મહાદેવ મરદન મદન. ૧

દોહા.

એકો બીલી દલ અગર, લોટા જલકે લાર;
પલમેં રીઝી દેત હે, ચંદ્રમૌલિ ફલ ચાર. ૨

કવિત.

ગંગાકે ધરન શિવ રાવરે ચરન જુકો,
મહિમા [1]તરન અઘ તિમિર હરન હે;
મહા જો અભાગિ પરપ્રેમદાકો રાગી મૂઢ,
આગિ વિષ દેન જાકોં કાહુકો ડર ન હે;
શંકર ભનંત ગોત્ર ઘાતક કુટિલ ક્રૂર,
પાતક પ્રતિમા આતતાઇ આચરન હે;
ઐસે અકરન અપરાધકો કરન તોભી,
આપકે શરન આયે ઓ ભો ઉદ્ધરન હે. ૩

---

૧. સૂર્ય.

સત્ય કથન-કવિત.

ઇશ્વરકી એક ઔર નિમ્ભરી નરેશ્વરકી,
પરવા પુનિત હમ રાખત પુનિ પુનિ;
જેઠવા નરેંદ્ર નટવરકો સુયશ જાપ,
જપત હું જપે રામ નામ જ્યું મહામુનિ;
દાતાપેં સુભાવ ત્યોં અભાવ હૈ અદાતાપર,
સહજ સ્વભાવ મેરો એસો ગુનિ ઓગુનિ;
ખાગ તાગ હીન ક્ષત્રિ જાતિ દીન ક્ષીન દેખી,
દિન દિન દાહ હોત દિલમેં દુનિ દુનિ. ૧

વીશમી સદીનું-કવિત.

ધર્મ કર્મ બ્રામનત્વ નષ્ટ ભયો બ્રામનકો,
નાગરકી સત્તા રાજ કાજ નિપુનાઇ ગઇ;
ખાગ તાગ રતી નષ્ટ ભઈ રાજપૂતનકી,
ચારન ચતુર જાતિમેંસેં ચતુરાઈ ગઇ;
વૈશ્યમેંસેં નષ્ટ ભઇ જીવદયા પાલવૃતિ,
શુદ્ર જાતિમેંસેં શેવા ભાવકી ભલાઇ ગઇ;
નીતિ રાજરીતિ પ્રભા નષ્ટ ભઇ રાજનકી,
બીસમી સદીમેં એતી બાત બિનશાઇ ગઇ. ૧

ભાવનગરેશ્વરની કાવ્ય-દોહા.

ભાવનગર નૃપ દ્રોણ ગિરિ, દાન સંજીવનિ સ્થાન;
વ્યથાતૂર જન લખન સમ, સર પટણી હનુમાન. ૧.
સંપતિ વારિમય વિપુલ, કૃષ્ણ નૃપતિ પથ કૂપ;
પ્યાસે ગરિબ પથિકકોં, સર પટણી ગુન શ્રૂપ. ૨.
સુચી સઘન હે કૃષ્ણસિંહ, ભાવનગર મહારાજ;
સર પટણી અનુકુલ સમિર, કવિ ગરીબ ભૂ કાજ. ૩.
પિંગલ કવિ આશા પૃથવિ, કરન ત્રપ્ત યે કાજ;
પટની ભો અનુકુલ પવન, મેઘ કૃષ્ણ મહારાજ. ૪.
પાર્થ ઔર શ્રીકૃષ્ણ પ્રભુ, જૈસે એકજ રૂપ;
ત્યોં સર પટણી સચિવઅરૂ, ભાવનગરકા ભૂપ. ૫.

મૂળી દરબારની કાવ્ય દોહા.

વારન વિદગ્ધકોં વિંધ્યાદ્રિ જ્યું વિનોદપ્રદ,
ચાતુરતા ચંચલાકોં ગાઢો ઘન ગાજે હૈં;
સેવક સચીવ ગણ ચક્રકોં દિનંદ શ્રૂપ,
ચંદ્ર શ્રૂપ સજ્જન સમંદ કાજ છાજે હૈ;
કોવિદ કવિકે કષ્ટ કાષ્ટપેં કૃશાનુ સમ,
કદર વો કોકિલાકોં આમ્ર જ્યું બિરાજે હે.
હિંમતકો નંદ સચિ કીરતિકો ઇંદ્ર આજ,
મૂલીકો મહેંદ્ર હરિચંદ્ર ઐસે રાજે હૈં; ૧

સોરઠા.

તારા જસના ઝાડનાં, પૂગ્યાં મૂળ પિયાળ;
અને-વાધ્યું ઉરધ વિશાળ, મેરૂ લગ મુળી ધણી. ૨

તારા જસના ઝાડનો, ડાળ્યું ડોલરિયાળ;
તે પોગી દિગપાળ, માથે મુળીના ધણી. ૩

તારા જસના ઝાડનો, આશ્રય લઈ અગણીત;
પંખી કવ્ય પંડીત, મોદ કરે મુળી ધણી. ૪

બગસરા દરબારનો કાવ્ય દોહા.

બગસરાનો બાદશા, રીઝે જો રામેવ;
એ સવળે સવળા થિયે, દાનવ દેવ. ૧.

કવિત.

દયા હોત નંદ મુલરાજકી સદૈવ જહાં,
તહાં દયા દશરથ નંદનકી તાજી હૈ;
જાકે પર બગસરા નરેશ ઇતરાજી બને,
તાકે પર અવધ નરેશ ઇતરાજી હૈ;
શંકર ભનંત સીતારામકો પ્રતાપ સબ,
કીર્તિ શુભ ગાજી સુધરી તમામ બાજી હે;
જાપે રામ રાજી યહ, તાપે રામ રાજી વહ,
રાજારામ રાજી તાપે રાજા રામ રાજી હે. ૨

સોરઠો.

વારાવાળા વીર, તૂં-રામાનુજ સમ રામનો;
ધરણો ભલપણ ધીર, ધારણ બગસરા ધણી. ૩
તેં વીરા વાળ્યા તજ્યો, રામ બન્ધુ હિત રાજ;
તેથી સૌમિત્રેય સમ, તું કાઠી કુળ તાજ. ૪

સૌરાષ્ટ્રના શણગાર ગોહિલ જોરાવરસિંહજી

દોહા-સોરઠા.

ખાગ ત્યાગ ક્ષત્રિવટ વિદ્યા, જો ચિત ભણવા ચાવ;
તો-કર્નલ જોરાવર કને, ઝટ ભાવાણે જાવ. ૧
સિંહણ ક્ષત્રાણી કુખેં સાચા શુદ્ધ સપૂત;
તૂં જેવા રજપૂત, જનમે ગોહિલ જોરશી. ૨
પાલીતાણા ભાવપુર, લાઠી અને વળા;
ઉજ્વળ જોરા એકથી, છે ગોહિલ સઘળા. ૩
ગોહિલ ગોહિલવાડમાં; જોરો જનમ્યો નોત;
અર્થ સુફળ આપત નહી, વિદ્યા તરૂવર તોત. ૪
રાધા રજપૂતી થકી, ખેલણ વિધવિધ ખેલ;
કૃષ્ણચંદ્ર સરખો કુશલ, હે જોરા ગોહેલ. ૫

રાજકી હવેલી ઔર હજામતકી થેલી

ભેદ સમતા કવિત.

"આરસકી શિલ્લા ધાતુપાત્ર ઔર ઝિલ્લાજામેં,
કાચ હૈ રસિલ્લા ઢાલ ચર્મકી સજેલી હૈ.
વિવિધ પ્રકારકે તયાર હથિયાર પુનિ,
છોટે બડે મર્દપર હુકમત બજેલી હૈ.
"શંકર" ભનંત શિર નાવત અનંત તઉ,
હોવે કવિ કોવિદ તો રાજકી હવેલી હૈ."
{નાંતો યે યથાર્થ ઉપમા હૈ વિરચેલી નૃપ-
નાઇ રૂ હવેલી વો હજામતકી થેલી હૈ. ૧.

રાજની હવેલી પક્ષેઃ—"જેમાં આરસપહાણનાં ચોરસાં છે, ધાતુ (સોના રૂપા)નાં વાસણ છે, ઝિલ્લા (જાજમો) છે, સરસ દર્પણો છે, સજ્જ કરેલી ચામડાની ઢાલો અને તરવાર, બરછી, કટાર વિગેરે વિવિધ શસ્ત્રો તૈયાર છે, ન્હાના મ્હોટા મર્દોપર હકુમત બજેલી છે, શંકર કવિ કહે છે કે–વળી અનેક જણ જ્યાં શિર નમાવે છે, તો પણ ત્યાં ઉદાર ધ્વનિ કરનારા કવિઓ અને પંડિતો હોય તોજ તે રાજની હવેલી છે."

{(નહિ તો આ યથાર્થ ઉપમા રચેલી છે એવી એ (નીચેના સરંજામથી) નૃપ નાઇની હવેલી તે હજામતની થેલીરૂપ છે.)

હજામતની થેલી પક્ષેઃ—જેમાં આરસપહાણની સલાડી (પથરી) છે, ધાતુપાત્ર (વાટકી) છે, ઝિલ્લા (પલાંઠી ઢાંકવાનું પાથરણું) છે, રસીલો કાચ (સરસ દર્પણ) છે, સજ્જ કરેલ ચર્મ ઢાલ

(ડાબોટો=લટપટિયું) છે, અને અસ્તરો, કાતર, નેરણી વિગેરે શસ્ત્રો તૈયાર છે, ન્હાના મોટા મર્દોપર હકુમત બજેલી છે. કવિ કહે છે કે વળી અનેક જણ શિર નમાવે છે.

અર્થાત્-રાજની હવેલીમાં અને હજામતની થેલીમાં પદાર્થોની સમાનતા તો છેજ; પરંતુ કવિ પંડિતના વચનામૃતની વૃષ્ટિ હોય તોજ તે રાજની હવેલી, બાકી તો રાજા એ મ્હોટો હજામ અને રાજની હવેલી એ હજામતની મ્હોટી થેલી.

દાતારી ઔર પુરૂષત્વ.

કવિત.

દાતા પાસ યાચક ત્યોં પ્રીતમકે પાસ પ્રિયા,
આશ કર આવે વો તો નિતિ હમને સુની.
યાંચા બિનુ "શંકર" ભનંત સનમાન તાકો,
કરત સુજાન તામેં શોભા સબકી દુની.
માન તજી માંગે પીછે દાનકો પ્રયાન કરે,
એસે જો અજાન તાકોં કહત કવિ ગુની.
ધિ:ક વહ પુરૂષકોં ધિ:ક પરૂષત્વકોં-ઓ,
ધિ:ક દાતા દાતરિકોં સબકોં પુનિ પુનિ. ૧.

ભાવાર્થ:—દાતા પાસે યાચક તેમજ પ્રીયતમ પાસે પ્રીયા, આશા કરીને આવે એ નીતિ છે, એવું અમે સાંભળ્યું છે.

શંકર કવિ કહે છે કે, તે બંને (યાચક તથા સ્ત્રી) મોઢે ચડીને માગે નહિ, તે પહેલાં સુજાન પુરૂષો તેઓનું યોગ્ય સનમાન કરે છે, તેમાં તે સર્વની બમણી શોભા છે.

તેઓ માન તજી (મોઢે ચડીને) માગે ત્યાર પછી દાન આપવા તત્પર થાય છે એવા જે અજાણ છે તેવાઓને કવિ ગુણી કહે છે કે-

તે પુરૂષને ધિક્કાર છે, તેના પુરૂષત્વને ધિક્કાર છે, તેમજ તે દાતાને તેની દાતારીને તથા તે તમામને પુનઃ પુનઃ ધિક્કાર છે.

અર્થાત્—જે દાતાર મોઢે ચડી માગ્યા વિના યાચકને યથાશક્તિ દ્રવ્યાદિથી સંતુષ્ટ કરે છે તેજ સુજાણ દાતાર છે, તેમજ જે પતિ, મોઢે ચડો માગ્યા વિના પત્નીને સામયિક સંયોગરૂપ પ્રદાનવડે સંતુષ્ટ કરે છે તેજ સુજાણ પતિ છે, અને તેમાંજ પરસ્પર સૌની શોભા છે.

મુર્ખની મ્હેરબાની વિષે—કવિત.

જતન કરોપેં કાચ ભાજન ઓ કચ્ચા કુંભ,
જીરન બસન જૈસી નાશવંત જાની હૈ;
ભાંડકે દસન ભૂત તન મૃગવન ઔર,
સ્વપન અસન સમ જૂઠ અનુમાની હૈ;
શંકર ભનંત મીન ગમન ગઁવાર મન,
કુલટા નયન સમ ચલિત દિખાની હૈ;
દેતહોં જુબાની ચક્રપાનીકી લહીકે આની,
મૂરખ મહીપતિકી ઐસી મ્હેરબાની હૈ. ૨.

ભાવાર્થ—જતન કરવા છતાં પણ કાચના વાસણ તથા કાચા ઘડા અને જીરણ વસ્ત્ર જેવી નાશવંત જણાણી છે, ભાંડના દાંત, ભૂતનો દેખાવ, અને ઝાંઝવાના પાણી તેમજ સ્વપ્નાના ભોજન

જેવી જુઠી અનુમાની છે. શંકર કવિ કહે છે કે માછલાના ગમન તથા ગાંડાના મન અને કુલટા સ્ત્રીના નેત્રો જેવી ચલિત દેખાણી છે. શ્રી વિષ્ણુ ભગવાનની સમક્ષ પ્રતિજ્ઞા લઇને હું જુબાની આપું છું કે મૂર્ખ રાજાની એવી મહેરબાની છે.

કૃપણના સેવકો–કવિત.

બાલ વૃયધવ્ય દગ્ધ કામની કુલિન ઉર,
ઉઠકે ઉરોજ ઉરમેં જ્યું સકુચાત હૈ.
લોભ રત ભૂભૃતકે ભ્રત્યકે ત્યું મનોરથ,
મનમેં બઢીકે ફેર મનમેં બિલાત હૈ.
શંકર ભનંત દાનવીર ઓ કદરદાન,
સુનહુ સુજાન યહ સત્ય કહિ બાત હૈ.
સૂમ છત્રધારીકે બિચારે કર્મચારી લોગ,
રંડવાકી નારી જ્યું દુઃખારી દરસાત હૈ.

ભાવાર્થ—બાળ વૈધવ્યના દુઃખ દવથી દાઝેલી કુળવાન સ્ત્રીના ઉરનાં ઉપડેલાં ઉરોજ (સ્તન) પાછાં જેમ ઉરમાંજ સંકોચાઇ જાય છે, તેમ લોભાસક્ત રાજાઓના નોકરોના મનોરથ પણ મનમાં વૃધ્ધિ પામે અને મનમાંજ લય થઇ જાય છે. શંકર કવિ કહે છે કે હે દાનવીર! હે કદરદાન સુજાણ પુરૂષો! સાંભળો, આ સત્ય વાત કહી છે કે–કૃપણ રાજાના સેવકજનો બિચારા તે નપુંસક ધણીની ધણિયાણી જેમ દુખીયારા દેખાય છે.

શ્રી નરસિંહ ભગવાનની સ્તુતિ.

(કર્ત્તા-મૂળીના રહીશ રવીરાજ કવિ સિંહઢાયચ ચારણ)

"દોહા"

સમય એક પ્રહલાદસું, કીન અસુર અતિ ક્રોધ,
કોટ બિકટ ચહું દિશ કરી, જબર ઘેરિ ખડ જોધ. ૧.
પતિ દૈત નિજ પુત્રસેં, બોલત હે તિહિ બેર,
કહાં રામ તવ નાથ કિત, તુરત લેહુ અબ ટેર. ૨.
કઠિન થંભ ધખિ લાલ કરિ, બાહુ ખડગ બિકરાલ,
હરિ બતાવહુ હાલ મોહિ, કરૂં પુત્ર તવ કાલ. ૩.

છંદ રેણકી.

સુનિયત અત ભ્રમત નમત મન હરિસન, ભગત મુગત ભગવત ભજનં.
સુરપત પત મહત રહત રત સમરત, સત દૃઢ વ્રત ગત મત સજનં;
ધ્રત લખત રખત જગપત ઉરધારણ, સુરત પુકારણ શ્રવણ સુણે,
ભટ થટ અસુરાણ પ્રગટ ઘટ ભંજણ, બિકટ રૂપ નરસિંઘ બણે.૧.
કડડડ બ્રહમંડ એકિ સહ કડકત, અડડ અડડ દધિ જલ ઉછલં,
ધડધડ ધરધમક થડડ ભય ભૂધર, ખડડ મેરૂ શિવ ધ્યાન ખુલં;
તડતડ સુર દુંદ ધડક અસુરાં તન, ગડડ હાસ્ય અટ હડડ ગણે,
ભટ થટ અસુરાણ પ્રગટ ઘટ ભંજણ, બિકટ રૂપ નરસિંઘ બણે.૨.
થરરરરરર થંભ ફટત ધર થરહર, ફરરર કોટ ફર હરરર ફનં,
ડરડર મુખ વકર ભયંકર દેખત, ઝરરર તેજ ઝર હરરર તનં;
કર કર જન અમર સમર ખય કરકર, હરહર દૈત સુપ્રાણ હણે,
ભટ થટ અસુરાણ પ્રગટ ઘટ ભંજણ, બિકટ રૂપ નરસિંઘ બણે.૩.
કટકટ રદ ભ્રકુટ ત્રકુટ મુખ ભય કટ, લપટ ઝપટ દ્રગ ત્રગટ લલં,
ઝટપટ અઁગ ઉલટ પલટ કર ઝંપિય, ચપટ ચોટ અતિ દુપટ ચલં;

પરગટ ઝટ પટક હિરણકશ્યપુ પ્રભુ, ખટખટ ઘટ નખ ફટત ખણે,
ભટ થટ અસુરાણ પ્રગટ ઘટ ભંજણ, બિકટ રૂપ નરસિંઘ બણે. ૪.
ધકધક હક ધધક ધધક રૂધિરન ધક, થરક ઉઝક ઝક શેષ થિયં,
શક પક મગ અરૂણ અરક રથ ચુક્કિય, હકબક ધક સબ અસુર હિયં;
ચકપક ઉર ચમક દમક દેખત ચખ, ભભક ભભક રવ ઘોર ભણે,
ભટ થટ અસુરાણ પ્રગટ ઘટ ભંજણ, બિકટ રૂપ નરસિંઘ બણે.પ.
ધણણણણણ શંખ દુંદુભિ ઘોરણ, ભણણ વેદ મુખ બ્રહ્મ ભણે,
ઝણંણણ ઝણકારં ઝલર ફૂલન ઝડ, હણણ દૈત ગણ અગણ હણે;
બણણણ બલ બાહુ ગણણ કુણ બિક્રમ, રિયણ નાદ જયજય રણણે,
ભટ થટ અસુરાણ પ્રગટ ઘટ ભંજણ, બિકટ રૂપ નરસિંઘ બણે.૬.
ઝલઝલ અતિ કમલ નમલ મુખ ઝલકત, ભલલ તેજ બલ પ્રબલ ભવં,
પલપલ ચલ બિચલ રમા નહિ પેખત, નકલ અકલ હરિ રૂપ નવં;
ડલફલ મુનિ દેવ સકલ દ્રગ દેખત, પલમંહ ખલદલ નાશપણે,
ભટ થટ અસુરાણ પ્રગટ ઘટ ભંજણ, બિકટ રૂપ નરસિંઘ બણે ૭.
જન જન ધુનિ સજન ભક્તજન જન પ્રતિ, પ્રસન વદન પ્રહલાદ પરં,
તન તન નિજ રસન ચટન નિજ જન તિહિ, ધરન ઉરન શિર ભુજન ધરં;
પ્રમિતન શ્રુતિ ભનન સનન સતવન પ્રભુ, ધન રવિ કવિ જય શબ્દ ધણે,
ભટ થટ અસુરાણ પ્રગટ ઘટ ભંજણ, બિકટ રૂપ નરસિંઘ બણે.૮.

છપ્પય.

નાથ જયતિ નરસિંઘ, બિકટ તાનરૂપ બનાવન,
નાથ જયતિ નરસિંઘ, નિકટ ખલઝુંડ નશાવન;
નાથ જયતિ નરસિંઘ, જપત જન કષ્ટહિ જારન,
નાથ જયતિ નરસિંઘ, બાહુબલ દુષ્ટ બિડારન;
ત્રય લોક શ્યામ સમરાથ તુંહિ, વેષહિ અદભુત ધરવયં,
કૃત અમિત નાથ રવિ કવિ કહત, નાથ જયતિ નરહર જયં.૧૦

પ્રભુમાં શ્રધ્ધા રાખવા વિષે-*મુરાદ કવિકૃત.

છંદ દેવ-રેખતાની ચાલ.

તુંહી નામ તારન, સબે કાજ સારન. ધરો ઉસ્કા ધારન, નિવારન કરેગા,
નથા દાંત વાકું, દિયા દૂધ માકું. ખબર હે ખુદાકું, [1]સબર જો ધરેગા,
તેરા ઢૂંઢ [2]સીના, મિટા દિલકા [3]કીના, જીન્હે પેટ દીના, સો આપે ભરેગા'
મુરાદં કહે જો મુકદ્દરકી અંદર તીને ટાંક મારા ન ટારા ટરેગા. ૧.
રહે શેર બનમેં, મહામસ્ત મનમેં, ઉસે તીન દિનમેં, સો રાજી મિલાતા,
શકરખોર પંછી, શુકર નિત ગુજારે, ફિકર કર ઉસીકું, ખુદાલમ ખિલાતા,
[4]મતંગનકું મન દે, રૂ કીડીકું કન દે, [5]પરંદેકું ચન દે, સો બંદે જીલાતા,
મુરાદં કહે જો સહી કરકે દેખા, ખુદાને કિયા સો અકલમેં ન આતા. ૨.
ખુદા શેઠ સબકા, કિયા હાટ કબકા, વસિલા હે [6]રબકા, ઉસે ધીર ધારે'
[7]સબોશાંમ દેતા, નહિ દામ લેતા, ન કરતા ફજેતા, ન મિલતેકું મારે,

---

૧ ધીરજ. ૨ હ્રદય. ૩ કપટ, ૪ હાથી. ૫ પંખી. ૬ ખુદા.
૭ સવારસાંજ.

*આ "મુરાદ" કવિ ગાયકવાડ તાબાના "પીલવાઇ" ગામના રહીશ અને જ્ઞાતે મીર હતા, શ્રીમંત ખંડેરાવ ગાયકવાડના કવિરાજ કાનદાસજી મહેડુ ચારણ પાસે મુરાદ કવિએ કાવ્ય અભ્યાસ કરેલો હતો. "ગુરૂથી ચેલા બડા" તે કથન મૂજબ તેમના ગુરૂએ તો રાજાનાજ ગુણ ગાયા કર્યા. પણ મુરાદ કવિ પરે તો માલિકની કૃપા થઇ તેથી તેઓએ તો ઇશ્વરના ગુણ ગાયા, "હિન્દુ-મુસલમાન," "ખુદા અને રામ" એવો દ્વૈત ભાવ મટી ગયો, અને પ્રભુના પ્રિય ભક્તનું પદ પામ્યા. તેમની કાવ્ય વાંચવાથી તેમની મનોવૃત્તિની ખાત્રી થશે, તેમણે ઘણી કાવ્ય લખેલી છે એમ સાંભળવામાં છે.

દિવા સોઇ લખતા, બિના હક ન બકતા, હિસાબોંમેં રખતા, ન નખતાવિસારે,
મુરાદ કહે તૂં અકડ કૈસે ફરતા, ખુદા શાહ ઐસા, પકડ ચીર ડારે. ૩.
ખુદા બાદશાહે, સબે પર નિગા હે, ન છોટા બડા હે, ઉસી રબકે ઘરમેં,
[1]ગજંદર ગધા હે, દુહુપર ફિદા હે, ન કોઇ જુદા હે, ખુદાકી નજરમેં,
ગવાં ભેંશ ઘોડી, રૂ કીડી મેંકોડી, સબે જુગ્તિ જોડી, બનાઇ [2]બસરમેં,
મુરાદ કહે યાર હસ્તા કહા હે, હિસાબોંકા રસ્તા, મિલેગા [3]હસરમેં.
ખુદા હે ખરાદી. અકલ ઉસમેં જ્યાદી, ઓ આદિ અનાદીકા કરતા કહાયા
પવન આગ પાનીઃસુ [4]મિટ્ટી મિલાની, રૂ [5]દમકી નિશાનીસે આદમબનાયા,
કિયા કાન [6]નાશા, [7]ચસમકા તમાસા. [8]જબાંકા ખુલાસા, બેકલમાં પઢાયા.
મુરાદ કહે જો સહી કરકે દેખા. ખુદાકી ખૂબીકા નહીં પાર પાયા.
ખુદા ખેલ કરતા, કિસીસે ન ડરતા, કિસી મોત મરતા, કિસીકું જીલાતા,
કિસીકે હે ઘોડા, કિસી પાવ ખોડા, કિસીકાં ન જોડા, પયાદા ચલાતા;
કિસી રાજ પાતા, કિસી માંગ ખાતા, કિસીકું હસાતા, કિસીકૂં રોલાતા,
મુરાદ કહે જો સહી કરકે દેખા, ખુદાને કિયા સો અકલમેં ન આતા.
ખુદા [9]રેહનુમા હે, ન કિસ્કી તમા હે, ન પૈસા જમા હે, ખલકકું પ્હુંચાતા,
નહિ કારભારી, નહિ શાહુકારી, ન હ દોસ્તદારી, કહાંસે વો લાતા;
નહિ ખેતવાંટા, નહિ ફોજ ફાંટા, નહિં પાસ કાંટા, અદલકું ચલાતા,
મુરાદ કહે જો સહી કરકે દેખા, ખુદાને કિયા સો અકલમેં ન આતા.

---

૧ હાથી. ૨ ચરાચર. ૩ પ્રલય–કયામતનો છેલ્લો દિવસ.
૪ માટી. ૫ જીવ. ૬ નાક. ૭ આંખ. ૮ જીભ. ૯ દયાળુ.

છંદ ઇંદ્રવિજય.

ચીરપુરે ચઁદરાવલિકે, [1]નમદેવકો છપ્પર હાથસેં છાયો,
[3]ચૈનકી શિશિપેં આઇ પરી તબ [4]નાઇ બની નૃપ કામ ચલાયો;
ઝેર ઉતાર્યોં મિરાંબાઇકો ભિલની ગુનકાકું બિમાન ભેજાયો,
હું તો અનાથ અનાથ રહ્યો, તુમ કૈસે અનાથકો નાથ કહાયો.
હાર દિયો અપને કરસે શિરસેં મંડલીકકો માર મિટાયો,
ટેર સુની [5]ટિટવા ટિટવીકિ [6]ગયંદકે કંઠસે ઘંટ ગિરાયો;
દાસ કબીરકું ભીર પરી તબ પોઠ ભરી ઘર માલ પ્હુંચાયો,
હું તો અનાથ અનાથ રહ્યો, તુમ કૈસે અનાથકો નાથ કહાયો.
સંતનકે મુખ બાત સુની, કિતને હરિ નીચકું ઉંચ બનાયો,
લીન ઉધારિ અધમ્મ [7]અજામિલ, બાજકું મારિ [8]કપોત બચાયો;
ધૂલકો ધાન [9]ધનાકો કિયો, કવિ કેત મુરાદપેં જૂઠ જનાયો,
હું તો અનાથ અનાથ રહ્યો તુમ કૈસે અનાથકો નાથ કહાયો.
દૂધ પિલાવત માતુ જો મારત તો શિશુકો દુઃખ કૌન દહેગો,
હોય સુધાધર જો વરસે વિષ લોક સબે ચુપચાપ રહેગો;
રામ રટયે સુખ નાહિ મિલે તબ કોન અહોનિશ નામ લહેગો,
કેત મુરાદ સનાથ કરો નતો કૌન અનાથકો નાથ કહેગો.

---

૧ દ્રૌપદી. ૨ નામદેવ ભક્ત. ૩ ચૈન ધાંયજો. ૪ ધાંયજો. ૫ ટીટાડો ટીટાડી. ૬ હાથી. ૭ અજામેલ. ૮ હોલો. ૯ ધના ભક્ત.

કવિત.

ગજકું જો તાર્યો ચઢિ આવનેકું જાવનેકું,
ગાવને રીઝાવનેકું ગુનિકા તરાઇ હે;
તારે રોહિદાસ તંગ તોબરા બનાવનેકું,
ચાકરી કરાવનેકું તારે ચેન નાઇ હે;
તારે જયદેવ ઋષિ વેદહી સુનાવનેકું,
ખાવને પકાવનેકું તારી મીરાંબાઇ હે;
કહત મુરાદ તોકું યાદ કરૂં આઠો પોર,
મોહિકું જો તારે તામેં આપકી બડાઇ હે.

તાન્દુલ જો દીને તાકે કંચનકે મ્હેલ કીને,
ઔર કાજ ભિલની બિમાનપેં ચઢાઇ હે;
વિદુરકી ભાજી તામેં આપહી ભયે હો રાજી,
સેના દુર્જોધનકી છિનમેં ખપાઇ હે;
અંગુલીપેં લગી ધાર ચુંદરી ઉતાર દીની,
પુરે ચીર ઉનહીકે ઇજ્જત બઢાઇ હે;
કહત મુરાદ મોસેં લાલચ નકીજેં લાલ,
બિના દિયે દીજે તામેં આપકી બડાઇ હે.

(મુરાદ કવિની કાવ્ય સમાપ્ત.)

રાજા અને કવિ વિષે-કવિત.

કમલન ભોરા ભૂરિ ભોરન કમલ ભૂરિ,
દોઉ હે અનેક કુલ કાહુકો ન છોટો હૈ.
અંબ હે કદંબ કોકિલાનકોં સો અંબનકોં,
કોકિલા કદંબ મહિમંડલ જૂ મોટો હૈ.
રસિક બિહારી સૃષ્ટી વિરચી વિરંચી ભારી,
કરે કચ્છુ કોઉ અભિમાન અતિ ખોટો હૈ.
તોટો નાં નરેંદ્રનકોં કરિન કવિન્દ્રનકો;
કરિન કવિંદ્રકોં નરેંદ્રકો ન તોટો હૈ.

ભાવાર્થઃ—કમલને ભ્રમરો ઘણા છે, અને ભ્રમરોને કમળ ઘણાં છે, એ બંનેમાંથી એકેયનું કુલ છોટું નથી. કોકિલાઓને આંબા અને આંબાને કોકિલાઓ અનેક છે. કારણ કે મહિનું મંડલ મોટું છે. રસિક બિહારી કવિ કહે છે કે-બ્રહ્માએ સૃષ્ટી એવી ભારે (અજાયબ) રચી છે કે તેમાં કોઇએ કોઇ પ્રકારનું કાંઇ પણ અભિમાન કરવું તે વ્યર્થ છે. રાજાઓને હાથીઓ તથા કવિનો તોટો નથી તેમજ હાથી તથા કવિને રાજાનો તોટો નથી.

કુમાઉ (તેહરી) નરેશ પ્રત્યે-કવિત.

કરનકે વિક્રમકે ભોજકે પ્રબંધ સુનો,
કૈસી ભાંતિ કવિનકોં આગેં લીજીયતુ હે;
કવિ મતિરામ રાજસભાકે સીંગાર હમ,
જાકે બૈન સુનત પિયુષ પીજીયતુ હે;

એકકે ગુનાહ નરનાહ શ્રી ઉદ્યોતચંદ્ર,
કવિનપેં એતો કહા રોષ કીજીયતુ હે;
કાહૂ મત્તવારે એક અંકુશ ન માન્યો તો કા,
દુરદ દરબારનતેં દૂર કીજીયતુ હે.

ભાવાર્થ:—કર્ણના વિક્રમના અને ભોજના પ્રબંધ સાંભળો. તેઓએ કવિઓને અગાઉ કેવી રીતે બઢાવ્યા છે. મતિરામ કવિ કહે છે કે, અમે (કવિઓ) રાજસભાના શણગાર છીએ જેઓનાં (કવિઓનાં) વચન સાંભળતાં અમૃતપાન જેવાં લાગે છે. હે રાજા ઉદ્યોતચંદ્ર ! એક (કવિ) ના ગુન્હા બદલ બીજા કવિઓ તરફ એટલો બધો ક્રોધ કેમ કરો છો ? કદાપી કોઇ મદોન્મત થઇ ગયેલ એક હાથી અંકુશ ન માને તો તેથી શું રાજ્ય દરબારમાંથી તમામ હાથીઓને દૂર કરવામાં આવે ?

[કુમાઉ (તેહરી)ના રાજા ઉદ્યોતચંદ્ર સાથે એક કવિએ બુરાઇ કરેલી તેથી તમામ કવિઓ તરફ તેઓ રોષ રાખતા ત્યારે ઉપરનું કવિત મતિરામ કવિએ કહેલ હતું.]

ચારણની યોગ્યતા માટે—કવિત.

આદિ જુગ ચારનમેં પૂજ્ય બર્ન ચારનમેં,
તૈસે દિશા ચારનમેં માનત મહાન હૈ;
કીરતિ સંચારનમેં પર ઉપચારનમેં,
ઉત્તમ આચારનમેં વિમલ બખાન હૈ;
કહે રવિરાજ શ્રેષ્ઠ કાવ્યકે પ્રચારનમેં,
શુચિ અભિચારનમેં બુદ્ધ જ્ઞાનવાન હૈ;
અચ્છર ઉચ્ચારનમેં વિદ્યાકે વિચારનમેં,
ચારનમેં નામ સોઈ ચારન પ્રમાન હૈ. ૧

(કર્તા કવિ રવિરાજ સિંહઢાયચ ચારણ—મૂળી.)

વાંસદા નરેશની કાવ્ય-દોહા.

અર્ણવ જળ નભ ઉંચપણ, અવનીતળ ઉંડાપ;
ઈન્દ્રસિંહ° નૃપનું હૃદય, એ ચારેય અમાપ. ૧

કવિત.

પુરટ પદીકતેં પ્રદીપતેં ભુવન પુનિ,
પૃથવી પયોદતેં જ્યું પ્રભા શુભ પાવે હે;
શંકર ભનંત તૈસે સર્વરી સુધાકર° તેં,
સંપતિ સખાવતતેં જા વિધિ સુહાવે હૈ;
વૃન્દારક વૃન્દ વિબુધેશતેં વસંત તેં યું,
શોભામય આમ્રવન જૈસે સરસાવે હે;
તૈસેં વીર વાંસદા નરેન્દ્ર ઈન્દ્રસિંહજીતેં,
દિપ્યમાન સકલ નરેન્દ્ર દરસાવે હૈ. ૧

આંબલીયાળા દરબારની કાવ્ય-કવિત

ઉત્તમ હે કુંદન સમાન અવનીપ કોઉ,
પન્ના કોઉ કોઉ પોખરાજસે કહાવે હૈ;
મુક્તા ઔર માનિકસે કચ્છુક મહિભુજહે,
કોઉ નૃપ નીલમ જ્યું પ્રભા શુભ પાવે હૈ;
દાનવીર આમલપુરેશ ચહુઆન દેખી,
પમ કવિ પંડિત યું ઉપમા ઉપાવે હૈ;
મુકુટ અમૂલ ગુજરાત મહિ મંડલમ,
કેશરી નરેશ કોહીનૂર દરસાવે હૈ. ૧

શ્રીમતી દિલહરબા કુંવરાણી સંસ્થાન વાંસદા.

જન્મ સં. ૧૯૬૭ અષાઢ વદી ૫.   સ્વર્ગવાસ સં. ૧૯૮૪ આસો વદી ૦)).

પતી સહગામિની સતી

શ્રીમતી *દિલહરબા કુંવરાણી—વાંસદા સ્ટેટ

સુયશ કાવ્ય—દોહા.

આજ રાજ અંગ્રેજનું, બળવાનું ન બણેહ;
એથી "અનસન" વૃત લઇ, દિલહર ત્યાગી દેહ. ૧

કુંડલિયો.

દેવી દિલહરબા સચી, ગોહિલજા ગુણવાન,
કંત મરત કાયા તજી, જશ ભો અચલ જહાન;
જશ ભો અચલ જહાન, સુફલ ત્રિય જીવન કીનો,
પતિ પિતા અરૂ માત્રુ, તાર દીને પખ તીનો;
કહે કવિ શંકરદાન, કૌન ક્ષત્રિયાની ઐસી,
વિજયસુતા સ્તુતિમાન, દેવી દિલહરબા જૈસી. ૨

દોહા.

મરી નહીં મંદોદરી, પતિ રાવણ પડતેહ;
પિયુ મરંતા પરહરિ, દિલહરબાએ દેહ. ૩
કલપંતી રહિ કૌશલા, ગો દશરથ સુર ગેહ;
પિયુ વિયોગે પરહરી, દિલહરબાએ દેહ. ૪

---

* "બાશ્રી દિલહરબા" તે તાલુકે વાવડી (ગજાભાઇ)ના શ્રીયુત ગોહિલશ્રી વિજયસિંહજી નાનભાનાં કુંવરી અને સંસ્થાન વાંસદાના રાજકુમારશ્રી કિશોરસિંહજીનાં ધર્મપત્ની, જેઓએ પોતાના પતિનો સ્વર્ગવાસ થતાં "અનસન" વૃત લઇ સં. ૧૯૮૪ના આસો વદી ૦)) ના રોજ શરીર ત્યાગ કર્યું. ધન્ય છે સાચી ક્ષત્રાણીને.

*જસદણ

ગીત.

દત્ય અવરાં બૂઢપણે તુચ્છ દાખે, ઘરસર રાખે નહીં ઘડા;
બૂઢાપણ ખાચર નહ બદલ્યો, ચેલાણી દત્ય તણો ચડા ૧

ઠાકર કેક જરા થે થાકા, કવ્યાં શકે નહ દાન કરી;
જ્યમ જ્યમ થાય જરા દન જાદા, ત્યમ ત્યમ આલો દિયે તરી. ૨

ઇળરા અવર ભૂપતી આખાં, ગરઢપણે દત્ય ગયા ઘટી,
વાચ્છા હરા વૃદ્ધાપણ વધતાં, (તોરી) મોજ જવાણી નકો મટી.

(કર્તા મોતીશર કાનજી કવિ–દેવરાસણ.)

---

*આલાખાચર સં. ૧૯૦૯ માં જસદણની ગાદીએ આવ્યા, અને સં. ૧૯૬૦ માં દેવલોક પામ્યા. દરબાર આલાખાચરના વીરતા–ઉદારતામય જીવન માટે જો લખાણ લખવા બેસીએ તો વિદ્યમાન સમયમાં રાજાઓને વાંચવા અને શિક્ષા લેવા લાયક ઉત્તમ ગ્રંથ લખાય. કવિઓએ તેમના માટે જે લખ્યું છે તે યથાર્થ છે.
જીન્દગીભર એકજ રંગ નિભાવવો તે મહાન મુસ્કેલ છે, તે માટે દોહા.

કળજગિયા ભડ કેક, ગઢપત રંગ બદલી ગયા,
આલણશી રંગ એક, છે મૂંછાને શેલાઉત. ૧.
કળુ કુવાવ તણે, કરમાણા દૂજા કૃપણ;
ફૂલ્યો દત્ય ફૂલે, સતજગ આલણશીયડા. ૨.

(રાજ્યકવિ પાતાભાઇ નરેલા–ભાવનગર.)

ગીત.

વડમ ભરેલ વેધૂપણા તણાં લઉં વારણાં, કામાનાં વારણાં બળાકારી;
નવે ખંડે છતો વારણાં નામનાં, ધામનાં વારણાં વૃતાધારી. ૧.
તવાં બારે મસુ વારણાં તાગનાં, ખાગનાં વારણાં કુરણ ખેલા:
હિંમત ભરિયલ તકે વારણાં હાડનાં, તારી–ચાડનાં વારણાં સતણચેલા. ૨.
વિધી સહ જાણતલ બુધીનાં વારણાં, ભલપનાં વારણાં સદા ભાખું;
રામના સરીખું વારણાં રાજનાં, અને–લાજનાં વારણાં બેર લાખું. ૩.
તુવાં ગિરમેર સમ વારણાં તોલનાં, બોલનાં વારણા બોલ બાલા;
રાખિયો સદા એક વારણાં રંગનાં, તારા–અંગનાં વારણાં લિયું આલા-૪.
વડો દાતાર ગુણ તકેનાં વારણાં, સાચનાં વારણાં વચન સાચા;
સાણ મોજે નતું દિયણ સમ્રાથરા, છ–વારણાં હાથરાં હરા વાચા. ૫.
વેળ દરિયાવસી મોજનાં વારણાં, ચોજનાં વારણાં સરવ સારૂં;
કાઠયાજામની કમીવટ કારણે, વારણે હજારૂં ભૂપ વારૂં. ૬,

(કર્તા કવિ ડોસાભાઇ દીલજાન—ધ્રાંગધ્રા.)

શોકોદ્ગાર ગીત.

રે રદિયા રાત દિવસ કયું રોવે, જણ જણ ઝાંખી કશું જુવે;
મળશે નહિ કદિયે મિજમાંને, હર વાચાશો કોય હવે. ૧.
દાની દ્રવી ડાંખરો ડાયો, સમરથ શુભકૃત કરણ સબે;
જણણી ફરી ફરી નહ જણશે, આલણ સરખો પુત્ર અબે. ૨.
એકલ રંગ અવિચળ વાયક, ભાખણ સહ બાતાં અદભૂત;
માયું ઘણી માંડશે માંચી, પણ–પુત્ર ન હોશે અશો પ્રસૂત. ૩.
થઇગ્યા અને ભૂપ કે થાશે, કીરત કવિ ગાશે ચહું કોર;
પ્રસુ આલણશી નામ દેશે પણ, ઓ આલણની રજની ઓર. ૪.
આયો એક જગતમાં આલો, માણો ગ્યો આલણશી મેક;
જીંત્યો આલો એક જગતમાં, આલો ઘડયો બ્રહ્માએ એક. ૫.

(કર્ત્તા કવિ જેતાભાઇ (જગત કવિ) ખડીયાચારણ.–ધ્રાંગધ્રા.)

કવિત.

બીર શિવરાજ બાજીરાવ બલબંડ બિનુ,
પ્રભાહિન દચ્છિન સતારા પુનિ પુના હૈ;
આજ રાજ રાજેશ્વર માન મહારાજ બિનુ,
મરૂસ્થલ જોધપુર રાજ જૈસે સૂના હૈ;
માલવેંદ્ર રાજા બલવંત બિનુ માલવ ત્યું,
દ્યુતિ હિન નગ્ર રતલામ અબ દૂના હૈ;
તૈસેં જસદનકા સલૂના નૃપ આલા બિનુ,
કાઠી બંશ કાઠીવાડ મુલક અલૂના હૈ. ૧

દોહા—હાલા ઝાલા ગોહિલા, અર્ધપત બધા ઉનાડ;
પણ—કાઠી કાઠીવાડ, તેં—અંજવાળી આલણા. ૨

ડોસાભાઈ (દીલજાન) કવિ ઝીબા ચારણ—

શોકોદ્‌ગાર—કવિત.

કંજુસતા બંબીતેં નિકારનારો સૂમ નૃપ—
સાપનકો સત્તાધારી ગારૂડી ગુજર ગ્યો;
મસ્તભૂપ હસ્તિનકો ત્રસ્તકર ગ્રસ્તકર,
હસ્તિપ જબરદસ્ત સત્ય આજ જર ગ્યો;
શંકર ભનંત અચ્છો સુર્જશકો કુર્જશકો,
ચિત્રક ચિતારો પરલોગમેં બિચર ગ્યો;
સંઘર સયાન વોર દાન વીર છત્રિનકો,
દોસ્ત દિલજાન દિલજાન કવિ મરગ્યો. ૧.

(કર્તા કવિ શંકરદાન—લીંબડી.)

ઉદારાત્મા રાજવૈદ્ય બાવાભાઈ.

જામનગરવાળા–સ્તુતિ કવિત.

શિવગુન ગાવા શિવલોકહીતેં આવા ધ્યાન—
ઉમાહિકો ધ્યાવા જગ સુયશ સુહાવા હૈ;
પુન્ય ફલ પાવા દિવ્ય રૂપ દરસાવા દયા,—
દાન ઉર લાવા વિપ્રવૃન્દ મન ભાવા હૈ;
કહે રવિરાજ આવા દેવજ્યું દિખાવા મહા,
ઔષધ બનાવા ધન્વંતરી કહાવા હૈ;
દરદ હટાવા કાજ રાખે દૈવ હુતેં દાવા,
બાવા વૈદ્યરાજ સબ બૈદનકા બાવા હે. ૧.

શોકોદ્‌ગાર કવિત.

બાવા બૈદ્યરાજકો પ્રયાન શિવલોક સુન્યો,
તાકે એક સજ્જનકો હિયરા હુકા ગયો;
કવિ ગુનિ પંડિતકો કલ્પવૃચ્છ તૂટ ગયો,
છૂટ ગયો ધર્મ કર્મ મારગ રૂકા ગયો;
કહે રવિરાજ યોગ યજ્ઞ જપ ભંગ ભયો,
દાનકો ઉમંગ ગયો દિવ્યસો લુકા ગયો;
આગર ગુનનકો ઉજાગર પુરૂષ હોય,
નાગરમેં આજ સુધાસાગર સુકા ગયો. ૨.

(કર્ત્તા કવિ રવિરાજ સિંહઢાયચ ચારણ–મૂળી.)

ઝાલાકુળશણગાર રાણા અભેસિંહજી

*ગુંદીઆલા તાલુકદારના–દોહા.

કવિ શંકરકે ભાગ્યકી, વેલિ ઉધારક વૃક્ષ;
અભમલ ગુંદલપુર અધિપ, પ્રથમાધાર પ્રતક્ષ. ૧

વિટપાવલી વસંતતે, પાવસતેં જ્યું પહાડ;
યોં રાણા અભમાલતેં, વિભોવતી ઝલવાડ. ૨

(કવિ ભૂપાલદાનજી દેથા–જેપુર.)

દાન ધનુષપર હાથદે, નૃપ સબ ભયે નિકામ;
કીર્તિ સીત કર ગ્રહણ કિય, રાન અભયસિંહ રામ. ૩

(મસ્ત કવિ–લીંબડી.)

શોકોદ્ગાર દોહા.

વિટપાવલી વસંત વિણ, પાવસ વિનાં પહાડ;
ઇમ રાણા અભમાલ વિણ, ઝાંખી ઝાલાવાડ. ૪

* (વઢવાણ ભાયાત) ગુંદીઆલા તાલુકદાર અભેસિંહજી સં. ૧૯૮૫ માં સ્વર્ગવાસી થયા. તેમની જાગીર વીશ પચીશ હજારની હતી, પણ તેમનામાં ભલાઇ તથા ઉદારતા વિક્રમ, ભોજ જેવી હતી.

સદ્ગત દાનવીર રાણાશ્રી અભેસિંહજી.

ગુંદીઆલા તાલુકદાર (વઢવાણ ભાયાત)

દોહા–દાનવીર થો કાછદ્રઢ, થે સબ ચારૂ ચરિત્ર;
યે રાના અભમાલકો, નિરખો ચિત્ર પવિત્ર.

ગુણ દોષ ઉભય અન્યોકિત કવિત.

બગનકી ભારી ભીર ભયી નીર તીરપેં તો,
ન્યાય નીર છીરકો કા ? હંસકો હટી ગયો;
આય એક રાહમેં અથાહ કાક રૈર કરે,
કોયલકો મનોહર કા ? રવ કટી ગયો;
કહે "જયસિંહ"* જુથ્થ જંબુક જુરૈ હૈ બન,
બાંકે બનરાજકો કા ? દરપ દટી ગયો;
સ્વાનકો સમાજ ભૂરિ ભસવો અકાજ કરે,
મત્ત ગજરાજકો કા ? ગૌરવ ઘટી ગયો. ૧

ભાવાર્થઃ—પાણીના કિનારાપર બગલાની ભારે ભીડ થઇ તો તેથી દુધ પાણીનો નિવેડો કરવા રૂપ હંશનો ન્યાય શૂં હઠી ગયો ? એક રાહે આવીને અથાહ કાગડા કાગારોળ કરે તો તેથી કોયલનો સુંદર રાગ શૂં કટાઇ ગયો ? જયસિંહ કવિ કહે છે કે, જંગલમાં શિયાળિયાનું જુથ્થ જોડાયું તો તેથી વન વાંકા વનરાજ (સિંહ) નું અભિમાન શૂં દટાઇ ગયું ? તેમજ સ્વાનનો સમાજ નકામું ઘણું ભસ્યા કરે તો તેથી મદોન્મત હાથીનું ગૌરવ શું ઘટી ગયું ?

---

* આ કવિરાજ જયસિંહજી મહેસાણાના રહીશ અને ઉત્તમ કવિ છે. પરંતુ ઉદારચિત્ત રાજાના આશ્રય વિના તેઓ જાહેરાતમાં આવ્યા નથી. અત્યારે બ્રહ્મભાટ (રાવ) જ્ઞાતિમાં ભાન્ડુવાળા કવિ શિવલાલજી તથા આ જયસિંહજી બંને સુયોગ્ય કવિ છે.

બગલાની અન્યોક્તિ—કવિત.

બેઠો આય સરિતાકે તીર અવલોકયો તન,
ઉજ્વલ બરન તાસોં હંસ અનુમાન્યો મેં;
ઉર્ધ્વ ટંગ એક નિમ્ન ધરપેં ટકાયો એક;
મૌન "જયસિંહ" દેખ તપસી પ્રમાન્યો મેં;
સનૈ સનૈ સહજ સલીલમેં પસારી ચોંચ;
પ્યાસ લગી પીવત સલીલ અસ જાન્યો મેં;
પલકમેં પકરી પચાઇ ગયો મચ્છી જબ,
તોકો તબ એ હો ઠગ બગલા પિછાન્યો મેં.

ભાવાર્થ:—નદીને કિનારે આવીને બેઠો એટલે શરીર જોઇ ઉજ્વળ વર્ણ ઉપરથી મેં હંસ અનુમાન્યો. જયસિંહ કવિ કહે છે કે, પછી એર પગ ઉંચો કરેલો તથા એક પગ જમીન ઉપર ટકાવેલો અને મૌન વૃત્ત જોઇ મેં તપસ્વી પ્રમાણ્યો. પછી આસ્તે આસ્તે પાણીમાં ચાંચ પહોળી કરી એટલે મેં એમ જાણ્યું કે, તૃષ્યા લાગી છે, તેથી પાણી પીએ છે, પરંતુ હે ઠગ બગલા! જ્યારે તું માછલું પકડીને પલકવારમાં પચાવી ગયો ત્યારે મેં તને (બગલા તરીકે) ઓળખ્યો.

સ્વાનની અન્યોક્તિ—કવિત.

સાંકર સુવર્ણ ગલપટ્ટા હૈ ગલેફદાર,
ચાકર સમીપ રાજમંદિરમેં વસવો;
દુગ્ધપાન ઉમદા અસન યોં બસન અંગ,
છત્રપતિ સંગ સેલગાહમેં સરસવો;

બેઠે રાજ આસનપેં આય દરિખાના બીચ,
તદપી તનાકહૂ કહે ન કોઉ ખસવો;
કહે "જયસિંહ" પેં ન સ્વાનકો સ્વભાવ ગયો,
ભલે બુરે સબકોં સદાય કરે ભસવો.

ભાવાર્થ—ગળામાં ગલેફવાળો પટ્ટો–અને સુવર્ણની સાંકળ છે, પાસે નોકર છે, રાજ્યમંદિરમાં રહેવાનું છે, દૂધ પીવા સાથે ઉમેદા ખોરાક તેમજ અંગે વસ્ત્રો પહેરવા મળે છે, અને રાજા સાથે હરવા ફરવા જવાની મોજ મજાહમાં શોભવું, વળી રાજદરબારમાં રાજ્યાસન પર બેસે તો પણ કોઇ જરાયે તેને ખસવું કહે નહિ. જયસિંહ કવિ કહે છે કે, (ઉપર પ્રમાણે સોબત તથા ઉત્તમ સુખ સાધનો મળ્યાં) છતાં પણ કુતરાનો સ્વભાવ (ભસ્યા કરવું તે) ગયો નહિ, સારા અને બૂરા તમામને હંમેશાં ભસ્યા કરે છે.

સ્ત્રીવચન દોહા–પંચે નહિ પ્રમાણિયો, ચતુરે કિયો ન ચંત;
જમેં કઠે શું જાણિયો, કામણય આખે કંત.

ભાવાર્થ:—પોતાના લોભી પતિનું મૃત્યુ થતાં તેની સ્ત્રી રૂદન કરતી કહે છે કે, હે સ્વામિનાથ! તમારી પાંચ માણસમાં કયાંય પણ નામના હતી નહિ, તેમજ ચતુરો (કવિ–પંડિતો)એ પણ તમને ચિત્તમાં ધર્યા ન હતા. છતાં યમના દૂતોને આપની ખબર કયાંથી પડી? કે તે આપના જીવને લઇ ગયા.

પતિવચન દોહા–પંચે નહિ પ્રમાણિયો, ચતુરે કરી ન ચાય;
બોજાશું કાયર બણી, વસુધા દિયો બતાય.

ભાવાર્થ:—અંતરિક્ષમાંથી લોભી પતિએ જવાબ દીધો કે, હે સ્ત્રી! મારી પંચમાં નામના ન હતી, તેમજ કવિ પંડિતોએ મારી ચાહના કરી નહોતી, તે તારૂં કહેવું સત્ય છે. પરંતુ મારા બોજાથી કાયર થઇને આ પૃથ્વીએ યમદૂતો પાસે મને જાહેર કર્યો, તેથી યમનાદૂતો આવી મને ઉપાડી ગયા.

રાજા *બીરબલ-કવિત.

આવત હુતોમેં શિવશૈલતેં ગિરીશ જાચે,
મિલ્યો હુતો મોહિ જહાં સાગર સુગલકો;
કવિનકી રસનાકી પાલખીપેં ચઢો જાત,
સંગ સોહે રાવરો પ્રતાપ તેજ બલકો;
ગંગ કહે પુછ્યો હમ કોન તુમ જૈહો કિત,
કહ્યો ઉન મોસોં હસિકે સનેસો થલકો;
જસ મેરો નામ મેરે દસો દિસિ કામતાતેં,
કહિયો પ્રનામ મેં ગુલામ બિરબલકો. ૧

[ગંગ કવિ બદ્રીનારાયણ, કેદારનાથ. માનસરોવર, કૈલાસ આદિ તીર્થાટન કરી દિલ્લી આવ્યા ત્યારે રાજા બિરબલ ગંગ કવિને ઘેર મળવા ગયા, તે વખતે ગંગ કવિએ આ કવિત કહેલું હતું.]

---

* "રાજા બિરબલ" ચતુર વકતા, કદરદાન, કવિ, પરોપકારી, યુધ્ધવીર અને મહા દાતાર પુરૂષ હતા. અકબર બાદશાહના પરમ કૃપાપાત્ર, વિશ્વાસુ તેમજ ઉચ્ચ શ્રેણીના જે જે સરદારો હતા, તેમાં "નવાબ ખાનખાના અબ્દલરહીમ" અને રાજા બીરબલ તે બંનેની અત્યુત્તમ ગણના હતી, તેમજ ઉદારતા અને સખાવતમાં તો આ બંને મહાપુરૂષ સર્વશ્રેષ્ટ હતા. ખુદ અકબર બાદશાહમાં પણ ખાનખાના તથા બીરબલ જેવી ઉદારતા શકિત નહોતી. ધન્ય છે અકબરશાહની ઉદારવૃત્તિને તથા કદરને કે, પોતાના સેવક ખાનખાના તથા બિરબલની અવર્ણનીય સખાવતના સમાચાર જાણી તેઓ ઉપર કોઇ પ્રકારની શંકા કે દ્વેષ દ્રષ્ટિ કરી નહિ. પરંતુ તે બંનેને હિંમત આપીને કહ્યું કે, "યે બાદશાહી ઔર સબ સંપતિ તુમ્હારી હૈ ઔર તુમ બાદશાહકે હો ખૂબ આનંદ કીજીયેં, દાન દિજીએ, ઔર યશ લિજીયેં."

ભાવાર્થ:—હે રાજા બિરબલ! શંકર પ્રભુને રીઝાવીને કલાસથી હું આવતો હતો ત્યાં મને (રસ્તામાં) સુગલ (આનંદ વાત) નો સાગર મળ્યો, અને તે કવિની જીભ રૂપી પાલખી માથે ચઢીને જાતો હતો, તેના સંગે આપના તેજ, પ્રતાપ, બળની શોભા હતી. ગંગ કવિ કહે છે કે, મેં તેને પુછ્યું કે, તમે કોણ છો? ક્યાં જાઓ છો? ત્યારે તેણે મને સ્નેહપુર્વક હસીને કહ્યું અથવા સંદેશો કહ્યો કે, મારૂં નામ સુયશ છે, અને મારે દશે દિશામાં (ફર્યા કરવું તે) કામ છે, માટે રાજા બિરબલને મારા પ્રણામ કહેજ્યો. હું તેઓનો ગુલામ છું.

નવાબ શેરમહમદખાનજી–પાલણપુર

ગુણકથન–કવિત.

[1]પૂર્વજસૌ પમેંથો પુનિત થો પુનિથો પ્રજ્ઞ,
પુન્યકો થો પુંજજ પરમારથકો પ્રાન થો;
પ્રીતમ થો પાલનપુરીકો કીર્તિ પ્રેમદાકો,
પિતુ થો પ્રજાકો પરાક્રમકો પ્રમાન થો;
પાલક થો પામર પશુકો પાત્ર પંડિતકો,
પ્રગટ પુરાને પ્રથીનાથકી પીછાન થો;
ઇબાદતવાન મઝહબકો મકાન ઐસો,
ખાનદાન વીર શેરમહંમદખાન થો.

(કર્તા–કવિ શંકરદાન–લીંબડી)

---

૧ પૂર્વજસૌ–બાપદાદા જેવો.

*ધોબા દરબાર વીસામણ ખુમાણ
ઘોડાનું ગીત.

થંભ દિયોળ જસા પગ માંડે થોડા, છાતી બાબ ઢાલથી સોડા;
ખટ ત્રીશાંથી થિયલ નખોડા, એવા-ધોબા ધણી સમાપે ઘોડા.૧

---

*ધોબા, ભમોદરા, શેલણા અને મેકડા તે ચાર જાગીરો (ભાવનગર તાબે) ખુમાણ કાઠી દરબારોની છે. હું આજથી લગભગ પચીશ ત્રીશ વરસ પહેલાં તે ગામોમાં ગયેલો, ત્યારે ત્યાંના જાગીરદાર કાઠી દરબારોને મેં જોયેલા તો તેમની ઉદારતા, ભલાઇ, તથા યાચક અતિથિ સત્કારની પધ્ધતિ આદિ તેમના સદાચાર હજી પણ મને યાદ આવે છે. તેઓ પચીશ પચીશ હજારની ઉપજવાળા નાના જાગીરદારો હોવા છતાં તેમનાં રસોડાં અને દૈનગી ખર્ચ પાલીતાણા ઠાકોર સુરસિંહજી, જસદણ દરબાર આલા ખાચર અને પાટડી દરબાર સુરજમલજી જેવાં હતાં

સં. ૧૯૫૬ જેવા ભયંકર દુષ્કાળમાં જે કોઇ યાચક અતિથિ આવે તેને મિષ્ટ ભોજન આપવું, એવી તે જાગીરદારોએ ટેક રાખી હતી, અને તેઓની તે ટેક પ્રભુએ સારધાર નિભાવી હતી. “**કાળ ગયો ને કેણી રહી**” તે દેવાંશી દરબારો ભીમ ખુમાણ, પીઠો ખુમાણ, ભોજ ખુમાણ, કાંથડ ખુમાણ અને ડોસલ ખુમાણ આદિ સરદારો દેવલોક પામી ગયા છે. પણ તેઓનું સુયશ શરીર હજી અવિચળ છે, અત્યારે પણ તે ભૂમિમાં ભમોદરા દરબાર “જીવા ખુમાણ,” તથા મેકડા દરબાર “દેવાયત ખુમાણ” મળવા યોગ્ય સરદારો છે. પ્રભુ તેઓને સુખી રાખો.

(લી. શંકરદાન કવિ.)

સાંકળ વાંભ મોકલી છોટી, કાળી આંખ્યો મૂલે કોટી;
માણેકલટ મોઢાથી મોટી, અને-કલમ સારખી હોય કનોટી.૨
થોક સાસરૂં રૂપા થાળી, પૂરો પખે થિયલ પાંચાળી;
મોર જસી ગરદન મરમાળી, કેશવાળી ઢીંસણ લગ કાળી.૩
પીઠ જસી ગજરાજ પ્રબંધા, શોભે શેલી પૂંછ સબંધા;
બ્રજાણિયાસા ડિલરા બંધા, એવા-કાઠી આલે કૂકડ કંધા.૪
વેંત કટી જુઠ નઇ વાલે, ત્રીંગ બાજોઠિયા સરખા તાલે;
નીર પાવા બેટાકોં નાલે, એવા-આલણ હરો મોજમાં આલે.૫
ભલપણ ઘણું માપરો ભરિયો, ફરે થાળવામાં ફેરવિયો,
કવિનેં દાન ખુમાણે કરિયો, ચિત્રાસણ જેવો કેસરીયો. ૬
ચાલે વેગ પવનથી છાયો, નાચે નટવા જેમ નચાયો;
છેડયો કૂદે કોટ સવાયો, જાંગમ દીયે રૂંખડરો જાયો. ૭
આભે સરખો થિયલ નબાદો, શોભે વાન પુનમનો સાંદો;
જોતા દિલી તણો શેજાદો, દાન સમાપે વીહળ દાદો. ૮

પેટની પવિત્રતા પુત્રથી કળાય તે વિષે

કવિત.

દેખ્યેમેં ન આવે સોઇ કુદ્રત દિખાઇ દેત,
અદ્રશ્ય મતિકી જ્યું પ્રતીતિ કરતૂતમેં.
કહે વજમાલ તૈસે દેખે બિનુ જાની જાય,
દાની મહિપાલકી પ્રસિદ્ધિ નિજ દૂતમેં.
આકર્ષન કરે ચિત્ત બચન ફિરે ન જાકો,
ઇશકી કૃપાકી પરસાદી અબધૂતમેં.
દેવકુલ દીપ હરિચંદ દેખ સિદ્ધ ભઇ,
પેટકી પવિત્રતા પ્રસિદ્ધ હોત પૂતમેં.

ભાવાર્થ—જે જોવામાં ન આવે તે કુદરત બતાવી આપે છે, જેમ અદ્રશ્ય મતિની પ્રતિતિ કર્તવ્યમાં થાય છે. વજમાલ કવિ કહે છે કે, જોયા વિનાં પણ જેમ દાની મહિપાળની પ્રસિધ્ધી તેના દૂત (સેવક) થી જાણી જાય છે. જેને જોવાથી ચિત્ત આકર્ષણ કરે અને જેનું વચન ફરે નહિ, એવા અબધૂતમાં ઇશ્વરી કૃપાની પ્રસાદી જેમ જણાય છે. તે પ્રમાણે દેવકુળ (દેવાજી ગોહિલના કુળ) દિપક શ્રી હરિસિંહજી (કર્નલ જોરાવરસિંહજીના પિતા) ને જોતાં પેટની પવિત્રતા પુત્રમાં પ્રસિધ્ધ થાય છે.

પ્રસિદ્ધ કર્ત્તા—
શંકરદાન જેઠીભાઈ દેથા ચારણ
કવિ–રાજસ્થાન લીંબડી.

સમાપ્ત

जे. जे.
सूरत, गुजरात